'साहित्यसंगीतकलाविहीनः
साक्षात्पशुः पुच्छविषाणहीनः'

કવિ નર્મદાશંકરની

સાહિત્ય સેવા.



'श्रीमान् ज्योर्जमहाधिपो विजयतां
राज्ञी समं ताच्चिरम्'

લેખક અને પ્રકાશક

છોટાલાલ કહાનદાસ પટેલ.

હેડમાસ્તર મ્યુ. સ્કૂલ નં. ૨

નાનપુરા સુરત.

(સંવ. ૧૯૬૬ સ્થાપીન.)

साहित्यसंगीतकलाविहीनः
साक्षात्पशुःपुच्छविषाणहीनः

કવિ નર્મદાશંકરની

સાહિત્ય સેવા.

લેખક અને પ્રકાશક

છોટાલાલ કહાનદાસ પટેલ.
હેડમાસ્તર મ્યુ. સ્કૂલ નં. ૨
નાનપુરા–સુરત.

૧ થી ૩૨ પાના સુરત ચાટાના પુલપર આવેલા 'જૈન વિજય' પ્રીન્ટીગ પ્રેસમાં ઠાકોરદાસ માનસીંગે છાપ્યાં. ત્યાર પછીના બીજાં સુરત, ભાગાતળાવ રોડ ઉપર આવેલા 'શંકર' પ્રીન્ટીગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપ્યા

સને ૧૯૧૫

કિંમત રૂ. ૦–૪–૦

નર્મદ આખરે જૂદાઈજ, ક્યાં તે અને તું અરે,
હાય કેમ કરી રહેવાય દહાડા કેમ જાયરે.

\+ \+ \+ \+

નર્મદ આખરે જૂદાઈજ, મળો સુખ યા નહીં:
તારે કરવો શો ત્હારે શોક, જાય એક દી સહી.
નર્મદ આખરે જૂદાઈજ, તેથે શોક થાયરે,
એવો દેહીનો ધરમજ હોય, માટે ધૈર્ય જાયરે.
પણ જ્ઞાની સમાવે તેહ, શ્રમે અંત તેટલો.
દુખમાં પણ માણતો સુખ, આશા ફળો ના ફળો.
નર્મદ આખરે જૂદાઈજ, માટે રાખ્યા ટેકને,
ધન ભાગ્યેગ પામે તું માત દુવા દે તેહને.





નર્મદ આખરે જુદાઈજ !

નિવેદન.

માતૃભાષા દ્વારાજ ઉચ્ચ શિક્ષણનો સંસ્કાર પામવાથી યથામતિ સ્વતંત્ર વિચાર કરવાને શક્તિમાન એવા ગુજરાતી શાળાના શિક્ષકોને ગુજરાતી સાહિત્યના પ્રદેશમા ગમન કરતા જોવાની સદભિલાષા ધરાવનાર કેટલાક ગુજરાતી સાક્ષરોમાં બે વ્યક્તિ મોખરે એમે છે.— રા. બ. **પ્રો. રમણભાઇએ** પ્રસંગવશાત શિક્ષકોને ઉત્તેજક વચનો લખી જણાવ્યું છે કે 'મહેતાજી સરખો શિક્ષિત વર્ગ સાહિત્યના પ્રદેશમાંથી સમૂળગો ખસી જાય એ શોચનીય છે.' જ્યારે રા. બ. **કમળાશંકરે** એ ઇચ્છાને મૂર્તસ્વરૂપ આપ્યું છે. સુરતમાં મળેલી ગુજરાતી પાંચમી સાહિત્ય પરિષદે ઇનામી નિબંધની યોજના ઘડી ગુજરાતી શિક્ષક વર્ગને પરિષદની પ્રવૃત્તિમાં ભાગ લેવાને નિમન્ત્રણ કીધું, તેનું મૂળ માન કમળાશંકરભાઇનેજ ઘટે છે, એ સુવિદિત છે.

ગુજરાતી સાહિત્યમાં ચિરસ્મરણીય કવિ નર્મદે સને ૧૮૫૩ના માર્ચથી એકાદ વર્ષ સુરતની નાનપુરાની ગુજરાતી શાળામાં મુખ્ય શિક્ષકની પદવી ભોગવી હતી તે શાળામાં જ્યારથી હું મુખ્ય શિક્ષક તરીકે નિમાયો ત્યારથીજ એમની સાહિત્ય સેવા વિષે એક લેખ લખવાની મને સ્વતઃ પ્રેરણા તો થઇજ હતી, પરંતુ તેનો અમલ લાંબી મુદ્દત ન થવાથી ઉપર પ્રમાણે આવી મળેલી જોગવાઇએ તે સ્વાભાવિક થયો.

કહેવાની જરૂર નથી કે સાહિત્ય પરિષદની ઇનામ કમિટિએ મારો આ નિબંધ પહેલે નંબરે પાસ કરવાથી મને રૂ. ૫૦) નું ઇનામ

મળ્યું છે. છપાવતાં પહેલાં આ નિબંધ, પોતાની બાલ્યાવસ્થાથી કવિના દેહાંત સુધી કવિના સંસર્ગમાં નિવાસ કરી રહેલા રા. રા. **રાજારામ રામશંકર શાસ્ત્રી** ઉપર મોકલી એમાં જે કોઈ તથ્યવિરોધી બાબતો હોય તો તે પર પ્રકાશ પાડવા મેં વિનતિ કરી હતી. તેમણે કૃપા કરી પોતાના અનુભવથી એ બાબતમાં એક ટુંકો અનુપૂરક લેખ મારા પર મોકલ્યો, તે શબ્દશઃ મેં પરિશિષ્ટમાં આપ્યો છે. શાસ્ત્રીજીનો તે માટે ઉપકાર માનું છું.

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी એ સૂત્ર જેની રગેરગમાં વ્યાપેલું હોઈ પોતાની જન્મભૂમિ સુરતને સંબોધીને 'મને ઘણું અભિમાન, ભાંય તારી મેં ચૂમી' એમ લખનાર સુરતના કવિ નર્મદને માટે સુરતીઓ એકલાજ નહિ પણ સારી ગુજરાતી **આલમ** અને બીજી રીતે કવિનાજ અન્ય પ્રસંગમાં આલેખાયલા શબ્દો કવિનેજ લાગુ પાડીને કહું તો 'ખરે એ મ્હારાંનો, મગરૂબ રહે દેશ નવ કાં !'—આવા કવિની સાહિત્ય સેવા ગુજરાતી સાહિત્યની ઉન્નતિમાં કંઈ પણ પોતાનો હિસ્સો આપનાર અને હિસ્સો આપી શકે એવા ઉગતા સાહિત્યવિલાસી જનોને જાણવાની જરૂર હોય એ તો સ્વાભાવિક છે, એટલુંજ નહિ પણ ગુજરાતી સમજનાર અન્ય વર્ગને પણ માર્ગદર્શક થઈ પડશે, એમ ધારી આ નિબંધ મેં જાહેરમાં મૂક્યો છે.

લિ. સેવક,

છોટાલાલ કહાનદાસ પટેલ.

જય જય ગરવી ગુજરાત !

જય જય ગરવી ગુજરાત,
દીપે અરુણું પરભાત.
ધ્વજ પ્રકાશશે ઝળળળળ કસુમ્બી, પ્રેમશૌર્ય અઙ્કીત,
તું ભણવ ભણવ નિજ સન્તતિ સઉને, પ્રેમભક્તિની રીત—
ઊંચી તુજ સુન્દર જાત,
જય જય ગરવી ગુજરાત.—૧
ઉત્તરમાં અમ્બા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરન્ત રક્ષા, કુન્તેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ, પશ્ચિમ કેરા દેવ—
છે સહાયમાં સાક્ષાત,
જય જય ગરવી ગુજરાત.—૨
નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધરમણને, રત્નાગર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો, દે આશિસ જયકર—
સમ્પે સોયે સઉ જાત,
જય જય ગરવી ગુજરાત—૩
તે અણહિલવાડના રઙ્ગ,
તે સિદ્ધરાજ જયસિઙ્ગ,
તે રઙ્ગથકી પણ અધિક સરસ રઙ્ગ, થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાન્હ શોભશે, વીતી ગઈ છે રાત—
જન ઘૂમે નર્મદા સાથ.
જય જય ગરવી ગુજરાત—૪

પદ.

આહા કેવાં યશગીત ગવાએ,
જોદ્ધો રણે લડતો પડી જાએ.—ટેક
લાંબો ચતોપાટ એ પડયો શોભે,
વ્હે છાતી ઘાએ કપાળ તો જોભે. આહા૦ ૧

શોક ઘણો થાય એ પડવાથી,
સહુને ઉત્તેજન મળતું એનાથી. આહા૦ ૨

+ + + +

ભણી ગણી નર્મદ શૂરવીર થાજે,
જસ પીઇ સંતતીને પછી પાજે. આહા૦ ૩

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૮	૬	બાલાયલા	બોલાયલા
૧૯	૭	અથ	અર્થ
૨૧	૨	આવ્યા	આવ્યો
૨૧	૧૬	ઉચ્છેદન	ઉચ્છેદક
૩૦	૨૩	સય	સત્ય
૩૭	૨૨	પોતના	પોતાના
૪૫	૨૦	રખતાં	રાખતાં
૫૧	૧૮,૧૯	પણ પણ	પણ
૫૩	૧૦	સવ	સર્વ
૬૯	૮	છે''	'છે'
૭૬	૧૯	જાણુ	જાણું

કવિ નર્મદાશંકરની સાહિત્ય સેવા.

હરિ કૃપાથિ મમ લેખચિત્રથી, જીવતો છઊં હૂં દમથી.'

'નવ કરશો કોઈ શોક'—એ ટેકવાળા પદની ઉપરની કડીમાં કવિ નર્મદ પોતેજ પોતાના લેખથી અમર રહેવાનો દાવો કરે છે, અને કહે છે કે 'મારાં મરણ પછી મારી રાખ ઉપર દેવડી બધાય તો તે ઉપર 'આહા કેવાં યશગીત ગવાએ,'—એ અથવા ઉપરની ટેકનું પદ કોતરાવવું.' આવી મહાન અભિલાષાવાળા કવિની સાહિત્ય-સેવા વિષે ગુજરાતની પાંચમી સાહિત્ય પરિષદ્‌ની જાહેરખબર અન્વય પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે મને બે બોલ લખવા પ્રાપ્ત થાય છે, એ ધન્ય ભાગ્યની વાત છે.

નર્મદાશંકરની સઘળી જીવનપ્રવૃત્તિનું વહન મુખ્યત્વે કરીને ... ચલાવવાની ખટપટ અને નાણાંની હંમેશ તંગીવાળી સ્થિતિ છતાં ...ત્યની સેવા અને સંસાર, ધર્મ, વિદ્યા, તથા દેશીજાતિ તરફજ ... એમની નાની મોટી પ્રવૃત્તિ તરફ દરેક નિષ્પક્ષપાત જોનારને ...નામાં દૂધ દહીં બંનેમાં પગ ન રાખતાં સ્પષ્ટ વક્તૃત્વ, ખરી ...દાઝ, ઉંચું દેશાભિમાન, વિદ્યાનો આનંદ, સ્પૃહા રહિત વૃત્તિ,

વિચાર વાણી અને આચારનું ઐક્ય, કર્તવ્ય પરાયણતા, વગેરે ઉંચી કોટિના ગુણોનું દર્શન થયા વિના રહેશે નહિ.

નર્મ કવિતાના મોટા પુસ્તકમાં 'નર્મદ આખરે જુદાઇજિ'—એ ભાવ દર્શાવતી કવિએ પોતાની છબિ આપી છે. એ છબિ આપી ત્યારે તો તેની નિરર્થકતા વિષે સમકાલીન કવિ દલપતરામે દલપત કાવ્યમા નીચેનો દોહરો મૂકી કટાક્ષ કીધી હતી.

"શુ જોશો તનની છબી, એમા નથી નવાઇ;
નીરખો મુજ મનની છબી, ભલા પરીક્ષક ભાઈ."

પરંતુ અત્યારે એ છબિ મનની સાથે તનની છબિ જોવાની અપેક્ષા રાખનારને આદરણીય થઇ પડે છે. સને ૧૯૧૩ના દીપાવલિના 'ગુજરાતી'ના ખાસ અંકમાં તે પત્રના આદ્યતંત્રી ઈચ્છારામભાઇએ મહા મહેનતે મેળવેલા કવિના ત્રણ પ્રકારના ફોટા આપેલા છે. જેમાંના એકમા કવિ પોતાના મિત્ર કિસનદાસ બાવા સાથે ઉઘાડે માથે ઘરગથ્થુ પોષાકમાં નજરે પડે છે. આવો પ્રયાસ જો એ તંત્રીએ ન કર્યો હોત, તો આપણને ફક્ત નર્મ કવિતાની છબિથી સંતોષ માનવો પડત. ખરી વાત છે કે, કોઈ પણ મનુષ્યની છબિ તેના મુખનાં એકજ સમયની કાન્તિ અને ભાવ દર્શાવી શકે. માટે નર્મદ કવિને જેમણે પ્રત્યક્ષ જોયા હશે અને વિશેષે કરીને એમની સાથે જેમને ઘાડો પરિચય હશે, તેમના મનથી ઉક્ત છબિઓ આંતરબાહ્ય પૂર્ણ આકારમાં કવિને પ્રત્યક્ષ કરતી લાગશે નહિ; તોપણ જેમણે કવિને જોયા ન હશે, તેમને તો એ છબિઓ મોઘા મૂલ્યની થઈ પડે

છે. એ જુદી જુદી છબિઓ જોવાથી કવિએ કિશોરાવસ્થામાં દંડ ને મુગદળથી કેળવેલા મધ્યમ, ભરાઉ, અને કસાએલા, તેમના શરીરમાં ઉછળતા લોહીનું ચાંચલ્ય જણાઇ આવ્યા વિના રહેતું નથી; એટલુંજ નહિ પણ વીરત્વ, સત્ય, ટેકી રસિકતા, અને ટેકીપણું, વગેરે માનસિક ગુણોનો પણ વિકાસ એમનામાં હતો, તેનો 'મુખ એ મનોભાવનું દર્પણ છે.'—એ ન્યાયે આપણને ખ્યાલ આવી શકે છે. પોષાકમાં અને દેખાવમાં તો સાદાઇ અને દેશીપણું સંપૂર્ણ જણાય છે. પછી લખાણમાં, વિચારશૈલીમાં, નાનાં મોટાં આચરણોમાં, બાયરન વગેરે કવિઓની નકલ કરવા જતાં કૃત્રિમતાનો દોષ એમનામાં આવતો હતો, એવી જે ટીકા થાય છે તે જુદી વાત છે. દુનીઆની દરેક વ્યક્તિ પોતે નક્કી કરેલા ઉત્તમ્ આદર્શનું અનુકરણ કરે છે, એવો જનસ્વભાવ લક્ષમાં લઇએ તો કૃત્રિમતાને લીધે નકલનો દોષ એમનામાં હતો, એ આરોપ કમી થઈ જવો જોઇએ; કેમકે સ્વાભાવિકપણું તો કવિમાં છબિ જોતાં બાહ્ય દેખાવમાં જેમ આપણને સ્પષ્ટ માલુમ પડે છે, તેમ મનોભાવની ઝાખી પણ સ્વાભાવિકતાજ સૂચવી રહી છે. કૃત્રિમતા અને નકલના દોષ આવો કે ન આવો, પણ કવિએ પોતાનું એક ઉંચી પ્રતિનું વિશેષ વ્યક્તિત્વ તો ડગલે ડગલે બહાર પાડયું છેજ.

નર્મગદ્ય—કવિ નર્મદની સાહિત્ય સેવા તરફ દૃષ્ટિ નાંખતાં તેઓ એક ઉત્તમ્ ગદ્યકાર તરીકે આપણું ધ્યાન પ્રથમ આકર્ષે છે, કેમકે કવિએ પોતાના સમયનાં ગદ્ય લખાણોમાં પોતાના લખાણથી વધારે વાખણાણી મેળવી હતી. આપણા જૂના કવિઓ તો સઘળું પદ્યમાંજ લખતા હતા. દયારામ અને શામળનું પણ ગદ્ય લખાણ નથી, અને પ્રેમાનંદ જેવા કવીશ્વરનું પણ, તકરારી નાટકો સિવાયનું, ગદ્ય લખાણ

નથી. વળી નાટકનું ગદ્ય લખનારને પાત્રભેદ ધ્યાનમાં લઇને લખવું પડે છે, જેથી તેમાં ખરા ગદ્યની ખૂબી હોય નહિ; માટે ખરૂં ગદ્ય તો ઓગણીસમી સદીના મધ્ય ભાગથી લખાવા માંડયું હતું, એમ કહીએ તો ચાલે. સને ૧૮૨૧ થી માંડીને નર્મદ કવિ સુધીના સમયમાં અનેક ગદ્ય લેખો જુદા જુદા વિદ્વાનો તરફથી બહાર પડયા હતા. તેમાં બાળમિત્ર ભાગ ૧ લાનું લખાણ, કોલમ્બસના વૃત્તાંતનું લખાણ, કવિ દલપતરામનું લખાણ, રા. સા. મહીપતરામનું લખાણ, અને કવિ નર્મદનું લખાણ, એ સ્પષ્ટ રીતે જુદી જુદી ઢબના નમુનારૂપ છે. એ બધામાં કવિના લખાણની ભાષા વિષે સાક્ષર શ્રી નવલરામભાઈ કહે છે કે 'અત્યાર સુધી (નર્મદના વખત સુધી) જે આડંબરી સંસ્કૃત ગુજરાતી ચાલતી હતી તે કાઢી નાખી રૂઢ, રમતી, મર્માળી વાણી ગુજરાતી ગદ્યમાં દાખલ કરવાનું મહાન માન નર્મદાશંકરનેજ છે.' તેનું કારણ જોઇએ તો એટલુંજ છે કે પોતાની માતૃભાષાનો કવિએ હોંસથી અભ્યાસ કરેલો હતો—બીજાઓની પેઠે પોતાના અંગ્રેજી જ્ઞાનના ઝોકામાં તણાયા વગર ગુજરાતીના શિષ્ટ ગ્રંથકારની ભાષા અને શૈલી પર આસક્ત થઇને ખરા મનથી અભ્યાસ કર્યો હતો. એમ કર્યા વગર અંગ્રેજી શીખેલાને શરૂઆતમાં શુદ્ધ અને રૂઢ ગુજરાતી લખવું અઘરૂં થઈ પડે, એ સ્વાભાવિક છે. વળી સંસ્કૃત શીખેલા ગુજરાતીમાં અપરિચિત અથવા નવા યોજેલા સંસ્કૃત શબ્દો વાપરી વાક્યરચના અંગ્રેજી ઢબને અનુસરતી કરતા હતા, અને પોતાની આવી નવીન શૈલીને માટે મગરૂર રહી રૂઢ અને સબળ ગુજરાતી હસ્તગત કરી શકતા નહિ. અલબત, આવી ટીકા તે વખતના ગણ્યાગાંઠયા પણ બધાજ પ્રસિદ્ધ લેખકોને માટે હોઈ શકે નહિ,

પણ નવા લેખકોને માટે છે. જો કે રા. **મનસુખરામ સૂર્યરામ** જેવા પ્રસિદ્ધ લેખકે પારસી ગુજરાતીમાં નવા ફારસી શબ્દોની વપરાશની સામે, તે વખતે સંસ્કૃત શબ્દો વાપરવાની આગેવાની લેવાના સબબથી ગુજરાતીને સસ્કૃતમય બનાવી દેવાનો દોષ વહોરી લીધો હતો. તે એટલે સુધી ક ભાષામાં સંસ્કૃત શબ્દોજ બહોળા વાપર્યા એટલુંજ નહિ પણ સંસ્કૃતમા શબ્દ જે લિંગમાં હોય, તેજ લિંગ ગુજરાતીમા કાયમ રાખવા ઉપરાંત વિશેષણને પણ વિશેષ્યની જાતિ વિભક્તિ વચન સસ્કૃત રચનાની પેઠે રાખવાની, ગુજરાતીમાં શૈલી રાખી; તેથી તે પદ્ધતિ બધે ઉપહાસને પાત્ર થઇ પડી. આગળ જતાં વળી તેમણે ગુજરાતીમા આવ્યો, આવ્યુંને ઠેકાણે આવો, આવું, એવી મનસ્વી જોડણીને દાખલ કરી છેક હસામણી શૈલીને પણ સ્થાન આપી દીધું હતું. શાસ્ત્રી **વ્રજલાલ** જેવા પોતાની શૈલીને માટેજ મસ્ત હતા. તેઓ બેધડક આત્મશ્રદ્ધાવાળાં વચનો પોતાને માટે 'ઉત્સર્ગમાળા' નામના પોતાના પુસ્તકની પ્રસ્તાવનામા લખી ગયા છે કે "મેં સંસ્કૃત પ્રાકૃત વ્યાકરણના ઘણા ગ્રંથો જાણ્યા છે અને ભણાવ્યા છે અને ગુર્જર આદિ ભરતખંડના ઘણા દેશોની ભાષાઓના ગ્રંથો જોયા છે માટે મારા લખેલા ઉપર કોઈ દોષારોપ કરે તો તેણે પ્રથમ પોતાની છાત તપાસીને કરવો." મતલબ કે પોતાનુંજ સઘળું ખરૂં, એવા ફાંકામાં શૈલીની ઘણી ખામી રહેતી અને સુધરતી નહિ, તે સુવિદિત છે. કેટલાક **નારાયણ હેમચંદ્ર**ની પેઠે **અશુદ્ધ** અને કિલષ્ટ ભાષામાંજ **લખતા** હતા. ફક્ત કવિ **દલપતરામ**ની **શૈલી** સાદી અને સરળ હતી અને તે જનપ્રિય થઇ પડી હતી. ત્યારે તેમની શૈલીમાંથી ગુજરાતી ભાષાની સ્વાભાવિક ધમક પણ નીકળી

જવાનો દોષ આવી ગયો હતો. એજ દોષ હોપ વાચનમાળામાં પણ આવી ગયો. આવી આવી બધી મુખ્ય ખામીઓથી રહિત કવિ નર્મદે, સરળ, રૂઢ અને પ્રૌઢ ગુજરાતી લખાણ લખવા માંડયુ, જેથી તે વખતે તે લખાણ નવા જૂના સર્વ વર્ગને, અવિદ્વાનથી માંડીને વિદ્વાન સુધીનાને મોહ પમાડી રહ્યું; એટલુજ નહિ પણ નર્મદાશંકરની પછી આપણા દેશમાં પચીસેક વર્ષથી સાહિત્યનો નવો યુગ શરૂ થયો છે, છતાં આજે પણ નર્મદના ગદ્યની છટા પ્રશંસનીય ગણાઈ તેના યશસ્તંભ જેવી મનાય છે.

કવિનું ગદ્ય લખાણ તે સમે બુદ્ધિવર્ધક ચોપાનીઆમાં આવતું હતું, તેમજ સને ૧૮૬૪ થી કવિએ 'ડાંડીઓ' નામનુ એક ચોપાનીઉ કાઢયું હતું, તેમાં પ્રાસંગિક બાબતો ઉપર કવિ એવું સચોટ હાસ્યરસમય લખાણ લખતા કે ઉકત બંને ચોપાનીઆના અંકોની વિદ્યારસિક તેમજ સામાન્ય સર્વ લોકો પાણીની પેઠે તે વખતે રાહ જોતા હતા. કવિએ પદ્યમા હાસ્યરસ નથી લખ્યો, છતાં આ 'ડાંડીઆ'નુ ગદ્ય જોતાં તે ખરેખર હાસ્યરસિકજ લાગે છે. પછી ભલે ઉશ્કેરાએલી મનોવૃત્તિથી એ કવિને વિષે 'હાસ્યરસનું શાસ્ત્ર સમજતા નથી.'—એવી અથવા 'હાસ્યરસની પરામર્શ શકિતનું ઊંડું બીજ જે પ્રમાણુની સમજશકિત છે તે શકિત નર્મદ જેવા જોસથીજ વર્તનારા કવિમાં ના હોય અને તેથી કવિમાં હાસ્યરસના જ્ઞાનની ખામી હતી.'—એવી ટીકાઓ થાય તે જુદી વાત છે, કારણકે આ જ્ઞાનની વૃદ્ધિના અને બુદ્ધિવાદના જમાનામાં ટીકાઓ ઉપર પણ ટીકાઓ થયે જાય છે; દાખલા તરીકે 'હાસ્ય અને હાસ્યરસ' ની સંક્ષિપ્ત ચર્ચા કરનાર એક પ્રસિદ્ધ લેખક થોડાજ વખત

પર એમ પણ લખે છે કે, 'હાસ્યરસની રચનાઓમાં અસંભવિતપણાની ખાસ જરૂર છે, એવું જે સદ્ગત સાક્ષર શ્રી નવલરામભાઇની ચર્ચાનું તાત્પર્ય છે તેની યથાર્થતા વિષે મને ભય રહે છે કે કદાચ મતભેદનો અવકાશ રહેશે.' તેમજ 'હાસ્ય તથા હાસ્યરસ એ બેની વચ્ચે આસમાન ને જમીન જેટલો અન્તર છે.'—એમ લખનાર પ્રમાણની સમજશક્તિ ધરાવનાર ટીકાકારનો પણ નિર્ણય કોઈ કોઈ બાબતમાં ભૂલ ભરેલો છે, એમ દાખલા દલીલથી આપણને બતાવે છે. ત્યારે 'ડાંડીઆ'માંના કવિના લખાણથી જેમના ઉપર વજ્રપાત પડયા, તેમની સાથે કવિને વેર બંધાયું અને તેનુ પરિણામ પાછળથી કવિને ભોગવવું પડયું. પરંતુ કવિની સાહિત્ય સેવામાં એક વાતની આપણને પ્રતીતિ થાય છે કે કવિમાં હાસ્યરસનુ બીજ નહતું, એમ તો નથીજ. જેમને ખાતરી કરવી હોય તેમણે નર્મદાશંકરે છપાવેલા નર્મગદ્ય પુસ્તક ૧ લામાં 'ડાંડીઆ'માંના ૫૦ સ્ફુટ વિષયો આપેલા છે, તે વાચ્યા ન હોય તો વાંચવા અને વાંચ્યા હોય તો ફરીથી મે જણાવેલો ઉદ્દેશ લક્ષમાં રાખીને વાચવા જોઇએ, એવી ભલામણ અત્રે અસ્થાને નથી.

કવિના ગદ્ય લેખોના એકત્રિત સંગ્રહનું પુસ્તક પ્રથમ સને ૧૮૬૫ માં 'નર્મગદ્ય' પુસ્તક ૧લું, એ નામથી બહાર પડયુ હતુ- એમાંના લેખો વિષે કવિ કહે છે કે 'એ લખાણ પ્રસંગના જોસ્સાઓની નિશાની છે, માટે એમાંના વિચારોને ચોમાસાનું ડોહોળાયલું પાણી સમજવું—અલબત થોડાં વરસ પછી (ફેરફાર સાથે ફરીથી છપાય તો) એ વિચારો શરદૃઋતુનાં પાણી જેવા થાય ખરા." સદર્હુ પુસ્તકમાં ૧૪ નિબંધો, ૨ સંવાદ, અને ૧૩ કવિ ચરિત્ર, સિવાય

તમામ લેખો, બુદ્ધિવર્ધક, ડાડીઓ, અને હેંડબીલ, ન્યુસપેપરોમાં આપેલા વિષયોનો સગ્રહ છે. તે બધા લેખો કવિ કહે છે તેવાજ પ્રસંગના જોસ્સાઓની નિશાની રૂપજ છે. નિબંધો જે છે તે હાલ જેમ રા. ચંદ્રશંકર પંડ્યા અને બીજાઓ અંગ્રેજી નિબંધોની ઢબ પર માસિકોમા બહાર પાડે છે તેવા નથી, અને એવી ઢબ પર લખવાનો તે કાળ પણ નહતો, જેથી સાસારિક સુધારા વિષેના છે. ઉપરાત હાલ જેમ આર્યસમાજીઓ ધર્મગુરૂઓની પોપલીલાને સખ્ત રીતે ભાપણો અને લેખોદારા ઝાટકી નાખે છે તેના મૂળ મંડાણ જેવા કેટલાક છે, કેટલાક મનમાં ઉંચી લાગણીઓ પ્રેરે એવા છે. એકંદરે સઘળા નિબંધોમાં કવિનું બહોળું વાચન, વિષયને પ્રતિપાદન કરવાની સ્પષ્ટ શૈલી, વિચારનુ સ્વાતંત્ર્ય, અને નિડરપણે જે કહેવુ હોય તે કહીજ નાખવું, એવા ગુણો બહાર પડતા જણાયા વિના રહેતાજ નથી.

૧૩ કવિઓના સંક્ષિપ્ત ચરિત્રો લખવામાં પણ નર્મદાશંકરે કંઇ થોડો શ્રમ નથી વેઠયો. એકજ દષ્ટાંત એ બાબતમાં બસ થશે. પ્રેમાનંદ જેવા કવીશ્વર વિષે માહિતી મેળવવાને કવિ જાતે વડોદરાના રસ્તાઓમા ફરી જાહેર પૂછવા નીકળ્યા હતા કે પ્રેમાનદભટ ચોવીસાના વંશમાં કોઇ છે? આવી રીતની ટેલ મારીને પણ પ્રેમાનંદના વંશના મનસુખરામભાઇને ખોળી કાઢી તેની પાસેથા મળી તેટલી હકીકત જાણી લીધી. અર્થાત્ કોઈ પણ નાનો યા મોટો લેખ લખવાને માટે પુરતી પ્રમાણભૂત હકીકત મેળવીને તેમજ વિષયની રૂપરેખા ચિતરવાને જેટલા સાહિત્યો જોઇએ, તે પરિશ્રમપૂર્વક એકઠા કરીને તેમજ તેને લગતા પુરતા વિચારોનો મનમાં જમાવ કરીનેજ કવિ કંઇપણ લખતા;

તેજ કારણથી એમના નાના મોટા લેખો ઉત્તમ કોટિના, રસિક, વિદ્વત્તાયુક્ત, અને પ્રમાણભૂત થયા છે.

નર્મગદ્ય પુસ્તક બીજામાં પહેલા પુસ્તકની પેઠે કેટલાક નિબંધો છે. ઉપરાત એ પુસ્તક મોટે ભાગે રાજ્યરંગથી ભરેલું છે. રાજ્યરંગ લખવાને માટે કવિ કહે છે કે મે ઇતિહાસાદિનાં નાના મોટાં ૨૦૦ પુસ્તકો વાચવા ઉપરાંત, તેથી પણ વધારે વિચારો કર્યા છે અને ત્યાર-પછીજ લખ્યુ છે. હવે વિચારો કે હાલમાં આટલો બધો શ્રમ સર-સ્વતીનો કયો ઉપાસક લેવાની દરકાર કરે છે? હંમેશાજ વિદ્યાનો આનદ કવિના જેવીજ સાસારિક સ્થિતિમાં કોણે લીધો છે? જો કે ગ. રા. **મનસુખરામ સૂર્યરામ** વિષે એમ પણ જણાએલું છે કે તેઓનો વાચન શોખ એટલો વિસ્તૃત હતો કે વૃદ્ધાવસ્થામાં જ્યારે આંખ વાંચવાને માટે અશક્ત થઈ પડી, ત્યારે દવા મૂકાવી આંખની કીકી વાંચવાને માટેજ તેમણે યોગ્ય બનાવી હતી; પરંતુ તેમની અને કવિની સાંસારિક સ્થિતિમાં બહુ ફેર હતો. તે જોતાં જે રાજ્યરગ લખવાને માટે કવિએ અથાગ વાચનની મહેનત, ઉચ્ચ આશય, અને અત્યત સ્પૃહા સેવ્યાં હતાં, તે રાજ્યરંગ બહુ ઉત્તમ લખાયજ અને થયું છે પણ તેમજ. વધારામાં આ ઉપરથી એટલું તો સ્પષ્ટ જણાય છે કે હાલમાં સાક્ષરો એક બીજાને 'જે વિષય ઉપર લખવાનું હોય તે સંબંધી સંપૂર્ણ તપાસ કરીને કે માહિતી મેળવીને લખો.'— એવી શિખામણ આપે છે, તે સૂત્રનો યથાર્થ અમલ કવિ નર્મદ કરતા હતા, એવું રાજ્યરંગના લેખથી ખાસ સિદ્ધ થાય છે. છતાં કવિનો પોતાના લેખો માટે શાસ્ત્રી વ્રજલાલ અને બીજા કોઈ કોઈ સાક્ષરોની પેઠે ચોકસાઇનો દાવો કરવાનો સ્વભાવ પણ ન હતો તેમજ તેવી

ચૂક માટે અન્યની કાનપટ્ટી પકડવામાં પણ બાહોશી બતાવી શકતા નહિ.

બીજા લેખોમાં રામાયણ, મહાભારત, અને ઇલિયડના સાર છે. હરકોઈ મોટા પુસ્તકમાંથી તેનું દોહન કરીને સચોટ સંક્ષિપ્ત સાર તારવી કાઢવો, એ ઘણું કઠિન કામ છે. તે કામ એમણે ઉક્ત ટુંકા લેખોમાં સારી રીતે કરી બતાવ્યું છે. એકંદરે નર્મગદ્યમાં સંસારસુધારક, નીતિવિષયક, ધર્મસંબંધી, સાક્ષરત્વના, ઐતિહાસિક, અને વિવિધ વિષયના લેખો લખાયા છે, તે બધા લેખોની સામાન્ય ઝોક ઉપરથી તેમાં કામે લાગેલી ઉત્તમ તોલન શક્તિ, સૂક્ષ્મ બુદ્ધિ શક્તિ, સત્યાસત્યનું સંશોધન કરવાની શક્તિ, ગાંભીર્ય, ચિત્તની એકાગ્રતા, કસાએલું મન, અને વિચારોનું સ્વાતંત્ર્ય, એટલા ગુણો કવિમાં સ્પષ્ટ પ્રકાશતા હતા, એમ અભ્યાસકને જણાયા વિના રહેતું નથી, અને તેનો ખુલાસો કવિના જીવન ઉપરથી આપણને મળે છે જ. કવિ કહે છે કે 'ઇંગ્રેજી ભાષાની ચોપડીઓ વાંચતાં મને જે હોંસ અને આનંદ થતાં તે બીજ ગણિતના સમીકરણો છોડવતાં અને ભૂમિતિના સિદ્ધાંતો કરતા પણ થતાં.' આ પ્રમાણે ગણિત અને ભૂમિતિના અભ્યાસપર કવિને કુદરતી પ્રેમ હતો, તેને પરિણામેજ કવિમાં ઉપરના ગુણો આવ્યા હતા.

હાલમાં નિશાળોમાં જે નર્મગદ્ય ચાલે છે તેમાં મૂળ નર્મગદ્યથી ઘણો ફેર માલમ પડે છે. એ પુસ્તક કેળવણી ખાતાના ડિરેક્ટર ચેટફીલ્ડ સાહેબે રા. સા. મહીપતરામભાઇ પાસે તૈયાર કરાવેલું છે. આગળ જણાવ્યા પ્રમાણે નર્મગદ્યના લેખો વિષે કવિ કહેતા હતા કે

'થોડાં વરસ પછી ફેરફાર સાથે એ લેખો ફરીથી છપાય તો એમાંના વિચારો શરદૃઋતુનાં પાણી જેવા થાય ખરા.' તે પ્રમાણે ફેરફાર અને સુધારો કરવાના કામમાં મહીપતરામભાઇએ કવિશ્રીનો અભિપ્રાય માગ્યો હતો પણ કોણ જાણે શા કારણથી કવિએ તે કામમાં મદદ ન કરી જો મદદ કરી હોત તો નિશાળોમાં ચલાવવા યોગ્ય સુધરેલું નર્મગદ્ય હાલ છે, તેના કરતાં જુદાજ રૂપમાં દેખા દેત; અને હાલ જેમ સાક્ષર વાચકને મૂળના લખાણનીજ અપેક્ષા રહે છે તેને બદલે કવિની મદદથી થએલા સુધરેલા નર્મગદ્યના લેખનીજ વધારે અપેક્ષા રહેત.

નર્મકોશ—ગદ્ય લખાણમાં ભગીરથ પ્રયત્નના ફળરૂપ 'નર્મ કોશ'નું પુસ્તક કવિનું રચેલું આંખ આગળ તરી આવે છે, માટે હવે તે વિષે બોલીએ. સાક્ષર શ્રી **ન**વલરામભાઇ કહે છે કે 'નર્મકોશ એ નર્મદાશંકરના લાંબા ધીર ઉદ્યોગ, ભાષા જ્ઞાન અને શાન્ત સૂક્ષ્મ બુદ્ધિનો મોટો કીર્તિસ્તમ્ભ છે.' વળી કહે છે કે 'ભૂમિતિના ખાસ જ્ઞાનથી કેળવેલી તોલન શક્તિ કોશાદિક ગભીર ગ્રંથોની રચનામાં તો ખાસ જરૂરની હતી, અને તે હોવાથીજ એ ગ્રંથો સારા બન્યા છે.' વાત ખરી છે કે ગણિત અને ભૂમિતિ જેવા વિષયોનું બારીક જ્ઞાન, આ સિવાય પણ મનુષ્યને હરકોઇ ધંધામાં ઉત્તમ કોટિનો ગણાવવા સમર્થ કરે છે. ઇંગ્લાંડનો પ્રસિદ્ધ મુખ્ય પ્રધાન ગ્લેડસ્ટન જે પ્રસિદ્ધિ પામ્યો, તેનું કારણ પણ તેના ગણિત, ભૂમિતિનો ઉંચો અભ્યાસ હતો, એમ ધારવામાં આવ્યું છે. આ કારણથી જે સાક્ષરરત્નના શોખવાળા વિદ્વાનોને ગણિત અને ભૂમિતિ-

શાસ્ત્રનો અનાદર હોય છે, તેમના કરતાં ઉક્ત વિષયોને આદર આપનાર સાક્ષરની હરકોઇ રચના વધારે પ્રશંસનીય થઈ શકે છે. જ્યાં સુધી કોઇ પણ ભાષાનાં કોશ અને વ્યાકરણ રચાયાં ન હોય ત્યા સુધી તે સંસ્કારી અને પ્રૌઢ ભાષા ગણી શકાતી નથી. ગુજરાતી ભાષાની સ્થિતિ કોશ સંસ્કાર રહિત શૂદ્રવત્ હતી, તેને સંસ્કારી બનાવવાનુ કવિ નર્મદનુ આ કૃત્ય કંઈ નાનુ સુનુ નથી. કવીશ્વર પ્રેમાનંદ કે જેમને ગુજરાતી ભાષાનું અભિમાન રગેરગમાં વ્યાપેલુ હતું, અને એ ભાષાને સમૃદ્ધ ન બનાવુ ત્યાં સુધી પાઘડી ન પહેરવાનુ પણ લીધેલું કહેવાય છે, તે પુરૂષે ગુજરાતીને સમૃદ્ધ બનાવી પણ ખરી, છતાં તેમના મનમાં પણ ગુજરાતીનો કોશ બનાવવાનો વિચાર સરખો ઉઠયો નહતો. તેનો સમય કોશને અનુકૂળ ન હશે એ જુદી વાત છે. નર્મદના વખત સુધીમાં ગુજરાતીની સખી બીજી ભાષાઓના કોશો રચાઈ ગયા હતા, જેથી તે ભાષાઓ ખેડાએલી ગણાઇ ચૂકી હતી, માટે એ સમય ગુજરાતીનો કોશ થવાની અગત્ય બતાવી રહ્યોજ હતો, તેવા સમયમાં છેક નાની વાત મોટું સ્વરૂપ બીજી બધી બાબતોમાં લઇ લે છે, તેમ કોશની રચનામાં પણ બન્યું. પ્રથમ તો પોતાની નર્મકવિતાના શબ્દો મુંબઇની ગુજરાતી અંગ્રેજી નિશાળોના વિદ્યાર્થીઓથી સમજાતા ન હતા, તેમને માટે એક નાનો કોશ કવિએ કરવા માંડયો, પણ તે સંગ્રહ બહુ મોટો થઇ ગએલો જોઈ કવિને સુઝયું કે નર્મકવિતામા વપરાયા સિવાયના બીજા શબ્દો વધારી એક મોટોજ કોશ રચું, કે તે જનસમૂહના ઉપયોગમાં આવી શકે. ગુજરાતીનો પ્રથમ કોશ રચવાનો વિચાર તો સુરતના માસ્તર દલપતરામ ભગુભાઇએ કીધો હતો, અને તે પ્રમાણે તેમણે કોશ રચ્યો પણ હતો, પણ તેમણે તે

કોશ વેચી નાખવાથી બીજા બે ગૃહસ્થોને નામે પંદર હજાર શબ્દોવાળો કોશ બહાર પડયો હતો, પણ તે કોશની ખામી એ હતી કે તેમાં ફક્ત વ્યાવહારિક શબ્દોજ હતા અને તે પણ સંપૂર્ણ નહિ, અને ગ્રંથોમાં વપરાએલા શબ્દો તો તેમાં હતાજ નહિ, માટે એ કોશથી વિદ્યાવિષયક ખોટ પુરાઈ ન હતી. તેના પછી કરસનદાસ મૂળજી અને સાપુરજી એદલજીના બે કોશ બહાર પડયા હતા. એ બંને કોશ શાળોપયોગી ગણાયા હતા પણ આ ત્રણે કોશ ગુજરાતી અંગ્રેજી હતા, તેમજ વળી ગુજરાતીનો ઘણો શબ્દભંડાર એ ત્રણેમાં સમાયો નહતો. ત્યારપછી સને ૧૭૧૮માં અરદેશર ફરામજી મૂસ તથા નાનાભાઇ રૂસ્તમજી રાણીનાની સાથે કવિ નર્મદે મળીને એક નાનો કોશ રચ્યો હતો, જે પાછળથી ઝવેરીલાલે કાઢેલા કોશમાં એકઠો મળી જઈ અંગ્રેજી ગુજરાતી કોશરૂપે બહાર પડયો હતો. આ પ્રમાણે બહાર પડતા કોશોની તે વખતે કેટલી બધી જરૂર હતી, તે વિષે કવિ લખે છે તે ઉપરથી ખાતરી થાય છે. તેઓ કહે છે કે 'અમે ત્રણ જણે રચેલા એ પુસ્તકના વેચાણથી મને ત્રીજે હિસ્સે પણ સારી પેઠે નફો થયો. મતલબ કે કવિતા વગેરેના બીજા પુસ્તકોથી કદના પ્રમાણમાં આટલો નફો થયો ન હતો.' અર્થાત્ કોશ જેવા મહાન ગ્રંથની રચનામાં ભાષાની સેવા સાથે અર્થપ્રાપ્તિની પણ સારી આશા કવિએ રાખી હોવી જોઈએ, માટે મોટા ઉમંગથી જેમ હિંદી, મરાઠી, ને બંગાળી ભાષાના મોટા કોશો પ્રાકૃત શબ્દના પ્રાકૃતમાંજ અર્થ દેખાડે, એવા રચાયા હતા તેજ પ્રમાણે ગુજરાતી શબ્દના અર્થ ગુજરાતીમાંજ આપ્યા હોય, એવો મોટો ગુજરાતી કોશ કવિએ સને ૧૮૬૧ થી લખવા માંડયો, અને સને ૧૮૬૫ સુધીમાં 'ણ'કાર સુધી કામ થયું.

પછી નાણાંની તંગી પહેલાં કરતાં બહુ વધવા લાગી તેથી કોશનું કામ બંધ રાખવું પડ્યું. નવલરામભાઈ એ સંબંધમાં આપણને એમ જણાવે છે કે "અત્યાર સુધી એમનાં પુસ્તકો પારસીઓમાં બહુ ખપતાં તેમણે બેએક વર્ષથી કવિની કાંઈક વર્તણુકથી ગુસ્સે થઇ તે વાંચવાજ બંધ પાડ્યાં હતાં. કવિનું મન પણ હમેશા એ પ્રસંગ પછી મુબઇ છોડી પ્રવાસે રખડવા તર્ફ લાગ્યુ હતું. અને છેવટે સને ૧૮૬૫ના જુલાઈમાં સુરત આવીનેજ નિવાસ કર્યો ત્યારેજ એના મનની વ્યગ્રતા સમી.'

આ ઉતારો આપવાનો હેતુ એટલોજ છે કે ગુજરાતના મહાન ગણાતા પ્રેમાનંદ કવીશ્વરને કવિ નર્મદ જેવી સાંસારિક વિટંબના કે ઉપાધિઓ નડી નથી. તેમને દ્રવ્યની ચિંતા હતી નહિ. શાન્ત સ્થિતિમાં તેમણે પોતાની આખી જીંદગી અર્થાત્ લગભગ સાઠેક વર્ષ જેટલો લાંબો કાળ, કાવ્યરચનામાંજ કાઢ્યો છે. તેમની સાથે કવિ નર્મદની પરિસ્થિતિ અને તેના અલ્પ સમયના સાક્ષર પરિશ્રમોનો વિચાર તરી આવતાં સ્વાભાવિક મુકાબલો થઈ જાય છે; અને પરિણામે કવિ નર્મદ તરફ કંઇ ઓછા માનની લાગણી ઉદ્ભવતી હોય એમ લાગતું નથી.

કોશની રચના કંટાળીને પડતી મૂકી, એવામાં સને ૧૮૬૫માં મોરબીનો દશાશ્રીમાળી વણિક જ્ઞાતિનો કવિ હીરાચંદ કાનજી કે જેણે 'મિથ્યાભિમાન મત ખંડન' નામના પોતાના એક નાના પદ્યગ્રંથમાં 'કવિનો મરમ નથી જાણતો નરમ કવિ' જેવા કેટલાક કવિ નર્મદના સાક્ષર પ્રયત્નની વિરૂદ્ધમાં ઘણા સખ્ત શબ્દોમાં હુમલા કીધા હતા.

તેણે 'ગુજરાતી કોશાવળી' બહાર પાડી, કવિ નર્મદના અભિપ્રાય માટે મોકલી. બન્ને એક બીજાની ઉપર સદા ધુરકનારા હતા, છતાં 'વીતી વેદના જાણે' એ કહેવત પ્રમાણે કવિએ પોતાનુ પ્રમાણપત્ર એવું મોકલ્યું કે 'વાચી જોતાં ખાતરીથી કહેવાય છે કે આ જાતના ગ્રંથોમાં આ ગ્રંથ નવો, ઘણી મહેનતે થયલો અને ઉપયોગી, તેમા કવિતાવાળાને તો ઘણો જરૂરનો છે–દોષ દરસાવાય તેવો દેખાતો નથી.' કવિ હીરાચંદ પણ છેક હાડ જાય એવો ન હોતાં ગુણગ્રાહક અને કદર જાણનાર આ બાબતમા નીવડ્યો. તેણે પણ પોતાની કોશાવળીમાં બીજા બધા કરતાં કવિ નર્મદે અપૂર્ણ રાખેલો કોશ ઘણો લાયક છે, એમ સાફ જણાવ્યુ. આ અને બીજી ઘણી તરફના શબ્દોત્તેજનથી પ્રેરાઈ તેમજ સ્વભાવતઃ સહનશીલ અને '**आरभ्यस्यान्त गमनम्**' ના બુદ્ધિલક્ષણવાળા કવિ નર્મદે સને ૧૮૬૮ થી 'જોસ્સો અને જોગવાઇ' પાછાં પ્રાપ્ત થતા કોશનુ કામ હાથપર લીધું, અને અહોનિશ તે પર મંડી એ વર્ષની આખરે કામ પુરૂં કીધું. કોશ રચવો, એ કંઇ એકલદોકલ માણસનું કામ નથી. એમાં ઘણા માણસોની સહાયતા જોઇએ છીએ અને તેમ કરતાં પણ શ્રમ અને અર્થનો વ્યય ઘણોજ થાય છે. અર્થાત્ એ કામ સમુદ્ર જેવું વિશાળ છે. તેવું કામ કવિ નર્મદે જાતે, આશ્રય વિના, મનની અશાન્ત સ્થિતિમાં, અને સાંસારિક અનેક પ્રવૃત્તિઓની વચમાં ઉભા રહીને કીધું; અર્થાત્ કોશ બનાવ્યો તથા છપાવ્યો, એ કંઇ જેવું તેવું બુદ્ધિકૌશલ્ય ન ગણાય. છેલ્લાં કેટલાંક વર્ષથી આપણે અહીં સાહિત્ય પરિષદ્ મળે છે. તેમાં અનેક સાક્ષર રત્નો ભેગા થાય છે. તેઓ સાહિત્ય સેવાની જુદી જુદી શાખાઓ માટે કમિટિઓ નીમે છે, છતાં જોડણી જેવા તકરારી

વિષયનો તો જાણે હજી સુધી એક મત થઇને નિકાલ થઈ શક્યો નથી, એ જુદી વાત છે પરંતુ નર્મકોશ પછી શરૂ થએલા જમાનાને પહોંચી વળે, એવો એક પ્રમાણભૂત કોશ હજુ સુધી પણ પરિષદ્‌ના એકત્રિત બળથી ક્યાં રચાયો છે? જો રચાય તો છપાવવાની મુસ્કેલી નર્મદને જેવી પડી તેને દશમે હિસ્સે પણ હવેના જમાનામાં પડે એમ નથી, પણ ક્યાં છે તે નર્મદ જેવી તીવ્ર લાગણી! ક્યાં છે તેના જેવું ઉત્સાહવાળું ઉદ્યુક્તપણું! અને ક્યાં છે તેના જેવી સાહિત્ય-સેવા કરવાને માટે સેવાને અંગે રહેલો ધર્મ! હાલ તો વાનપ્રસ્થ થએલા જો ધારે તો ઘણું કરી શકે. એવી યોગ્યતાવાળા સાક્ષર-રત્નોની સાહિત્ય સેવા પણ માસિકોના છૂટા છવાયા લેખો, ચર્ચાપત્રો, કવિતાઓ, સ્વપરના સિદ્ધાંતના મંડન ખંડનયુક્ત લેખોમાં પરિસમાપ્ત થાય છે. આવું જોઇને 'સત્ય' માસિકના તંત્રીશ્રી જણાવે છે કે "જ્યાં સૂધી ગુજરાતી સાહિત્યપર લક્ષ આપનારા ઓછાવત્તા માદા સાજા ચાલતા એમેચ્યુરો રહેશે ત્યાં સૂધી તેની પ્રગતિ બહુજ મંદ પદે થશે —ઉધમ રૂપે અહોરાત્ર મંડ્યો રહેનાર એક વિદ્વાન, બધા કામથી પરવારીને રવિવારે બપોરે ઉંઘીને એક કલાક લખનારા એવા એમેચ્યુર હજાર સાક્ષર બરાબર છે." આ સંપૂર્ણ સત્ય છે. એ દૃષ્ટિથી જોતાં કવિ નર્મદ ઉદ્યમરૂપે અહોરાત્ર મંડ્યો રહેનાર એક વિદ્વાન સાહિત્ય સેવક હતો, એમ તો તેની કોશની સફળ પ્રવૃત્તિથી માલમ પડી આવ્યા વિના રહેતુંજ નથી. કોશનો વિચાર ઉદ્ભવ્યો, ત્યારથી તે તેના અંત સુધીમાં રચવામાં અને છપાવવામાં જે જે મુસ્કેલીઓ કવિને પડી છે, તેને માટે કવિએ જે શબ્દો લખ્યા છે તે ખાસ શિક્ષણીય છે, માટે અત્રે ટાંકવાની ખાસ અગત્ય છે. કવિ લખે છે કે " એ પ્રકરણ

સવિસ્તર ભરતાં અતિ લમ્બાણ થાય—પ્રધાન વિષયનો પ્રસઙ્ગ રઙ્ગ ઝાંખો પડે ને કેટલુંક અમઙ્ગળ કથન પણ કરવું પડે, વળી મઙ્ગળ કાર્યની સમાપ્તિ ટાણે અમઙ્ગળ કથન કરવું એ મારા રસવિવેકને દુઃખ કરે તેવું છે માટે ટુંકામાંજ આટપ્યું છે. તોપણ, કોશ સંબંધી અથેતિ વૃત્તાન્ત (અમઙ્ગળ કથન સહિત) લોકની વર્ત્તમાન સ્થિતિનું એક પ્રકારનું સદાનું શિક્ષણીય દર્શન થઇરે. તેવું છે, તેટલા સારૂ એ હું બીજે પ્રસઙ્ગે યથાસ્થિત જણાવીશ.” કવિએ આવી રીતે લખ્યા પ્રમાણે અમંગળ કથન સહિત કોશ સંબંધી અથેતિ વૃત્તાન્ત પાછળથી લખ્યું હોય, એવું જો હું ભૂલતો ન હોઉં તો જાણ્યામાં નથી. બાકી લખ્યુ હોત તો તે ચિત્ર વધારે રમૂજી થઇ પડત અને હાલના જમાના સાથે તેમજ હવે પછી મંદ ગતિએ પણ આગળ ને આગળ વધતા જમાના સાથે તેનો મુકાબલો કરવાને એક અપૂર્વ સાધન થઇ પડત. એ બધું ઠીક છે, પણ કવિના વચનથી એટલું તો સિદ્ધ થાય છે કે કવિએ સંસારનો તડકો, છાંયડો, સુખદુઃખ, છળકપટ, વગેરેનો પૂર્ણ અનુભવ લઇ દુનીઆનું દોરંગીપણું પૂર્ણ જોઇ લીધુ હતું, અને તેથી કરીને પોતાના મહાન શ્રમ વિષે લોકોના બેકદરપણા બાબત કંઇજ બડબડાટ ન કરતાં પોતાની રસવિવેક ભરેલી ઉચ્ચ મનોવૃત્તિઓનેજ અધીન થઈ રહ્યા હતા. એમના ગદ્યપદ્ય લખાણમાં કેટલીક બાબતો તે જમાનાને અને આજે પણ પૂર્ણ અભિમાનની ઊર્મિ જેવી ભાસતી હશે અને ભાસે છે. તેનું સમાધાન પણ આ કોશના વૃત્તાન્તથી થઈ શકે છે. કહે છે કે ‘નર્મકોશની પહેલાં જ્યારે મોટો મરાઠી કોશ રચાયો હતો ત્યારે ઠામઠામ સરકાર તરફથી માગ ચાલી રહી હતી, પંડિતોની સભા શબ્દ પરખવાને અને તેના અર્થ નિર્માણ કરવાને મંડી પડી હતી અને પ્રત્યેક શબ્દ ઘણા હાથમાંથી

ઘડાતો ઘડાતો આવી કોશકારની કલમમાંથી ઉતરતો હતો.'—આ જોતાં જણાય છે કે કવિ નર્મદે કોઇપિણ વિદ્વાન અને શ્રીમંતની મદદ વિના અને પોતે પૈસાની હંમેશ તંગી ભોગવતાં છતાં પણ બાર બાર વર્ષ ખંતથી મહેનત લઇ પોતાની અપૂર્વ રચનાનો ગુજરાતને લાભ આપ્યો, તેવા પુરૂષના આ પ્રસંગમાં કે અન્ય પ્રસંગમાં બોલાયલા મગરૂર વચનો હાલના કેટલાક સાહિત્યની કંઈ સંગીન સેવા ના બજાવનારા પણ પૂર્ણ મગરૂર વચનો લખનારા કરતાં સહેલથી ક્ષમ્ય ગણાશે.

'સત્ય' માસિકના વિદ્યાવિલાસી અને વિદ્વાન તંત્રીએ ડૉ. જોન્સનનું ગુજરાતીમાં હાસ્યરસિક ટુંકું જીવનચરિત્ર પોતાના માસિકમા આપ્યું છે. તે ઉપરથી કોશની બાબતમાં કવિ નર્મદનું ઈંગ્લાંડના તે મહાન લેખક અને કોશકાર ડૉ. **જોન્સન** સાથે બરાબર સામ્ય જણાઈ આવ્યા વિના રહેતું નથી. આ પ્રસગે તે પાશ્ચાત્ય અને આ પૌરસ્ત્ય બન્ને સાક્ષરોની કૃતિનું તારતમ્ય કરવાને મને સહાય મળે છે, તે માટે 'સત્ય' ના તંત્રીનો ઉપકાર માનું છું. કોઇપિણ ભાષામાં ઉપયોગી પરંતુ નીરસમા નીરસ પુસ્તક તે કોશનુ છે, પરંતુ ડૉ. જોન્સને જેમ પોતાના કોશને રસિક બનાવવાને શબ્દોની વ્યાખ્યા ઘણીખરી સ્વતંત્ર રીતે લખીને તેમાં માધુર્ય અને સૌંદર્ય આણ્યુ છે; તેમજ શબ્દના અર્થ દર્શાવવાને કવિઓ, તત્ત્વવેત્તાઓ, અને ધર્મગુરૂઓનાં પુસ્તકોમાંથી વાક્યોનાં પ્રાસંગિક અવતરણ સચોટ કીધાં છે; તેજ પ્રમાણે નર્મકોશમાં આપણા કવિએ પણ શબ્દોનું અર્થનિરૂપણ કરવાને માટે કેટલાક શબ્દોના અનેક અર્થ જોતાં તેનો પ્રસાર કેટલો છે, તે ધ્યાનમાં લઈ અર્થનું સ્વરૂપ ટુંકાં કથનમાં બાંધી દેખડાવી બીજાપર આધાર ન રાખતાં સ્વતંત્રપણે એવી સુંદર વ્યાખ્યા કરી છે કે તેની ધમક ભરેલી

'મિઠાશને ખાતર પણ વારંવાર નર્મકોશ ઉઘાડીને કંઈપણ વિશેષ હેતુ સિવાય એક અભ્યાસને ખાતર વાંચવાનું મન થાય છે. વળી અનેક અર્થવાળા શબ્દોના એકેક અર્થનું વર્ણન કરી તે વ્યવહારમાં કેવી કેવી રીતે વપરાય છે, તે જણાવવાને દેશી કહેવતો અને પ્રમાણવાક્યો ૫૫૬ ની સંખ્યામાં મૂક્યાં છે. તે પણ ભાષા સાહિત્યમાં આનંદ માણનારને ઘણી રમુજની સાથે ઉપયોગી માહીતી પુરી પાડે છે. કેટલાક શબ્દોનું અથ નિરૂપણ તેને ઓળખાવીને કે સમજાવીને વર્ણવ્યું છે. આ બધું જોતાં નર્મકોશ પણ જોન્સનના કોશનું કૃતેહમંદ અનુકરણ કહેવાય તો તે ગેરવાજબી નથીજ. જોન્સનના કોશમાં એક દોષ એ બતાવવામાં આવે છે કે તેને અંગ્રેજી સિવાય બીજી ભાષાનું જ્ઞાન ન હતું, તેથી શબ્દોના ધાતુઓને માટે તેને બીજાપર આધાર રાખવો પડ્યો હતો, અને તેથી તે બાબતમા સ્વતંત્ર બુદ્ધિ ન ચાલવાથી ઘણા પ્રકારની ખામીઓ આવી ગઈ હતી. તેવી ખામીઓ નર્મકોશમાં આવવાનો સભવ હોયજ નહિ, કારણકે નર્મદને ફક્ત ગુજગતી ભાષા એકલીનુંજ જ્ઞાન હતું, એમ નહિ પણ સંસ્કૃત ભાષાનું પણ કેટલુંક જ્ઞાન હતું, એમ તેના જીવન ચરિત્ર પરથી જણાય છે.

વળી ગુજરાતી ભાષાનું મૂળ સમજવાને તેના જુદા જુદા સમયનાં રંગ અને સ્વરૂપ જોવા જાણવાને પણ એમણે પ્રયાસ કરેલો હતો, એમ નર્મકોશમાં આપેલા ગુજરાતી ભાષા વિષેના ટુંકા નિબંધથી પણ જણાય છે. એ નિબંધમાં કવિ લખે છે કે "અપભ્રંશ ભાષા અથવા સંવત શૈકા બારમાં ગુજરાતના લોક જે ભાષા બોલતા તે એકવડી કફણ કાઠીની ને તે પ્રમાણેજ લામ્બી, કંઈ એક થડ઼ાયલી તથા ઢેકાઢૈયાવાળી પણ વળી કહીં કહીં કુંગળી તથા સરળ, વર્ણે

સામળી અને કુળમર્જાદ સાચવતાં સ્વતન્ત્ર વર્તનારી અવી, બિલ્હરાજ કુંઅરી સરિખી સોહઇ."—આજ પ્રમાણે ત્યાર પછીના મુસલમાની રાજ્યના ઉત્કર્ષ કાળની, મુગલાઇના ઉત્કર્ષ કાળની, અને ત્યાર પછીની પણ ગુજરાતી ભાષાનું સ્વરૂપ સુમનોહર રીતે આપ્યું છે. આમ ભાષાનું જુદા જુદા કાળનું સ્વરૂપ દર્શાવી આપવાને તેનો ઉપરચોટીઓ નહિ પણ ઠીક અભ્યાસ કરવાને તે વખતે જેટલાં સાહિત્ય મળેલાં તેટલાંનો સમય પ્રમાણે ઉપયોગ કીધેલો હોવો જોઇએ. ઉપરાંત મરાઠી અને હિંદી ભાષાનાં પુસ્તકો પણ કવિ પોતાની લાયબ્રેરીમાં બહુ રાખતા. તે પરથી તેમજ નર્મકવિતામાં આપેલી ફારસી શબ્દ—ઢબવાળી અને હિંદુસ્તાની કવિતાઓ ઉપરથી તે તે ભાષાઓનો પણ કવિનો થોડો ઘણો અભ્યાસ તો હોવોજ જોઇએ, એમ સ્પષ્ટ જણાય છે. વળી કવિના જીવનચરિત્ર પરથી જણાય છે કે બાયરન, શેકસપિયર વગેરે કવિઓ અને બેકન, લોક વગેરે ફિલસુફીના ગ્રંથો પણ તેની ખૂબીની સાથે પોતે સમજી શકતા હતા; તમજ પ્રોફેસર રીડે કહ્યું હતું કે 'એનું અંગ્રેજી જ્ઞાન વખતના પ્રમાણમાં અસાધારણ સારૂં છે'. અર્થાત્ ગુજરાતી ભાષાના ઉંચા અભ્યાસકને સંસ્કૃત, અપભ્રંશ, પ્રાકૃત ભાષાના જ્ઞાન ઉપરાંત તેમાં વપરાતા પર ભાષાના શબ્દોને લીધે તે તે ભાષાઓનું જ્ઞાન પણ આવશ્યક છે. તે સઘળું કવિ નર્મદને હતું, તેથી ડો. જોન્સન જે ફક્ત અંગ્રેજી ભાષા એકલીજ જાણતો હતો, તેને લીધે તેના કોશમાં આવેલી ખામી નર્મકોશમાં આવી શકી નહિ.

જોન્સનના કોશમાં બીજો દોષ એ બતાવવામાં આવે છે કે તેમાં તેણે પોતાને અણગમતી ચીજોની નિંદા કરી હતી. દાખલા તરીકે 'એકસાઇઝ' જકાત તેને ગમતી નહિ તેથી 'એકસાઇઝ' નો

અર્થ કોશમાં એવો આપ્યો કે 'એ નામનો એક ધિક્કારવા લાયક કર.' આવો દોષ નર્મકોશમાં નથી આવ્યો. એક બે દૃષ્ટાંતથી એ બીના સ્પષ્ટ થશે. પઠાણુ રાજ્યમાં લેવાતો 'જજિયો કર' મુસલમાન સિવાય કોઇને પણ ગમે નહિજ, છતાં જો કે નર્મકોશના વારામાં પઠાણુ રાજ્ય ન હતું, તોપણુ નર્મદે તેનો ધિક્કારવા લાયક અર્થ ન આપતાં એટલોજ અર્થ આપ્યો છે કે 'શિર ગણુતીનો કર; માથાદીઠ લેવાતો જે વેરો તે.' વળી નર્મકોશની રચના વખતે કવિના ધર્મ સંબંધી વિચાર જે 'ધર્મ વિચાર' નામના તેમના પુસ્તકમાં માલુમ પડે છે, તેવા ન હતા તેમજ 'પરમ સુખ સાધનામાંથી પ્રવૃત્તિને કાઢી નિવૃત્તિને ગણુવા માંડી' પણુ ન હતી, છતાં 'શ્રાદ્ધ' શબ્દનો અર્થ આ પ્રમાણે આપ્યો છે કે 'પિતૃને સન્તોષવા સારૂ પિણ્ડદાન, બ્રાહ્મણુને ભોજન કરાવવાનું જે કર્મ તે; દેવને સન્તોષવા સારૂ તર્પણુ હોમ વગેરેનું જે કર્મ તે." તેમજ 'નિવૃત્તિ'નો અર્થ એવો આપ્યો છે કે "પ્રપઞ્ચ-ઉપાધિથી દૂર હોવું તે; જોસ્સાઓની અસર ન લાગે તેવી હાલતમાં હોવું તે. (પ્રવૃત્તિથી ઉલટું) ૨—નિરાંત; પરવાર; ફુરસદ." આ ઉપરથી જણુાશે કે ધર્મ અને સંસારસુધારા સંબંધી પોતાના ઉચ્છેદન વિચારો છતાં પોતાની લાગણીને વશ થઇ પોતાના મનમાં અપ્રિય હોય, તે શબ્દના અર્થ ધિક્કારવા લાયક કવિ નર્મદે આપ્યા નથી; પણુ જેવી વસ્તુ સ્થિતિ અને લોક માન્યતા હોય તેવીજ દર્શાવી છે.

આ ઉપરથી નર્મકોશ કંઇજ દોષપાત્ર નથી, એમ કહેવાનો હેતુ નથી. કવિએ જાતેજ કોશની મુખમુદ્રામાં દોષનો સ્વીકાર કીધો છે અને તેમ હોવાનાં કારણોનું પણુ સૂચન કીધું છે. પરભાષાના અને શાસ્ત્રકળા વિષયના તેમજ પ્રાણી તથા વનસ્પતિ વર્ગના શબ્દો એમાં

બહુ ઓછા છે. પરંતુ નર્મકોશની પછી ગુજરાતી ત્રણેક શબ્દકોશ પ્રગટ થયા છે, તો તેમાં નર્મકોશની આ ખામી પુરાવી જોઇતી હતી, પણ આપણે જોઈએ છીએ કે તેમ થયું નથી. અર્થાત્ કંઇપણ સ્વતંત્ર શોધખોળ કરી નવીનતા આણી ગ્રંથ સંગીન કરી પૂર્ણતાને પગથીએ ચઢાવવો, એ બહુ મુસ્કેલ કાર્ય છે. છેક છેલ્લો ૩૨૫ પૃષ્ઠનો સ્વર વિભાગનો કોશ ગુજરાત વર્નાકયુલર સોસાઇટીએ પોતાની હીરકમહોત્સવ ગ્રંથમાળાના બીજા મણકા તરીકે બહાર પાડ્યો છે. તેમાં પણ કેટલાક અર્થ સંદિગ્ધ અને અસંતોષકારક આપ્યા છે. દાખલા તરીકે એ કોશમાં 'અભિનય' શબ્દનો અર્થ એવો આપવામાં આવ્યો છે કે "મનનો ભાવ પ્રકટ કરવાનો જે અંગમરોડ વગેરે તે; અંગચેષ્ટાઓ; અંગચાળો; લટકો; લહેકો; નખરાં વગેરે તે. ૨—નાગરિક છટા; સભ્યતા; વિવેક વિનય; નમ્રતા, સૌજન્ય." એમ દર્શાવી રા. નારાયણ વિસનજી ઠક્કુર, રા. વૈદ્યે પોતાની સંસ્કૃત ઇંગ્લિશ ડિક્શનરીમાં આપેલા એજ શબ્દના અર્થની સાથે મુકાબલો કરી આપી કહે છે કે એ શબ્દના મુખ્ય નાટયકળા વિષયક પારિભાષિક અર્થનો તો ઉલ્લેખજ કરવામાં આવ્યો નથી. ત્યારે 'આના કરતાં તો એકજ વ્યક્તિના વર્ષો પહેલાંના પ્રયત્ન રૂપ નર્મકોશજ અધિક ઉત્તમ અને માનનીય છે.' કહેવાની મતલબ એ છે કે કોશ જેવા ગ્રંથમાં અપૂર્ણતા અને ખામીઓ તો કંઇ ને કંઈ સહીઆરા પ્રયત્ન છતાં પણ આવી જવાનીજ તેની ના નથી, તેમજ 'પહેલો ઘાણ તો દાઝેજ'— એ ન્યાયે નર્મકોશમાં આવેલી ખામીઓનું સમજવું જોઇએ; તોપણ એટલું તો ખરૂં કે પહેલો ઘાણ જેટલે દરજ્જે દાઝી જવાનો આપણને ભય રહે, તેટલે દરજ્જે દાઝયો નથીજ એ સ્પષ્ટ છે.

એકંદરે ડૉ. જોન્સન અને કવિ નર્મદ બેનો મુકાબલો કરતાં 'સત્ય'ના તંત્રી કહે છે કે "નર્મદાશંકર પણ એવાજ (જોન્સનના જેવાજ) માની, એવાજ સાહસિક, એવાજ સ્વતંત્ર વિચારના હતા, અને તેઓ ગુજરાતના જોન્સન કહેવાય છે તેમાં કોઇપણ રીતની અત્યુક્તિ નથી. નર્મદાશંકરે પણ પોતાના ગુજરાતી કોશ માટે આટલીજ મહેનત લીધી હતી. પરંતુ ગુજરાત નર્મદના ભોગને યોગ્ય ન હતું. એ મહાત્માની બરોબરી તો રહી પરંતુ કદર કરવાની પણ તેનામાં બુદ્ધિ નહોતી ! નર્મકોશની ઘણી પ્રતો જ્યારે ખપી નહોતી ત્યારે જોન્સનના કોશો ચટણી પેઠે ખપી ગયા હતા. એટલો ગુજરાત અને ઈંગ્લાંડ વચ્ચેનો ભેદ !"

જોન્સનના કોશો ચટણીની પેઠે ખપી ગયા છતા તેને અન્ય કારણોથી કંઈ દ્રવ્યનો લાભ તેનાથી થયો ન હતોજ. તેજ પ્રમાણે ૨૫૮૫૫ શબ્દોનો મોટો શબ્દકોશ રચી બહાર પાડવાથી કવિ નર્મદને પણ દ્રવ્યપ્રાપ્તિ થઇ નથી. ફક્ત બંનેની કીર્તિ ઝળાંઝળાં પ્રકાશી રહી, એટલોજ લાભ થયો.

નર્મકોશના સંબંધમા એક વાત કહેવાની રહી જાય છે. જો કે મેં એ હકીકત આધારભૂત પુરૂષને મુખે સાંભળી અથવા કોઇ લેખમાં વાંચી હોય, એમ જાણમાં નથી અથવા વાંચી હોય, તો તે કયા લેખક શેમાં લખી છે, તે અત્યારે યાદ નથી, પણ સાંભળ્યા મેળે સરકારે કવિને આશ્રય આપવા અર્થે નર્મકોશની થોડી પ્રતો એવી શરતે ખરીદવા જણાવ્યું હતું કે એમાંના બીભત્સ શબ્દોને દૂર કરવા. કવિએ તેમ કરવાની એવા વિચારથી સાફ ના પાડી કે ભાષામાં એ શબ્દો

છે માટે તે કોશમાં આવવા જોઇએ. આ કારણથી કવિની પ્રતો તે સમે સરકારે ખરીદી નહિ; જો કે પાછળથી લાયબ્રેરીઓમાં નર્મકોશ ગયો હતો. આ બીના જો સત્ય હોય તો તટસ્થ મનુષ્યને એમ લાગવુંજ જોઇએ કે ભાષામાં જેટલા શબ્દો હોય તેટલા બધાનોજ સંપૂર્ણ રીતે કોશમાં સમાવેશ થવો અશક્ય છે, તો પછી સભ્યતાને ખાતર બીભત્સ શબ્દોને પડતા મૂકવાથી કોશની વ્યાખ્યામાં શી ખામી આવવાની હતી ? ફક્ત આવા કારણથી આશ્રય મળતો ન લેખવવાનું કૃત્ય કવિનો માની સ્વભાવજ હોઈ શકે અથવા 'વિદ્વાનો માટે પરમાત્માએ લંગોટીજ નિર્માણ કરેલી હોય છે.'–એ તત્ત્વની કર્મલીલા પણ કેમ ન હોય ! ગમે તેમ હો, પણ કોશ રચવામાં અને પ્રસિદ્ધ કરવાના માર્ગમાં નડતાં સર્વ વિઘ્નો સાહસ બુદ્ધિથી દૂર કરી કવિએ છેવટે પોતાની ઉચ્ચ વૃત્તિથી એ ગ્રંથ 'હાલના એકદર બડેખાંઓમાંથી કોઈપણ આ ગ્રંથાર્પણને પાત્ર નથી.'–એમ વ્યંગ્યમાં દર્શાવવા અર્પણ પત્રિકાને સ્થાને 'જય જય ગરવી ગુજરાત !' થી શરૂ થતી, પ્રેમશૌર્યથી અંકાએલી, ઝળાંઝળાં પ્રકાશતી કસુંબી ધ્વજાનાજ જેવી ચાર કડીઓ લખી ગુજરાત દેશને અર્પણ કર્યો, તેને માટે નવલરામભાઈ કહે છે કે એ વાંચીને અમારા મોંમાંથી પણ એમજ નીકળ્યું કે "જય જયજ છે તારા, ગરવી ગૂજરાત, કે જ્યાંના વિદ્વાન આવો ગ્રથ લખે પ્રસિદ્ધ કરવાની હિંમત આશ્રય વિના ચલાવે છે." તે સંપૂર્ણ સત્ય છે.

નર્મકથાકોશ—નર્મકોશ પછી 'નર્મકથાકોશ' આપણું ધ્યાન ખેંચે છે. નર્મકોશમાં કવિ જણાવે છે તેમ સંસ્કૃત અને બીજા પ્રાકૃત કોશોમાં જેમ પુરાણોક્ત જનબોધક તથા સ્થળબોધક શબ્દો હોય છે, તેવા વિશેષનામવાચક શબ્દો જાણી જોઇને કવિએ આપ્યા નથી. તે

ઉપરથી જણાય છે કે કવિએ તેવા શબ્દો માટે કંઈ જુદોજ ગ્રંથ રચવો ધાર્યો હશે. તેજ પ્રમાણે આ ગ્રંથમાં રામાયણ, ભારત, ભાગવતમાંના સંક્ષિપ્ત કથાપ્રસંગો વગેરે આપ્યા છે. એવી જાતના પુસ્તકની પણ ખાસ જરૂર હતી. વાચનમાળામાં તેમજ બીજા કવિ, સાક્ષર વગેરેનાં લખાણોમાં એવા કથા પ્રસંગો અને નામો દૃષ્ટાંત માટે કે વસ્તુરૂપે સક્ષિપ્તમાં લખવામાં આવે છે, ત્યારે તેનો સંબંધ આપણા તે સમુદ્ર જેવા વિશાળ ધાર્મિક પુસ્તકોના જ્ઞાનને અભાવે આપણનેજ સમજાતો નથી, તો પછી પરધર્મીઓને તો તેમાં સમજજ શેની પડે ! વળી હવેના જમાનામાં તો આપણાં તે પુસ્તકોનું અધ્યયન અને વાચન બહુજ કમી થઈ ગયું છે, તેવા વખતમાં તો આ જાતનું પુસ્તક આદરણીયજ થઈ પડે, એ સ્વાભાવિક છે. અન્ય વિષયને અંગે જૂના કથા પ્રસંગો અને મહાપુરૂષોનાં ચારિત્રનો જરૂર પુરતો ભાગ સંક્ષિપ્તમાં જાણી લેવાની હાલના સમયના અનેક વ્યવસાયોમાં રોકાતા વખતમાં જરૂર છે, કારણકે ઉપયોગી વાચન પુસ્તકોનું ક્ષેત્ર .વિશાળ થતું જાય છે, જેથી આપણા જૂનાં કથાપુસ્તકોજ વારંવાર વાંચી બેસી રહેવાનું પાલવે એમ નથી, અને વિદ્વાન લેખકો તો હરકોઇ વિષયમાં આપણા જૂના પ્રમાણ પુરૂષોનાં ચરિત્રો અને કથા પ્રસંગોના થોડા ભાગનો યા નામનો ઉલ્લેખ દૃષ્ટાંત માટે કર્યાજ જવાના. તે જો આપણે ન સમજીએ તો મૂળ વિષયનો રસ ખંડિત થાય. તે ગેરલાભ આવા પુસ્તકથી દૂર થાય છે, એટલુંજ નહિ પણ આપણા પૂર્વજો તર્ક, જ્ઞાન, અને શક્તિને માટે યશસ્વી ગણાતા હતા, તે તથા આપણા દેશનો મહિમા, ધર્મ, રીતભાત, વગેરે ટૂંકમાં એક જથે જાણવાથી આપણામાં આપણાપણું આણવાનુ અભિમાન પેદા થાય છે.

આ પુસ્તક કવિએ ગુજરાતી, મરાઠી, હિંદી પુસ્તકો ઉપરથી અને 'મૂરની દેવસભા' તથા 'વાર્ડના હિંદુ' એ અંગ્રેજી પુસ્તકો ઉપરથી રચ્યું છે. તેને બદલે જો આવી જાતનું પુસ્તક શ્રમ લઇને આપણાં મૂળ સંસ્કૃત પુસ્તકો ઉપરથી રચવામાં આવે, તો તે વધારે ઉપયોગી અને માનનીય થઇ પડે, પણ કવિની પછી આવી જાતનો પ્રયાસ થયો જાણુમાં નથી.

कवि नर्मद अने जोडणी—નર્મદાગની લાંબી મુખમુદ્રા ઉપરથી પંડિત કવિ નર્મદના ગુજરાતી ભાષાની જોડણી સંબંધી શા વિચારો હતા અને તે વિષે કેવા નિયમો બાંધ્યા હતા, તે પણ જણાઇ આવે છે. જોડણીના તકરારી અને છેવટનો નિકાલ ના થએલા, એવા વિષયની કોઇ કોઇ શાખામાં કવિનો વિચાર શો પ્રકાશ પાડે છે તે હવે જોઇએ. રા. **નવલરામભાઇએ** લખેલું છે કે 'અહમે', 'અહમારૂં' એવાં રૂપો નર્મદાશંકર લખતા હતા, એટલુંજ નહિ પણ આપણે પ્રત્યક્ષ નર્મકવિતાના મંગળાચરણના દોહરામાંજ ચોથું ચરણ એવું જોઇએ છીએ કે 'સંગ્રહ કરૂં હું અહાંય'—એના છેલ્લા શબ્દથી જણાય છે કે કવિ તે વખતમાં સ્વરની સાથે વ્યંજન જોડતા હતાજ. કવિનો આવો મત તો કોઇએ પણ તે વખતથી હજી સુધી માન્ય કીધોજ નથી, એ સ્પષ્ટ છે. જોડણીના વિષયમાં બહુ મથન કરનારા સાક્ષરશ્રી **નરસિંહરાવભાઇ** એવા રૂપોની વિરૂદ્ધમા સકારણ સ્પષ્ટ જણાવે છે કે 'અહ' એમ સ્વર અને વ્યંજન જોડવામાં જોડાક્ષર એટલે સ્વરના વ્યવધાન વિનાના વ્યંજનોનો યોગ એ તત્ત્વજ જતું રહે છે.—એને બાજુપર રહેવા દઈએ તોપણ તે અરસામાંજ રા. **નવલરામે** પણ

કહ્યું હતું કે 'સ્વર સાથે વ્યંજનનો સંયોગ જોઈ પંડિતો ખડખડ હસે છે.' વળી નર્મદના સમકાલીન દલપતરામભાઇએ પણ તકરારમાં સીધી રીતે ન ઉતરતાં પોતાના હસકાવ્યશતકના ૭૪ મા ઇંદ્રવિજય છંદમાં 'વ્યંજનમાં સ્વર અંત લખાય, લખાય નહિ સ્વરમાં પછિ-વ્યંજન',–એ પ્રમાણેનું એક સ્થાપિત નિયમ તરીકેની મતલબનું ચરણ આપી કવિની એ પ્રકારની જોડણીની આડકતરી રીતે મશ્કરી પણ કીધી હતી. આવાં કારણોથી મને એમ યાદ છે કે નર્મકવિતાની ત્યાર-પછીની આવૃત્તિમાં મંગળાચરણના ઉક્ત ચરણને બદલે તદ્દન નવુંજ ચરણ 'શિશ રચૂ હૂ ન્હાય'—એ પ્રમાણે કવિએ આપ્યું છે. આ તેમજ નર્મકોશમાં એવી જાતના શબ્દોની જોડણી કવિએ ફેરવી નાખી છે અને ખરા તત્ત્વને અનુસરતી જોડણી કરી પોતાની ભૂલ સુધારી પણ છે. તે ઉપરથી જણાય છે કે કવિ પોતે પોતાના હરકોઈ બાબ-તમા બાંધેલા નિયમોની નિઃસારતા ઠરેલ વિચારથી જોતા તો હાલના કેટલાકોની પેઠે પાણી વલોવી વલોવી માખણ કાઢી બતાવવાની આશા રાખીને પોતાનાજ ખોટા મતનુ મંડન કરવામાં કાલક્ષેપ કરતા નહિ, કેમકે એમને એવા પ્રકારનુ નિઃસાર સાહિત્ય વધારવાની અપેક્ષાજ ન હતી, પણ કંઇપણ સંગીન સાહિત્ય સેવા કરવા તરફજ વૃત્તિ હતી.

મંગળાચરણના ઉક્ત ચરણમાં કવિ 'કરુ' શબ્દ લખે છે, તે પરથી જણાય છે કે હ્રસ્વ ઉકાર 'ર' ની સાથે જોડવાની લિપિમાં હાલમાં નવીનતાને સ્થાન આપનારા રા. નરસિંહરાવની પહેલા કવિ નર્મદ હતા. રા. નરસિંહરાવની એ લિપિને હાલ કોઇ કોઈ વિચિત્ર કે ઇદં તૃતીયમ્ કહીને વગોવે છે, પણ તેમણે જાણવું જોઇએ કે નર્મદના

'રુ'ના સ્વરૂપને સહજ ફેરવીને આવા 'રુ' નું સ્વરૂપ રા. નરસિંહરાવે પોતે બાંધ્યું હોય અને તે ગેરવાજબી હોય, તો પહેલો આક્ષેપ કવિ પર થવો જોઈએ. કદાચ આક્ષેપ કરનારાઓનો વિચાર એમ હોય કે કવિ પર તો આક્ષેપ થયા વગરજ પાછળથી પોતાની મેળે 'રુ' જેવી વિચિત્ર લિપિનો ત્યાગ કરી સંસ્કૃત લિપિનું સંસ્કારી 'રુ' રૂપ પોતાના લખાણમાં કાયમ કરી પોતાની ભૂલ સુધારી હતી, અને એજ પ્રમાણે હાલ પણ ઘણા સંસ્કારી સ્વરૂપને ગુજરાતીમાં આલેખે છે માટે હવે કવિપર આક્ષેપ થઈ શકે નહિ; તો રા. નરસિંહરાવ કહે છે કે "સસ્કૃત શબ્દોમાં સંસ્કૃત લિપિમાં રુ એ રૂપ, અને ગુજરાતી શબ્દોમાં રુ એ રૂપ; આમ વ્યવસ્થા મ્હેં રાખી છે. તમારી દૃષ્ટિએ એ સ્વચ્છન્દ લાગે તો ક્ષમા કરશો." આ વાંચીને પૂર્ણ સંતોષ થવો જોઇએ.

હવે ત્રીજી બાબત લઈએ. કેટલાક ગુજરાતી શબ્દોમાં વ્યુત્પત્તિ અનુસાર ઉચ્ચારાતો હકાર લખવામાં દર્શાવવો કે કેમ અને દર્શાવવો તો કેવી રીતે ? આ પ્રશ્ન હાલ જોડણીના વિષયમાં બહુ તકરારી બની ગયો છે. ગુજરાતીમાં ઘણા શબ્દોમાં હકારનું ઉચ્ચારણ તો થાય છેજ તેની કોઈ પણ ના પાડતું નથી, પણ ઘણાઓનો હકાર લખવામાં દર્શાવવાનો મતજ નથી અને એજ મત હોપ વાચનમાળાએ સ્વીકારેલો હતો, તેમજ રિવિઝન કમિટિની હાલની વાચનમાળાએ પણ સ્વીકાર્યો છે; અર્થાત્ બહુમતી એ તરફ છે. ત્યારે કેટલાકોનો હકાર લખી દર્શાવવાનો મત છે પણ તેઓમાંએ પાછો તે લખવાની શૈલીમાં મતભેદ છે તે તો જુદો. બંને પક્ષો પોતપોતાનો મત કારણ પૂર્વક સાબિત કરી બતાવે છે. તે વાંચીને બંને પક્ષની તુલના કરી તટસ્થ

શખ્સ કયો મત આપે છે, તે સહજ સમજી શકે છે. એ ચર્ચાઓ અન્યસ્થળે સવિસ્તર મળી આવે છે, માટે અત્રે તેનું અવતરણ કરવાની જરૂર નથી. એવી સાક્ષરત્વની લડાઇમાં વખતે સૌજન્યના નિયમોનો ભંગ પણ થાય છે. દાખલા તરીકે ગુજરાતી સાહિત્યપરિષદ્‌ની જોડણીની કમિટિએ એક વખતે જ્યારે જોડણી સંબંધી હકારના નિર્ણયથી શરૂ થતી જાહેર પ્રશ્નમાળા બહાર પાડી હતી, ત્યારે કેટલાકોએ તેને વિશેષણ આપવું જોઇતું હતું તો 'હકાર વાચક' અથવા 'હકાર મતધારક' એવું સભ્ય વિશેષણ ન આપતાં 'હકારીઆ' કમિટિ એમ તોછડાઇ ભરેલું વિશેષણ આપ્યું હતું. આવો તીવ્ર મતભેદ ઉત્પન્ન કરનારા પ્રશ્નને વિષે કવિનો મત એવો જણાય છે કે હકાર લખવામાં દર્શાવવો પણ પ્રત્યક્ષ હ લખીને નહિ, ફક્ત હકારનું ઉચ્ચારણ જે અક્ષરના ભેગું થતું હોય, તેની નીચે ટપકું મૂકીને ચલાવવું અને એજ રીત, હકાર નહિ દર્શાવનારો પક્ષ પણ સામા મતના સમાધાન ખાતર જો દર્શાવવો હોય તો પ્રિય છે, એમ કહે છે એટલુંજ નહિ પણ જેને પ્રો. આનંદશંકર 'અતિ પ્રૌઢ અને વિચારશીલ વાર્તિક' કહે છે તે 'જોડણીના નિયમનું અર્થગ્રહણ' નામના પોતાના લેખમાં રા. નવલરામભાઇ કહે છે કે "જ્યાં એવા હકારનું ઉચ્ચારણ સંભળાતું હોય ત્યાં તે હકારની સાથે પછીનો અક્ષર જોડી દેવો, અથવા હને છૂટો લખીને ખોડવો, અથવા સૌથી વધારે સારૂં ને સરળ એ કે હ કહાડી નાંખીને તે ઠેકાણે 'એપોસ્ટ્રોફી' કહાડવી. એ રીતને સર્વોત્તમ રીત ગણીએ છીએ."

હવે રા. નરસિંહરાવ કહે છે કે નવલરામભાઇએ "હકારનું અસ્તિત્વ સ્થાપ્યું હતું. માત્ર હેનું શબ્દમાં સ્થાન ઠરાવવામાં ક્ષતિ

થઈ હતી તે મ્હેં ઈ. સ. ૧૮૮૮ ના 'જોડણી'ના પુસ્તકમાં બનાવી છે." વાત ખરી છે કે એપોસ્ટ્રોફી હકારનો લોપ સૂચવે છે અને તેથી તે પણ શુદ્ધ ઉચ્ચારને અનુસરતું ચિહ્ન ન હોઈ હના સ્થાનમાં ક્ષતિ કરે, પણ આ બાબતમાં એ ચિહ્નનો વિશિષ્ટ અર્થ લઇ કામ નિભાવી શકાય અને હકાર લખવાની ગુચવણ દૂર થાય; પણ આવી રીતે એપોસ્ટ્રોફીની પદ્ધતિને નવલરામભાઈ સર્વોત્તમ ગણે છે, તેના કરતા કવિ નર્મદની ટપકું મુકવાની પદ્ધતિ છે તેનો પ્રચાર થાય, તો મતભેદ જતો રહે અને હાલના બને પક્ષોનું મોટે ભાગે સમાધાન થઈ જાય. કવિનો મત એવો હતો કે 'બોલવું તેવુંજ લખવું.' આ મત પ્રમાણે વર્તતાં કેવી કેવી અડચણો નડે છે તેનું વિવેચન રા. બ. કમળાશંકરે સને ૧૯૦૪ ના જુલાઇ, ઓગસ્ટના શાળાપત્રોના અંકોમાં કરેલું છે તોપણ ઉચ્ચાર પ્રમાણે દરેક સ્થળે લખવાનું ન બની શકે તેથી કરીને જ્યા જ્યાં બની શકતું હોય, ત્યાં પણ નવીન શૈલીને સ્થાન ન આપવું, એ મતની વિરૂદ્ધમાં ઘણા સાક્ષરો છે પરિષદની જોડણી કમિટિ પણ કહે છે કે 'જે શબ્દોમાં 'હ' નું શ્રવણ નિર્વિવાદ છે તે શબ્દોમાં કોઈ પણ પ્રકારે તે દર્શાવવાની જરૂર છે. પરંતુ શબ્દના કયે સ્થળે અને કેવી રીતે દર્શાવવો તે ઉપર અમે એક મતથી નિર્ણય ઉપર આવી શકતા નથી.' આ ઉપરથી જણાશે કે બાંધ છોડ કરી જો નિર્ણય ઉપર આવવું હોય, તો તેમને કવિએ કેવો ઉત્તમ રસ્તો બતાવ્યો છે! તે નિષ્પક્ષપાત રીતે જોવાથી સ્પષ્ટ જણાઈ આવે છે. કવિથી કોઇપણ બાબતમાં આરંભમાં કાચા વિચારથી અયોગ્ય નિયમ બંધાઇ ગયો હોય તો પાછળથી ઠરેલ અને પુખ્ત વિચાર પહોંચાડી સર્વમાન્ય સત્ય નિયમ તેઓ તારવી કાઢના

હતા. હકારનું અસ્તિત્વ એમણે ત્રણ પ્રકારનું તારવી બતાવ્યું છે. તેમાં હાલ બહુ ચર્ચાતા હકાર માટે તેમનું અવલોકન કેવું દીર્ઘ છે તે તેમના લેખપરથી જણાય છે. કવિ લખે છે કે 'એ ઉચ્ચારણમાં પૂર્ણ હકારના કે જેટલુ ઉચ્ચારણ પૂર્વ વર્ણના કે જેટલાં ઉચ્ચારણમાં મળેલુ છે.' આવું એક ગૂઢ અવલોકન કરી તેપર પૂર્ણ વિચાર ચલાવીને સમાધાની ભરેલો નિયમ બાંધનાર કવિને માટે કોને માન ઉત્પન્ન ન થઇ શકે!

હવે આવ્ય, આંખ્ય, જેવા કેટલાક શબ્દોમાં લઘૂચ્ચારણ યકાર છે અને તે વ્યુત્પત્તિથી સિદ્ધ છે, તેમજ ગુજરાતના અમુક ભાગના શિષ્ટ ઉચ્ચારમા યકાર શ્રુતિ થાય છે માટે તેવા શબ્દોમાં યકાર લખવો જોઇએ, એમ હાલનો એક પક્ષ કહે છે. બીજો પક્ષ તેને માટે એમ કહે છે કે યકાર વ્યુત્પત્તિ પ્રમાણે છે પરંતુ તેની શ્રુતિ શિષ્ટ ઉચ્ચારમાં નથી પણ ચરો‌તરમાજ બહુધા યકારવાળાં રૂપો વપરાય છે, માટે તેને પ્રાન્તિક ઉચ્ચાર ગણી યકાર લખવામાં દર્શાવવો નહિ. આ બે પક્ષમાંથી કવિનું લખાણ કોને ટેકો આપે છે તે જોઇએ. કવિ સ્વકાપની પ્રસ્તાવનામાં ૯ પૃષ્ઠની ૬ કલમને છેડે લખે છે કે 'કેટલાક લોક આવ્ય, રમ્ય, કરય, બેસ્ય, ઇ૦માં પેલા અક્ષરો ઉપર વિશેપ ભાર મૂકી હ્રસ્વના દીર્ઘ અને દીર્ઘના પ્લુત સ્વર બોલે છે.' આમાં કવિએ એ ઉચ્ચારો ગુજરાતના **ચરોતરમાંજ** થાય છે, એમ સ્પષ્ટ દર્શાવ્યું નથી; તેથી એમ જણાય છે કે ચરોતર સિવાય કવિના વખતમાં અમદાવાદ વગેરે ગુજરાતના બીજા ભાગોમાં પણ એવા ઉચ્ચારો થતા હશે; વળી કેટલાક લોકો હ્રસ્વના દીર્ઘ અને દીર્ઘના પ્લુત સ્વર બોલે છે એમ કવિના લખવાનો

ઉદ્દેશ એવો જણાય છે કે તેવો અશુદ્ધ ઉચ્ચાર અશિષ્ટ જનો કરે છે, ત્યારે સ્પષ્ટ થાય છે કે તેનો શુદ્ધ ઉચ્ચાર યકાર સહિત શિષ્ટ ઉચ્ચારમાં તે વખતે હોવો જોઇએ. હાલ પરસ્પર સંગતિ વ્યવહાર વધવાથી અને ઘણા ગ્રંથકારોના લખાણમાં યકાર ન લખાતો હોવાથી તેમજ ગુજરાતના ભાગેભાગની ભાષા ઘણે ભાગે પહેલાં કરતાં એકરૂપ થવાથી શિષ્ટ ઉચ્ચારમાં યકારનો નાશ થયો લાગે છે, તેથી તેની શ્રુતિ રા. બ. કમળાશંકરને નજ થાય એ વાજબી છે. આ મતને નીચેની બીના ટેકો આપે છે. સને ૧૯૦૫ના ફેબ્રુઆરીના શાળાપત્રમાં રા. બ. કમળાશંકર લખે છે કે "એક અનુભવી ગૃહસ્થ......જે એજ (નાગર) કોમના, વિશેષ સંબદ્ધ અને લેખક પણ છે, તેમણે અમને એમ કહ્યું કે લગભગ વીસી થયાં......આંખ, ઊઠ, વગેરેમાં યકાર સહિત ઉચ્ચારો, અમારામાંથી જતા રહ્યા છે; તેથી તમારા અનુભવમાં એવા ઉચ્ચારો નજ આવેલા એ સત્ય છે." ત્યારે છેવટે આ બાબતમાં કવિનાં અવલોકન, મત, અને લખાણથી એ સાબિત થાય છે કે તે વખતે ગુજરાતના અમુક ભાગોના શિષ્ટ ઉચ્ચારમાં કેટલાક શબ્દોમાં યકાર શ્રુતિ થતી હતી અને હમણાં પણ પહેલાં કરતાં થોડે ભાગે થતી હશે, પરંતુ તે યકાર લખવામાં દર્શાવવો નહિ અને એવોજ મત પરિષદ્‌ની જોડણી કમિટિના ઠરાવમાં પણ જોવામાં આવે છે.

ચ, છ, જ, ઝ, ડ, ઢ, ય, વ અને હ ના ઉચ્ચાર બે પ્રકારના થાય છે—એક શુદ્ધ સંસ્કૃત ઉચ્ચાર અને બીજો પ્રાકૃત ઉચ્ચાર—એ પ્રમાણે હાલમાં એક પક્ષ કહે છે. ત્યારે બીજો પક્ષ એ ઉચ્ચાર માન્ય કરતો નથી પણ એકજ ઉચ્ચાર શુદ્ધ સંસ્કૃતજ છે, એમ દર્શાવે છે.

હવે નર્મકોશની મુખમુદ્રામાં ઉચ્ચારણ પ્રકરણમાં કવિનુ જે વિશાળ અવલોકન માલમ પડે છે તે ઉપરથી એમ જણાય છે કે કવિએ ડ, અને ઢ નાં બે ઉચ્ચારણો થતાં સાંભળ્યાં છે, બીજા વર્ણોનાં નહિ. રા. બ કમળાશંકરની વિશાળ તપાસમાં પણ બધા વર્ણોના બે બે ઉચ્ચારો થાયછે, એમ સિદ્ધ થયું નથી વળી આ બાબતમાં પરિષદની જોડણી કમિટિના રિપોર્ટના ઠરાવમાં ૧૧ મો ઠરાવ એવો આપ્યો છે કે "ચ, છ, જ, ઝ, ડ, ઢ ના બે પ્રકારના ઉચ્ચાર **થતા હોય.** તો તે ઉચ્ચાર જુદા અક્ષર કે ચિહ્નથી દર્શાવવાની જરૂર નથી" આ ઠરાવમા યકાર શ્રુતિના ઠરાવની પેઠે 'થાય છે' એમ નિશ્ચયાર્થ શબ્દો ન આપતાં 'થતા હોય' એમ નિશ્ચયાર્થ ભિન્ન શબ્દો આપવામાં આવ્યા છે. તે બહુ સારગર્ભિત છે માટે કવિનું આ બાબતમાં પણ અવલોકન કેવુ સચોટ છે, તે આપણને સ્પષ્ટ સમજાય છે

પથ્થર, છઠ્ઠું, ચોખ્ખું. જેવા શબ્દોમાં બે મહાપ્રાણ વ્યંજનો સાથેજ લખવા એ બાબત હાલમાં બધાજ એક મત છે અને એજ મત કવિ નર્મદનો હતો. એમ સ્પષ્ટ જણાય છે. ફકત રા૦ **માધવ** લાલભાઇએ સંસ્કૃત અને પ્રાકૃત વ્યાકરણની દૃષ્ટિથી જોતાં તેનાં શુદ્ધ રૂપો પ્રથમના અક્ષરને અલ્પપ્રાણ કરી પત્થર, છટ્ઠું ચોક્ખું વગેરે લખવાની તરફેણ કરી હતી અને તે પ્રમાણે નવી વાચનમાળામાં પ્રથમ એવા શબ્દો લખાયા છે, પણ તે રૂપો ફરી જઇ હવે પાછા તેના રૂઢ રૂપો પથ્થર. વગેરેજ નવી આવૃત્તિઓમા લખાવા માંડયાં છે. માટે આ બાબતમાં પણ કવિનું જોડણી સ્થાપન કરવાનું તત્ત્વ ચિરકાળ ટકી શકે, એવું ગ્રહણ કરવાનું જણાઇ આવ્યા વિના રહેતું નથી

એ, ઓ ના સાંકડા અને પહોળા એવા બે ઉચ્ચાર થાય છે માટે પહોળા ઉચ્ચાર દર્શાવવા અર્ધચન્દ્રાકાર કે અવળી માત્રા કે એવાં કાઇ ચિહ્ન લખવાં જોઇએ, એમ હાલમાં એક પક્ષ કહે છે, ત્યારે બીજો પક્ષ નવાં ચિહ્ન યોજવાં ઇષ્ટ નથી એમ કહે છે. એ બાબત કવિ, કોશની પ્રસ્તાવનામાં પહોળા ઉચ્ચારવાળા શબ્દોનું થોડું ટિપ્પણ આપીને તે વિષે વિવેચન કરે છે કે "પોળા એ–ઓના ખરે-ખરા ગુજરાતી શબ્દો (પરભાષાના ને બીજા સયુકત વર્જે કરતાં) ઘણાજ થોડા છે. એ શબ્દોમાંના કેટલાકનાં પુર્વકાળનાં રૂપાન્તરોમા હ વર્ણ જૂદો લખેલો છે તે કાડી નાખતાં એ પોળો બોલાયો છે એમ જણાય છે. પોળા ઉચ્ચારનું બીજુ કારણ વધારે સરળતાનુ પણ છે. એ ઉચ્ચારણ ફારસી આરબી ઉચ્ચારણને કંઇક મળતુ લાગે છે પણ વસ્તુત જૂદુજ છે." કવિના આવા વિવેચન સાથે પોતાનો મત મેળવીને રા. બ. કમળાશંકર પહોળા ઉચ્ચાર ઉત્તર તરફના છે, માટે પ્રાન્તિક છે, એમ ગણી નવાં ચિહ્નો યોજવાં ઇષ્ટ નથી, એમ કહે છે; જ્યારે જોડણી કમિટિનો ઠરાવ એવો છે કે 'એ, ઓના સંવૃત વિવૃત ઉચ્ચારની ભિન્નતા માટે જુદાં જુદાં ચિહ્નો કરવાની છૂટ રાખવી પરંતુ પરભાષાના શબ્દોના ઉચ્ચારમાં ભ્રાન્તિ ન થાય તે માટે આ ચિહ્નોનો ખાસ ઉપયોગ ઇષ્ટ છે." સારાંશ કે કવિએ તો એવા ઉચ્ચારના શબ્દો બહુ થોડા છે, એમ જણાવી નવાં ચિહ્નો યોજ્યાં નથી પણ વિચાર કરતાં એમ જણાય છે કે જ્યારે એવા શબ્દો થોડા હોય તો ચિહ્નો લખવાની અડચણ પણ થોડીજ પડશે અને તેથી ઉચ્ચારને અનુસરતું લેખન થશે, એ મોટો લાભ છે. સર્વત્ર ઉચ્ચાર પ્રમાણે ન લખાય તેથી

કરીને જેટલે દરજ્જે લખી શકાય, એવી યોજના સહેલથી થતી હોય તો તેને પણ ન સ્વીકારવી, એવો કવિનો મત હતોજ નહિ. તે એમણે હકારને માટે ચિહ્નો યોજ્યાં છે તે ઉપરથી આપણી ખાતરી થાય છે. વળી કવિ ઉચ્ચારણના સંબંધમાં લખે છે કે “ગુજરાતી વર્ણોનું મૂળ સંસ્કૃત વર્ણોના જેવુંજ થાય છે, પણ ભાષાની ઘટના પરત્વે, ભૂમિપ્રદેશ તથા લોકજાતિ પરત્વે અને લોકમાં વિદ્યાભ્યાસ ઓછો તેથી કેટલોએક અન્તર પડયો છે. ઘણોએક અન્તર તો વિદ્યાના સામાન્ય પ્રસારથી ટળી જશે” કવિનો આવો મત છે તેથી અવશ્ય ખાતરી થાય છે કે ઉચ્ચારનો જે તાત્ત્વિક ભેદ વિદ્યાના પ્રસારથી પણ કદી ટળી જાય એમ નથી, તેવો ભેદ દર્શાવવાને જુદાં ચિહ્નો યોજવાંજ જોઇએ, એ મત તરફ લાંબા અનુભવે જો તેઓ હયાત રહ્યા હોત, તો આવી જાત અરબી, ફારસી અને અંગ્રેજી આદિ પરભાષાના શબ્દો નવાં ચિહ્નોની યોજના વગર ગુજરાતીમાં શુદ્ધ સ્વરૂપમાં લખાવા મુશ્કેલ છે જેમકે, ફારસી જે અક્ષરને બદલે ગુજરાતીમાં ઝ લખી ઔરંગઝેબને બદલે ઔરંગઝેબ હાલ લખાય છે. તેજ પ્રમાણે અંગ્રેજી *f* અક્ષરનું પણ બને છે પણ ભાષાના સઘળા શબ્દોને જો શુદ્ધ સ્વરૂપમાં લખવા પ્રયત્ન કરીએ, તો તો ઘણાં નવાં ચિહ્નો યોજવાં પડે. આવા પૂર્વપક્ષને લીધે જેના વિના નજ ચાલે, એવા બહુ વપરાશના પરભાષાના શબ્દોને માટે પણ કંઈ ચિહ્નો યોજ્યા વિના ગાડું ચલાવ્યા કરવું, એ કંઇ ઇષ્ટ નથી. ફારસી ખ, નો ઉચ્ચાર આપણે બોલીએ છીએ તેમ, અને બીજો ગળામાંથી બોલાતો હોય એવો બે પ્રકારનો થાય છે. તેનો ભેદ ન બતાવીએ તો તેવા શબ્દોમાં અર્થનો અનર્થજ થાય. માટે એ

અને એવાજ બીજા બહુ વપરાશવાળા અક્ષરોની નોંધ કરી તેને માટે અવશ્ય ચિહ્નો યોજવાં જોઇએ. આવો મત કવિ નર્મદની જીંદગી જો લંબાઈ હોત તો તેઓ અવશ્ય માન્ય કરત, એવો એમનો સ્વભાવ એમના લખાણુથી આપણુને સમજાયા વિના રહેતો નથી.

અનુસ્વાર અને અનુનાસિક—આ બાબતમાં પણ હાલમાં ભિન્ન ભિન્ન મતો છે. કેટલાકો નિઃસંદિગ્ધ ઉચ્ચાર બતાવનારા લેખનના પક્ષપાતને લીધે અનુનાસિકની વપરાશ વધારવાને કહે છે, જ્યારે કેટલાકો અનુસ્વારથી પણ અનુનાસિકના જેવો જ્યાં ઉચ્ચાર થતો હશે ત્યાં તેવોજ થશે, એમ કહી અનુસ્વારથીજ ચલાવી લેવાનુ કહે છે, અને કેટલાક મધ્યસ્થો એમ કહે છે કે જ્યાં અનુનાસિકનો સ્પષ્ટ ઉચ્ચાર થાય છે ત્યાં અનુનાસિક અને અનુસ્વારનો વિકલ્પ રાખવો, અને જ્યાં અનુસ્વાર માત્રનોજ ઉચ્ચાર થાય છે ત્યાં અનુસ્વારજ રાખવો. એવોજ મત પરિષદ્‌ની જોડણી કમિટિએ પણ આપ્યો છે. પણ કવિનો મત આ બાબતમાં એવો જણાય છે કે જ્યાં અનુનાસિકનો સ્પષ્ટ ઉચ્ચાર થતો હોય ત્યાં અનુનાસિકજ લખવો. અનુસ્વારનો વિકલ્પ રાખવો નહિ

આ ઉપરથી તેમજ જોડણી અને લેખનશુદ્ધિના સઘળા કવિના નિયમો જોતાં કવિનો મત જેવું બોલવું તેવુંજ લખવું, એ હતો પરંતુ લાંબા કાળથી રૂઢ થએલા રૂપોમાં ભાષાનું સ્વરૂપ બદલાઈ જાય, એવો મોટો ફેરફાર કરવો નહિ, એમ પણ તેઓ ઇચ્છતા હતા

નર્મ વ્યાકરણ—નર્મકોશ અને નર્મકથાકોશ સિવાય ભાષા સંબંધીના પુસ્તકોની અન્ય રચનામાં કવિ રચિત વ્યાકરણ છે. વ્યા-

કરણુનાં પુસ્તકોના બે ભાગ રચી બહાર પાડ્યા છે, તો પણ વિષય અપૂર્ણજ રહ્યો છે. પહેલા ભાગમાં વર્ણવિચાર છે અને બીજામાં નામવિચાર છે. વિષય અપૂર્ણ છે, એટલે હાલના ગુજરાતી વ્યાકરણોમાં કેટલીક બાબતોનું નિરૂપણ યથાયોગ્ય થએલું જણાતું નથી, તેને બદલે કવિનું નિરૂપણ તે બાબતોમાં કેવું હતું, તે જાણી શકાય એમ નથી. નવલરામભાઈ નર્મવ્યાકરણના બે ભાગો વિષે લખે છે કે 'એ બંને અને ૧લો તો વિશેષ કરીને સારો છે.' માટે આપણે ધારી શકીએ કે જો બીજા ભાગો લખાયા હોત, તો કોશની પેઠેજ એમનો પ્રયત્ન યશસ્વી નીવડત, અને આજે આપણી પાસે કોશ કરતાં પણ એક પ્રમાણભૂત, પ્રૌઢ, અને સંસ્કારી વ્યાકરણના પુસ્તકની વધારે ખોટ છે, તે ઘણે અંશે પુરાઇ જાત.

નર્મદનાં નાટકો—જે નાટકોને સાહિત્યમાં ગણાવી શકાય, એવાં નાટકો લખવાનું કવિએ ધાર્યુંજ નહતું, એમ કવિની જીવનકથા ઉપરથી જણાય છે. નવલરામભાઇ જણાવે છે કે 'આ નાટકો જેવા ઉદ્દેશથી લખાયલાં તેવાંજ છે એટલે તે કવિની કીર્તિમાં કાંઇ વધારો કરે એવાં નથી.' એમનાં નાટકોનો ઉદ્દેશ પણ સ્પષ્ટ જણાએલો છે. નર્મકવિતા તથા નર્મકોશના મોટા ગ્રંથો છપાવવાથી તેમજ સરસ્વતી મંદિર નામનો ભાષણને ઉપયોગી બંગલો સુરતમાં બંધાવવાથી કવિને બાર તેર હજારનું કરજ થઇ ગયું હતું. તે વાળવાની અને રોજનુ ઘરખર્ચ ચલાવવાની કવિને ભારે મુંઝવણ થઈ પડી હતી, માટે કોઇ પણ પ્રકારે જો પૈસાની પ્રાપ્તિ ન થાય, તો નોકરી ન કરવા વિષેનો પોતાનો ટેક છોડી દેવ ને પણ કવિ પોતના મનમાં

ઘડભાંજ કરી રહ્યા હતા. એવામાં હાલની નાટકશાળાની રંગભૂમિ ઉપર ભજવાતાં નાટકો રચવા તરફ પૈસા પ્રાપ્તિને અર્થે તેમની રૂચિ થઈ હતી. તે વખતે ભજવાતાં નાટકોનું સાહિત્ય નહિ જેવું હતું. કેટલીક નાટકમંડળીના પાત્રો કથાભાગ યાદ રાખીને મરજી પ્રમાણે કંઈ તૈયારી વગર રંગભૂમિ ઉપર બોલી જતા હતા. કેટલીક મંડળી પદ્યબંધ આખ્યાનો સૂત્રધાર પાસે ગવડાવી તેઉપરથી બીજા પાત્રો પાસે ભાંગુતૂટું બોલાવતી હતી, પણ પુનાની ઉત્તમ નાટક મંડળીઓ એવી અસંસ્કારી ન હતી. તેઓ હાલની પદ્ધતિ પ્રમાણેજ નાટક કરતી હતી. તે ઉપરથી મુંબઈમાં પણ તેનું જોઈ સુધરેલી પદ્ધતિ પ્રમાણે પારસી નાટક મંડળીઓ નાટક કરવા લાગી, અને તેની સ્પર્ધામાં હિંદુ નાટકમંડળીઓ ઉભી થઈ અને 'લલિતા દુ:ખદર્શક' જેવા ખેલો ભજવવા લાગી નવલરામનુ 'ભટનું ભોપાળુ' પણ સુરતની એક નાટકમંડળીએ ભજવી બતાવ્યું હતું, મતલબ કે તે વખતે નાટક મંડળીઓ ભજવવાનાં સંસ્કારી નાટકો કોઇ વિદ્વાનો રચી આપે, એવી ઇચ્છા બહુ ધરાવતી હતી, તેથી કવિને પૈસા સંબંધીની બહુ તંગીવાળી સ્થિતિમાં નોકરી ન કરવાનો ટેક રહે તેટલા ખાતર નાટકો લખી જલદી પૈસા પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ હતી તે ઉપરથી કવિએ દ્રૌપદી દર્શન, કૃષ્ણા કુમારી, સીતા હરણ, સાર શાકુંતલ, બાળ કૃષ્ણ વિજય, રામજાનકી દર્શન, વગેરે નાટકો લખ્યાં હતાં. એ નાટકોના કેટલીક વાર 'નાટક ઉત્તેજક મંડળી' એ પ્રયોગો કીધા હતા. કેટલાક પ્રયોગો વખતે તો નાટકશાળા ચિકાર ભરાઈ જતી હતી, તોપણ કવિને આ માર્ગેથી આશરે રૂા. ૧૩૦૦ જેટલીજ પ્રાપ્તિ થઈ હતી, તેથી એવા માર્ગેથી પણ

કવિનો નિર્વાહ ન ચાલવાથી આખરે ટેક છોડી નોકરી તો કરવીજ પડી હતી. તાત્પર્ય એ છે કે મનની ઉંડી મુંઝવણ, પૈસો ઝટ પ્રાપ્ત કરવાને લખવામાં કરવી પડતી ત્વરા, અને ઉમંગ રહિત પરિસ્થિતિ વચ્ચે નાટક સાહિત્ય શ્રેષ્ઠ ન રચાય, એ સ્વાભાવિકજ છે માટે કવિએ આ બાબતમાં ઉદ્દેશ પુરતુજ કામ કીધું છે, એમ કહીએ તો ચાલે. **ડૉ જોન્સન** સાથે કોશની પેઠે આ બાબતમાં પણ કવિનો મુકાબલો થઇ જાય છે જોન્સને પોતાની માતાની ઉત્તર ક્રિયાને સારૂ ફકત આઠ દહાડામાં 'રેસેલાસ' નામની એક નવલકથા રચી હતી જેના તેને બુકસેલરોએ ૧૦૦ પોંડ આપ્યા હતા એ વાર્તામાં વસ્તુ રચના કે સ્થિતિપ્રયગ સઘળું ઢંગધડા વગરનુ છે છતાં તેની ભાષાની રમકઝમક, વિચારની શ્રેષ્ઠતા વગેરે ઉત્તમ ગણાય છે, તેમ આપણા કવિ નર્મદનાં નાટકો કઇ સાહિત્યની સેવા ખાતર નહિ પણ બીજા ઉદ્દેશથી અને વિષમ પરિસ્થિતિમાં રચાએલાં હોવાથી ભલે એને સંગીન સાહિત્યમાં સ્થાન ન આપીએ, તોપણ તે એની ભાષાની ધમક, અને વિચારોની સુઘડતા તથા ધમક ભરેલી શૈલીને ખાતર આપણને આકર્ષક તો થઇ પડે છેજ વળી જોન્સન સુધી શું કરવા જઇએ આપણાજ કવીશ્વર **પ્રેમાનંદ** જેવાનુ છેક નિર્માલ્ય પુસ્તક 'લક્ષ્મણા હરણ છેજ તો! પણ પ્રેમાનંદે તે પુસ્તક "રસ અલંકાર કાંઈ ન જાણે એવા વણિક શેઠિયાનું મન મનાવવા રચ્યું હતું તેથી, અને એ રચ્યુ ત્યારે પ્રેમાનંદ એક વર્ષથી માંદા હતા તેથી તેમાં સાવધાનતાની ખામી જોવામાં આવે છે......પરંતુ એનું ઉત્તમપણું બનાવટની ત્વરામાં રહેલું છે." આવી પરિસ્થિતિને લીધે એ નિર્માલ્ય રચના માટે પણ આપણે સંતોષ પકડીએ છીએ

તો નર્મદનાં નાટકો માટે સંતોષ ન પકડવાનું આપણને કંઇ વિશેષ કારણ છે? વળી એક મહત્ત્વનો ખુલાસો નવલરામભાઈ કરે છે કે "નર્મદાશંકરનું કવિત્વ સ્વાનુભવરસિકજ હોવાથી, નાટકાદિમાં બરાબર સિદ્ધિને પામી શકતું ન હોતું. પાત્ર પરત્વે રસવર્ણન કરવામાં સર્વાનુભવરસિક કવિત્વ જોઇએ છીએ. એ કવિત્વ ગુજરાતીમાં તો પ્રેમાનંદ ભટ્ટમાંજ પરિપૂર્ણપણે જોવામાં આવે છે." આ અભિપ્રાય સત્ય છે. કારણ કે નર્મદે પોતાના એવા કુદરતી સ્વભાવથીજ સંગીન નાટકસાહિત્ય રચવાનું હાથ પર લીધુંજ નથી, છતાં હાલમાં રંગભૂમિ પર ભજવાતાં ઘણાં નાટકો કરતાં ઘણી રીતે જેટલું કર્યું છે, તે ઉત્તમ છે, એમ તો સ્પષ્ટ જણાય છે.

સંશોધિત ગ્રંથો અને ભાષાંતરો—કવિ નર્મદ પોતાની અનેક સ્વતંત્ર કૃતિઓ સિવાય બીજા જૂના કવિની કેટલીક લોકપ્રિય કૃતિઓને પણ સંશોધી તેનો રસાસ્વાદ આપણને મળે, એવું કરવાને પણ ચૂકયા નથી. આ કામને માટે પસંદગી પણ તેમણે જેવા તેવા કવિઓની નથી કીધી પણ રસિક જનોને પ્રેમ અને આનંદથી પ્રિય થઈ પડેલા વડોદરાવાળા પ્રેમાનંદ, અને ડભોઈવાળા શૃંગારકવિતાથી પ્રસિદ્ધ થએલા દયારામભાઇને પસંદ કીધા છે. પ્રેમાનંદ કૃત દશમસ્કંધ અને નળાખ્યાન તેમજ દયારામકૃત કાવ્યસંગ્રહ કવિએ સંશોધી છપાવ્યાં છે, ઉપરાંત મનોહર સ્વામીનાં પદોનો સંગ્રહ અને નાગર સ્ત્રીઓનાં ગીતોનો સંગ્રહ પણ આ રસિક કવિએ પ્રકાશમાં આણ્યો છે. જૂના કવિઓને આમ પ્રકાશમાં આણવાને કવિએ ભારે શ્રમ ઉઠાવ્યો છે. તેનો ખ્યાલ આપણને કવિએ છપાવેલા નર્મગદ્ય પુસ્તક ૧ લામાં

દયારામના સંક્ષિપ્ત ચરિત્રની નીચે આપેલી ટીપ વાંચવાથી માલમ પડે છે. તેમાં કવિ પોતે ઉઠાવેલા પરિશ્રમનું વર્ણન કરી કહે છે કે "દયારામકૃત કાવ્ય સંગ્રહનું મોટું પુસ્તક છપાવી પ્રગટ કરી દયારામને અમર કરવામાં હું તને, મને, ધને, ઘણો ઘસાયો છ ને મે જેટલો કાળ કાહાડયો છે તેટલો કાળ મારાં પુસ્તકો લખવામાં કાહાડયો હત તો મને વધારે માન હતું એ વાતનો વિચાર પણ જો કે નથી કરયો તોપણ લોકને એક મોટા રસિક કવિનું પુસ્તક આપ્યું છ એથી હું ઘણો સંતોષ માનું છઉં" આ ઉપરથી સાહિત્ય સેવાની જુદી જુદી શાખાઓમાં કવિએ મહા પરિશ્રમયુક્ત, સચોટ, અને સ્વાર્થત્યાગથીજ કર્તવ્ય કીધું છે, એની શું આપણને પ્રતીતિ નથી થતી? જ્યારે હાલમાં અનુવાદો અને ભાષાંતરોજ થાય છે તે પણ ઘણે ભાગે કેટલાં નમાલાં હોય છે! જૂના કવિઓને પ્રસિદ્ધ કરવામાં પોતાના સત્ય પરિશ્રમનું સરળ દિલથી વિવેચન કરવાથી અને તે તે કવિઓની કૃતિઓ માટે સચોટ સત્યતાની સાબીતીઓ રજુ કરવાથી પણ હાલનો મામલો જોતાં કવિ નર્મદને માટે અતરનું માન ઉત્પન્ન થવું જોઇએ; કેમકે પ્રેમાનંદના પ્રસિદ્ધ થએલા નાટકોને માટે હાલ કેટલોક વખત થયાં તેમના કર્તૃત્વ વિષે બે મત પડી ગયા છે, અને નાસ્તિપક્ષ તથા અસ્તિપક્ષે ચર્ચાપત્રોના ગંજ વાળી દીધા છે અને વાળતાજ જશે તો શું નાસ્તિપક્ષ કહે છે, તે પ્રમાણે પ્રકાશકનું એ કર્તવ્ય નથી કે તેઓ "માત્ર અસલ હસ્તલેખો રજૂ કરે, અથવા તે વિશે ખુલ્લા દિલથી પૂર્ણ હકીકત જાહેર કરે અને પોતાનાં પ્રમાણ આપે." અસ્તુ એ બાબત ગમે તેમ

થાઓ પણ આ ઉપરથી આપણે એજ જોવાનું છે કે કવિ નર્મદ જેવી પ્રકાશક શૈલી હોય તો તે વિષે મોટો ઝગડો આમ કદી ના ઉઠે.

'નવ રસમય બ્રિજરાજ' નાં ચરિત્રનો દશમસ્કંધનો ગ્રંથ કવિએ આઠ આઠ પ્રતોમાંથી ત્રણ માસ લગી રાત ને દહાડા મચ્યાં રહી શુદ્ધ કર્યો છે તે જોતાં, તેમજ તે ગ્રંથની પ્રસ્તાવનામાં કેળવણી ખાતાના ઇન્સ્પેકટર **ડૉ. બ્યુલર** સાહેબને કવિએ જૂના ગ્રંથોના સંશોધન માટે પોતાનાં ધોરણ નિયમ લખી મોકલેલાં તે આપ્યાં છે, તે વાચી જોતાં કવિ નર્મદ જે કામ હાથપર લેતા તેમાં તન્મય થઇ જઇને તેને પૂર્ણતાએ પહોંચાડી કૃતેહમંદ થયા વિના રહેતાજ નહિ, એ સ્પષ્ટ માલમ પડે છે. કવિ પ્રસ્તુત ગ્રંથ વિષે લખે છે કે "૧૮૫૩ની જૂની પ્રતથી પહેલાંની પ્રત મળે તો આ ગ્રંથ હજુ વધારે શુદ્ધ થાય પણ તેવી પ્રત મળવી મુસ્કેલ છે. ને તેવી કોઈ નથી મળી ત્યાં સુધી આ શુદ્ધ કરેલો ગ્રંથ-પ્રેમાનંદના હાથથી લખાયલા ગ્રંથની પહેલીજ પ્રત છે એમ માનવું એ અન્યાય નથી." કવિની આવી માન્યતા ગ્રંથ વાંચતા આપણને ખાતરી આપે એમ છે એમાં પ્રેમાનંદના વર્ણનરસની તેજી, કવિત્વચાતુરી, અને સર્વાનુભવરસિકત્વ. વગેરે ગુણો સરસ રીતે દીપિમાન થએલા અનુભવાય છે. કવિ નર્મદ સંશોધિત ઉકત આવૃત્તિની પછી એનાથી શુદ્ધ અને સર્વોત્તમ આવૃત્તિ બહાર પડી નથીજ, કારણ કે નર્મદની પેઠે સરસ્વતીની સેવા અનન્ય ભાવે કરનાર વિરલજ હોય છે.

કવિએ ભાષાન્તર કરેલાં એવાં ત્રણ પુસ્તકો છે. એક 'શ્રીમદ્ ભગવદ્ ગીતા,' બીજો મુંબઇ સરકારના હુકમથી જેમ્સ કેમ્પબેલના

અંગ્રેજી ગેઝેટિયરના ગ્રંથો ઉપરથી સાર લઈ બહાર પાડેલો 'ગુજરાત સર્વ સંગ્રહ' અને ત્રીજો 'કાઠિયાવાડ સર્વસંગ્રહ' છે એ સિવાય કવિની હયાતીમાં ન છપાએલો એવો એક અર્થશાસ્ત્રનો કવિરચિત 'દેશ વ્યવહાર વ્યવસ્થા' નામનો ગ્રંથ 'ગુજરાતી' પ્રેસના માલીકે છપાવીને થોડા વખત પર બહાર પાડ્યો છે.

આ પ્રમાણે કવિની અનેકાનેક વિષયની ગદ્ય સાહિત્યસેવાનુ સ્પષ્ટીકરણ થયું હવે એમની કવિ તરીકેની પદ્ય સાહિત્યસેવા પર પક્ષીની પેઠે નજર નાખવી પડશે, નહિ તો લેખ અતિ વિસ્તૃત થઈ જાય

નર્મ કવિતા—કવિનુ ગુજરાતી, અંગ્રેજી અને બીજી પર ભાષાનું જ્ઞાન કેટલું અને કેવા પ્રકારનું હતું, તેમજ એમની જ્ઞાનપ્રાપ્તિને માટે જીજ્ઞાસા અને ખંત કેવી હતી, તેનુ યથાસ્થિત વર્ણન એમના જીવન ચરિત્રમાં બહુ અચ્છી રીતે નવલભાઇએ આપ્યું છે. જેથી તે વિષે અત્રે બોલવાનું કંઈ રહેતું નથી, તો પણ એટલુ તો જણાવવું જોઇએ કે એમના અધ્યાપકો પ્રિન્સિપાલ ગ્રીન, મિ ગ્રેહામ, પ્રો. રીડ કે જેઓ તે કાળમાં પોતાની વિદ્યા, બુદ્ધિ, સ્વભાવ અને શિક્ષણ શૈલીમાં પંકાએલા હતા. તેઓ હતા. અને કવિ પોતે પણ નૈસર્ગિક શકિતના નમુનારૂપ હતા—આમ સોની અને સોનું બંને ઉત્તમ પ્રકારનાં હોય ત્યાં પછી ઘાટ નમુનેદાર ઘડાય એમાં કંઇ શક હોય ! આજ કારણથી તે કાળના સુશિક્ષિત નરરત્નોમા કવિ એક નમુનારૂપ ગણાયા હતા સને ૧૮૫૬ની ૨૮મી જુને કવિએ કોલેજ છેલ્લી વાર છોડી દીધી, ત્યાં સુધીમાં એમણે અંગ્રેજી

ઉંચા કવિઓ અને ગ્રંથકારોના કાવ્ય અને તત્વજ્ઞાનના ગ્રંથોનો સારો અભ્યાસ કરવા ઉપરાંત ખાનગી રીતે સંસ્કૃત ભાષાનું અને જુની ગુજરાતી કવિતાઓનું સારૂં જ્ઞાન મેળવી લઈ એક સારા ગ્રંથકાર કે પંડિત થવાની યોગ્યતા પ્રાપ્ત કરી લીધી હતી, પણ કવિ તરીકે નામ કાઢવામાં પિંગળ, અલંકાર ને રસ-પ્રકરણના જ્ઞાનની ખામી હતી તે ખામી તે પ્રકરણોના સંસ્કૃત અને ભાષાના ગ્રંથો તથા તે શીખવનાર અધ્યાપકોને ભગીરથ પ્રયત્ને મેળવી તેમાં સુજ્ઞાત થઈ પુરી દીધી. આ પ્રકારની તૈયારી કરવામાં કવિને ત્રણ ચાર વર્ષ લાગ્યાં, છતાં એ પ્રયત્ન કાળમાં પણ ઘણીક કવિ-તાઓ રચી નર્મદ, કવિ તરીકે ઓળખાતા તો થઈ ચૂકયા હતા. તે કાળની એમની કવિતાની રચના ક્લિષ્ટ અને થડકાતી ભાષાવાળી અસરલ છે. એમ નર્મકવિતાનો ગ્રંથ જોનારને માલુમ પડે છે અને આવી જાતની ટીકા પણ તે કાળમાં થઈ હતી. તેનાં કારણો આપ ણને ઉપરના વિવેચનથી જડી આવે છે. કવિ પોતે કબુલ કરે છે કે "૧૮૫૫થી ૧૮૫૮ લગીની મારી કવિતા, પિંગળના નિયમ પુરતા જાણ્યામાં નહિ તેથી, હ્રસ્વ દીર્ઘ રાખવાજ જોઇએ એ વિચારથી, કોઇને માત્રામેળ છંદો વાંચતાં સાંભળેલા નહિ તેથી, મારી મરજી પ્રમાણે મેં મારા તાલમ વાંચેલા તેથી, મુંબઈ સુરતમાં કોઈ પિંગળ જાણનારો નહોતો અને શુદ્ધ લખવાની ખંત તેથી, થડકતી છે." પરંતુ સઘળી રીતની યોગ્યતા મેળવ્યા પછી ઇ. સ. ૧૮૫૯થી કવિનો પદ્યબંધ સરળતાવાળો થતો ગયો છે, વળી ઉત્તરોત્તર એમણે કાવ્યશાસ્ત્રના પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કર્યાજ કરી છે. જે જે નવી બાબતો કવિ શીખતા કે તુરત તે વિષે કંઇ ઉલ્લેખ કરવો, એવો

એમનો સ્વભાવ હોવાથી તેમજ પિંગળનું જ્ઞાન થયા પછી એમના પિતાની ઇચ્છા ઉપરથી લાગલોજ 'પિંગળ પ્રવેશ' સને ૧૮૫૭માં બનાવી પોતાના પિતાને અર્પણ કર્યો. ગુજરાતી જાણનારને પિંગળનું જ્ઞાન મેળવવામાં તે કાળે જે મહાન મુશ્કેલી હતી, તેનો કવિને પૂર્ણ અનુભવ થયો હતો. તે મુશ્કેલી ટાળવાને ગુજરાતી ભાષામાં સૌથી પહેલો આ પ્રકારનો પ્રયત્ન કવિએ કર્યો જો કે કવિ દલપતરામે બુદ્ધિપ્રકાશમાં એકાદ વર્ષ સુધી કેટલુંક પિંગળ વિષયક લખાણ કર્યું હતું ખરું પણ તે બહુ જૂજ હતું

પિંગળપ્રવેશ પછી અત્યાર સુધીમાં એ બાબતના બીજા ગુજરાતી પિંગળ, પિંગલાદર્શ, અને રણપિંગળ નામના—ત્રણ પુસ્તકો બહાર પડયાં છે. તે દરેકમાં ઓછો વત્તો દોષ ટીકાકારોએ બતાવેલો છે. પિંગળ પ્રવેશમાં ખાસ કરીને કુંડળિયા, હરિગીત, છપ્પય વગેરે હિંદી છંદોમાં કવિએ ઠોકર ખાધેલી છે, એમ ટીકા કરવામાં આવે છે. **નવલરામભાઇ** પણ કવિ. હરિગીતની રચનામાં ઘણીવાર ઠોકરાઇ પડયાનું કહે છે. ટીકાનાં કારણો વાસ્તવિક છે. કવિએ હરિગીતના સ્વકલ્પિત બંધારણમાં તેના આખા ૨૮ માત્રાના ચરણને બદલે ૨૬ માત્રાનાં બે ચરણ પાડયાં છે અને તાળ, વિરામ વગેરેનું બંધારણ પણ ફેરવી નાખ્યું છે આવીજ રીતે રા **નરસિંહરાવે** પણ શુદ્ધ હરિગીતની દરેક કડીમાં ૧લું અને ૩જું, એ બે ચરણો અઠ્ઠાવીસ અઠ્ઠાવીસ માત્રાનાં હોય છે, તેમ ન રાખતાં તેને બદલે કવિના બંધારણનાં ૨૬ માત્રાનાં ચરણો મકી. તેમાં તાળ પણ ૧લી માત્રાથી શરૂ થાય, એવા છંદની રચના કરી તેને 'વિષમ હરિગીત'

નામ આપ્યું છે. તે પ્રમાણે કવિના હરિગીતને 'હરિગીતની ચાલ' કહીએ તેજ વધારે યોગ્ય છે. કવિ જાતેજ પિંગળ પ્રવેશમાં કહે છે કે "માત્રા કવિતાનાં બંધારણ જે હિંદુસ્થાની ગ્રંથો પરથી લીધેલાં છે તે કવિતા કોઇને મ્હોડે સાંભળેલી નહિ માટે તેમાં તાલનો નીમ બદલાઈ ગયો હશે. મેં બધામાં આદિમાત્રાથી સમ અંતરે તાલ રાખી છે. હરિગીતનાં બંધારણમાંનો નિયમ મારો નવો રાખેલો છે." આ ઉપરથી જણાશે કે કોઈપણ વિષયમાં આદિ પ્રયત્ન કરનારને પાછળનાના કરતાં વધારે મુસ્કેલી નડે છે, તેથી તેમાં વધારે દોષ આવવા સંભવ છે. પાછળથી અનુભવ વધતાં દોષો દૂર થતા જાય છે. છતાં પહેલા પ્રયાસમાં પણ કવિ નર્મદને કેટલાક હિંદી છંદો સિવાય બીજા છંદોની ધ્વનિ સારી સિદ્ધ થએલી સ્પષ્ટ જણાય છે. હિંદી છંદોમાંએ હરિગીત સિવાય બીજા છંદોની રચનામાં કવિએ પાછળથી અનુભવથી સારી સિદ્ધિ મેળવી હતી. એકંદરે અક્ષરવૃત્તનો મહિમા પહેલ વહેલો ગુજરાતીમાં ઘણોજ ગજવનાર કવિ નર્મદને વિષે–તેમની સમગ્ર છંદ રચનાની ઉત્તમતાને માટે–કવિ સવિતાનારાયણે એક છપય છંદમાં પ્રેમાનંદના ઢાળ, શામળના છપ્પય, વલ્લભનાં ગરબા ગરબી, અને દયારામનાં પદોની પેઠે નર્મદના છંદ ગુજરાતમાં વખણાય છે, એમ જણાવ્યુ છે તે બરાબરજ છે.

કવિએ નારાચ વૃત્તથી બમણા માપનો નર્મવૃત્ત રચ્યો છે પણ નવલરામભાઇનો મેઘછંદ જેમ બીજા સાક્ષરો, કવિઓમાં પ્રસાર પામ્યો નહિ, તેજ પ્રમાણે નર્મવૃત્તનુ પણ બન્યું છે.

કવિ નર્મદે જૂના કવિઓની 'દેશી' ને ઠેકાણે છંદનો મહિમા વધારી દીધો હતો, તોપણ એમની કવિતાનો ઘણો ભાગ તો દેશી-

એમાંજ છે. દેશીઓ, ગરબીઓ, વગેરેમાં તો માપ હોયજ નહિ, એ ભ્રમણાને તોડવાનો સફળ પ્રયાસ નવલરામભાઇએ પોતાના 'દેશી પિંગળ' વિષેના લેખમાં કરેલો છે, પરંતુ ત્યાર પહેલાં પિંગળ પ્રવેશમાં કવિ નર્મદે જણાવેલુજ છે કે "દેશી રીતીઓમાં અક્ષરનીમ બીલકુલ નથી. માત્રાનીમ છે ખરો.........પણ એવું છે કે એ ગાવાની રીતો, છન્દોની રીતથી બનાવટમા અને બોલવામાં ઘણીજ જુદી પડે છે રાગમાં અથવા રાગભ્રષ્ટ ઢાળમાં ગયાથીજ એ રીતીઓ શોભે છે અને બનાવટમાં સુરતાલના ઉપર જરૂર આધાર રાખે છે .....એ બાબત લાંબો ખુલાસો હવે પછી કરીશ." પણ તેવો લાંબો ખુલાસો કવિએ પાછળથી કંઇ કીધેલો નથી, નહિતો નવલરામભાઇનો 'દેશી પિંગળ' નો અપૂર્ણ લેખ પણ આ બાબતના તેમના જ્ઞાન પરત્વે ઉચી પ્રતિભા બતાવી રહ્યો છે, તેમ બહોળા અવલોકનવાળા કવિના વિચાર પણ આ બાબતમાં જાણવાથી આપણને અવનવો પ્રકાશ મળત.

કવિએ પિંગળ શીખવામાં અગાધ પ્રયત્ન કરી તેનુ જ્ઞાન ફેલાવવાને માટે તુરત પિંગળ પ્રવેશ લખી કાઢયો, તેજ પ્રમાણે ચંદ્રાલોક, નૃસિંહચંપુ, પ્રતાપરૂદ્ર વગેરેનો ટુંક વખતમાં અભ્યાસ કરી તડાકાબંધ અલંકાર પ્રવેશ અને રસપ્રવેશ સને ૧૮૫૮ માં બહાર પાડયા. એમાંનો પહેલો નર્મગધની પેઠે ડોકટર ભાઉદાજીને અને બીજો નભુલાલ કવિને અર્પણ કર્યો છે. અલબત આટલી બધી ત્વરાથી મહાન વિષયોનું જ્ઞાન મેળવી તેનાં મૂળ તત્ત્વોનો ટૂંક સંગ્રહ કરી બીજા એજ જાતના ગુજરાતી પુસ્તકની મદદ વગર ફકત સંસ્કૃત અને અંગ્રેજી ગ્રંથોનું

તારતમ્ય કરી કવિએ ગુજરાતી ભાઇઓને નવા વિષયનો પહેલ વહેલો સ્વાદ ચખાડયો, તેમાં દોષ રહિત સપૂર્ણપણું હોઇ શકેજ નહિ, છતાં તેવી આશા રાખી કોઇ અણુછાજતી ટીકાઓ કરવા મંડી પડે તો તેને એકદર સિવાય બીજું શું કહેવું ? હાલમાં લક્ષ્ય વિષયનાં પુસ્તકો અને શીખવનાર આચાર્યો પ્રાપ્ત થવામાંનર્મદથી એક અંશની પણ મુશ્કેલી નથી. છતાં કયાં છે નર્મદ જેવા જિજ્ઞાસાવાન અને પ્રતિભાશાલી પુરૂષો ! અને જેઓ થોડા પણ એ વિષયોના પ્રેમી શીખનાર નીકળી આવે છે, તો તેઓમાંથી ઘણા ખરાને એ વિષયો નર્મદ જેટલા હસ્તામલકવત કરતાં વિલંબ પણ કેટલો લાગે છે ! તેમજ, શીખ્યા પછી કેટલી બધી મુદ્દત તેનું મનન, પરિશીલન વગેરે કરે છે ! છતાં પણ તેમના તરફથી બહાર પડેલાં પુસ્તકો કે લેખો શું સંપૂર્ણ દોષ રહિત હોય છે ? સાધારણ રીતે મેટ્રિક કે ફાઇનલ જેવી પરીક્ષામાં પાંચ દશ વર્ષે પાસ થએલો વિદ્યાર્થી ફકત એકજ વર્ષમાં તેનાથી ઘણાં વર્ષ પહેલાં પાસ થએલા વિદ્યાર્થીના તે વખતના પ્રશ્નપત્રોના ઉત્તરમાંનો એકાદ ભાગ દોષદર્શનવાળો હાથ લાગી જવાથી જેમ અમુક પ્રકારના આવેશને વશ થઇ કડક શબ્દોમાં ટીકા કરે, તેવુ કવિના સબંધમાં પણ ઘણી વાર બન્યું જણાય છે, પણ ગુજરાતીમાં જે જાત ના આવશ્યક ગ્રંથો ન હતા, તેનું બીજી ભાષાઓમાંથી અન્યાશ્રયે અને ઘણું ખરૂં આપબળથી જ્ઞાન મેળવવાની હોંસ, અને જ્ઞાન મેળવ્યા પછી તેનો લાભ દેશીઓને આપવાની ઉલટ, અને એ બંને ક્રિયાઓમાં અતિશય ત્વરા—આજ બાબતો કવિની નૈસર્ગિક બુદ્ધિશકિત અને ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિ કરવાની ઉલટને માટે એમનું શ્રેષ્ઠત્વ સાબિત કરવાને પુરતી છે.

નર્મદની હયાતીમાં તેનો સખ્ત ટીકાકાર કવિ હીરાચંદ હતો, તેમ હમણા થોડા વખત પર એક ટીકાકાર અલંકાર પ્રવેશમાં કવિ નર્મદની ઉદ્ધતાઇ અને અણસમજોનું એકેક ઉદાહરણ (કવિ નર્મદે સંસ્કૃત સાહિત્યાચાર્યોએ અલંકારના ઘટતા વર્ગ પાડ્યા નથી, એમ જણાવ્યું છે તે; અને એક ઠેકાણે રૂપકાલંકારને પરિણામાલંકાર લખ્યો છે તે.) આપી કડક શબ્દોમાં ટીકા કરે છે, પણ આપણા આર્ષ ગ્રંથોમાં અમુક વિષયની ઘટનાનો જે ક્રમ રાખ્યો હોય, તેના પૂર્ણ શ્રદ્ધાવાન ભક્ત ન બનતાં કોઇક પોતાની બુદ્ધિશક્તિથી અને જુદા દૃષ્ટિ બિંદુથી ઘટનાનું સ્વરૂપ ફેરવી નાખે, તો તેના કરતાં આર્ષે કરેલી ઘટના સુવ્યવસ્થિત અને સનાતન સિદ્ધ છે, તેનાં સભ્યતા પૂર્વક કારણો ન આપતાં "નર્મદની કેવળ ધૃષ્ટતાજ છે......એવા ઉદ્ધત પુરૂષને તે વિષે અભિપ્રાય આપવાનો અધિકાર નથી." વગેરે જેવા સૌજન્ય રહિત શબ્દોમાં મોઘમ ટીકા કરવી યુક્ત નથી આ પરથી એમ નથી સમજવાનુ કે દોષ બતાવવોજ નહિ પણ દોષ બતાવવાની શૈલી તો સસ્કારી અને શિષ્ટ હોવીજ જોઇએ કવિએ રૂપકાલકારને પરિણામાલંકાર કહ્યો છે. તે દોષ 'ભાષા ભૂષણ' ન સમજાયાથી તો નજ થએલો હોવો જોઇએ, કેમકે જયદેવકૃત અલંકારનો 'ચંદ્રાલોક' નામનો ગ્રંથ કે જેના ઉપરથી વ્રજમાં ભાષાભૂષણ રચાયો હતો, તે તેમજ કુવલયાનંદ જેવા અલંકારના ગ્રથોનો પણ કવિએ અભ્યાસ કીધો હતો, છતાં તેમના પ્રવેશગ્રથમાં કોઇ સૂક્ષ્મ દોષ હાલની આપણી સાહિત્યની તે તે શાખાઓમાં તે વખત કરતાં આગળ વધેલા, અને પોતાની લાંબી ઉંમર સુધી અધ્યયન અને મનન કરી વિષયનો પરિપાક ઉત્તમ રીતે પામેલા, એવા કોઇ સાક્ષ-

રને જણાય તો તે તો "જ્ઞાનના અદ્ભુત જ્યોતિથી આકર્ષાઇ અને તેથી અંજાઇ જઇ તે તરફ ઉત્સાહભેર ધસનાર યુવકોને સંબંધે હેવાં સાહસ વચનો સ્વાભાવિક છે." એ સૂત્ર લક્ષમાં લઈ ઉદાર વૃત્તિજ રાખે, અને કડક આક્ષેપો કદી કરે નહિ. સારાંશ કે અંગ્રેજીનું જ્ઞાન મેળવી, તેને યોગે બુદ્ધિવાદને દરેક પ્રસંગે માન આપી, જ્યાં ત્યાં સ્વત્વ દાખલ કરવાના આગ્રહવાળા, અને ગુજરાતી સાહિત્યની નિર્બળ અવસ્થાને દૂર કરવાની તીવ્ર લાગણી અને જુસ્સાવાળા કવિ નર્મદથી કેટલેક પ્રસંગે દોષ થયો હોય, તો તે ક્ષમ્ય થઈ શકે એવો છે; એમ સમજી એ કવિતા અને સાહિત્યના હાલના નવીન સંપ્રદાયના આચાર્ય અને ઉક્ત ગ્રંથોના આદિ કર્ત્તા વિષે અદ્ભુત માનની લાગણી ગુર્જર બંધુઓને હોય, એ સ્વાભાવિક છે.

છેલ્લો **રસપ્રવેશ** બહાર પાડયા પછી નાયિકાવિષય પ્રવેશ, નાટક પ્રવેશ, કાવ્યવિવેચન પ્રવેશ, અને ગાયન પ્રવેશ મળીને કુલ સાત પ્રવેશો બહાર પાડવાની કવિની અભિલાષા તો હતીજ. એવામાં કવિ હીરાચંદે પોતાના 'મિથ્યાભિમાન મત ખંડન' નામના ગ્રંથમાં કવિ નર્મદપર અનેક આક્ષેપો ભેગો એક એવો પણ ટોણો માર્યો કે "કવિ પ્રતિભા આણી અણાતી નથી. તે તો અણચિંતવી આવી મળે છે છતાં જો હિંદી કવિ કેશવદાસના કવિપ્રિયા ગ્રંથનો અભ્યાસ કરે તો કવિતાકળાનો મોટો પંથ દેખાય અને બુદ્ધિકંથ બને." આ ઉપરથી સંસ્કૃત સાહિત્યદર્પણ રસમંજરીનું મરાઠી ભાષાન્તર અને હિંદુસ્તાની સુંદર શૃંગાર, વગેરે ગ્રંથો કવિએ વાંચ્યા અને તે ઉપરથી પણ તેમાંના ક્રમથી જુદી રીતે ભેદ પાડીને ૧૮૬૬ના ઑ-

ગસ્ટમાં ગુમડાંથી થએલા મંદવાડમાં ફક્ત દશ દહાડામાંજ નાયિકા-વિષય પ્રવેશ બહાર પાડીને એ રસિકવૃત્તિવાળા કવિએ પોતાની સ્ત્રી **ડાહીગૌરીને** અર્પણ કર્યો. બીજા ધારણા પ્રમાણેના બાકીના ત્રણ પ્રવેશો બહાર પડી શક્યા નહિ.

હવે આપણે કવિના સાંસારિક, ધાર્મિક, વિદ્યાવિષયક વગેરે સુધારાની સેવામાં અર્પેલા સાહિત્ય તરફ દૃષ્ટિ કરીએ. અનેક પ્રકારના સુધારાનું સાહિત્ય કવિએ ગદ્યમાં અને પદ્યમાં બહાર પાડ્યું છે. પ્રથમ મુંબઈમાં 'જુવાન પુરૂષોની અન્યોઅન્ય બુદ્ધિ વર્ધક' એ નામની સભા ઉભી કરી તેના પ્રમુખ તરીકે કવિ નીમાયા હતા. એ સભાએ પાછળથી ગુજરાતના સુધારામાં ઘણી તેજી આણી હતી. તે સભાના માસિકમાં કવિએ સુધારાનુ સાહિત્ય બહાર પાડવા માંડ્યું. સુરતમાં પણ 'સ્વદેશ હિતેચ્છુ' નામની મંડળી કવિએ ઉભી કરી હતી અને તેમાં પણ તેઓ ભાષણો આપતા હતા. પણ એ વખતે કવિના સુધારાના વિષયની હદ ટુંકી હતી. કવિ કહે છે કે "એ વખતે ઉદ્યોગ કરવો, સંપ રાખવો, ભાષણ કરવાં, નિબંધો વાંચવા, ગ્રંથો લખવા, અને દેશનું ભલુ કરવુ એટલુંજ હું સુધારા સંબંધી જાણતો પણ જાતિભેદ, પુનર્વિવાહ, મૂર્તિપૂજા, ભક્ષ્યાભક્ષ્ય, વગેરેના સુધારા સબંધી વિચારોનુ મને સ્વપ્નુ પણ પણ નહોતું." અર્થાત્ હાલની સંસાર સુધારા પરિષદો જે જે મોટા સુધારા કરવા મથન કરે છે, તે જાતનું મથન કવિએ પાછળથી એટલે ૧૮૫૯ થી 'સંસ્કારી' સુધારાવાળા પોતે થયા, ત્યારથી અને ખાસ કરીને તેમના પિતાના મૃત્યુ પછી વધારે જોરથી કરવા માંડ્યું

હતું. તે વખતે જ્યારે દલપતરામની કવિતા નદીમાં 'ધીરે ધીરે સુધારાનો સાર' સાબરમતીના વહેણની પેઠે વહેતો હતો ત્યારે કવિ નર્મદનો કાવ્ય સમુદ્ર 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે'— એમ મુંબઈના સમુદ્રની પેઠે ઉછળી રહી ભાપણ ગર્જન મચાવી રહ્યો હતો. એ સુધારાના સાહિત્યમાં કવિની જોસ્સાદાર વાણી, દૃઢ સંકલ્પ, ઉગ્ર પણ સ્પષ્ટ વકતૃત્વ, સાચી દેશદાઝ, નિડરપણું વગેરે ગુણો ઉત્તમ કાવ્ય શૈલીમાં પ્રકાશી નીકળવાથી ગમે તેવા વિરૂદ્ધ મતવાળાને પણ કવિની બુદ્ધિશકિત અને દેશની તાત્કાલિક સુધારણાની દાઝ માટે માન ઉપજાવે એમ છે. 'જેવું હૈયે તેવું હોઠે' એ તત્ત્વ તો કવિની વાણીમાં ખાસ જણાય છે. અમુક વિચાર બહાર પાડવાથી લોકોમાં હાંસી થશે એવી ભ્રાંતિ કવિએ રાખીજ નથી. 'ધર્મ સંબંધી પડતી'ના વિષયમાં કવિ લખે છે કે—

મદ્ય માંસ વ્યવહાર, કહ્યા પાતક મોટાં છે.
નથિ વપરાતાં તેમ શકિતને શઠ કહ્યાં છે?

આવી રીતે કેટલીક વાર મદ્ય, માંસની તજવીજથી વપરાશ કરવાની દલીલ પૂર્વક તરફેણ કરી છે, તેની ના નથી. ભલે ક્ષત્રિયને હંમેશા અને અન્ય વર્ણને આપત્તિ કાલે મનુસ્મૃતિ આદિ શાસ્ત્રોમાં માંસ ખાવાની છૂટ આપી હોય, તેમજ મદ્યને હદમાં રહીને વાપરવાથી અમુક ફાયદા બતાવાતા હોય, તોપણ ભયંકર વસ્તુઓ તેનો ભાવ ભજવ્યાં વિના રહેજ નહિ. આ રીતે જોતાં કવિ બીજા યોગ્ય સુધારાની સાથે મદ્યમાંસની જાહેર સ્તુતિ કરવા જેવા સુધારાને એક

નાકે જઈ પહોંચ્યા હતા અને પુર વેગના આવેશમાં પોતાની કેટલીક ભૂલ આરંભમાં સમજ્યા ન હતા, એમ આપણને સમજાય છે; પણ એવાજ ઉછળના વેગનું અને આવેશનું બળ બીજા યોગ્ય સુધારાના સાહિત્યમાં ઉતરવાથી તે શબ્દવેધી બાણુની ગરજ સારે છે. તે પણ આપણે જોઇ શકીએ છીએ..

દેશના સાચા સુધારાનો પાયો સ્ત્રી પુરૂષોની કેળવણી છે, તેટલા માટે કવિએ પોતાનાં ઘણાં કાવ્યમાં બહુજ દાખલા દલીલો સાથે લોકોને ખાસ 'શુદ્ધિ આણી ફળ જાણી નર નારી ભણોરે' એવોજ બોધ આપ્યો છે, એટલુંજ નહિ પણ સુધારાના ઘણા ખરા વિષયનાં એમનાં કાવ્ય જોઇશું તો તેમાં છેવટે યુક્તિથી કેળવણીજ સર્વ સુધારાનું મૂળ છે, એમ કવિ જણાવ્યા વિના રહ્યાજ નથી. 'શરવીરનાં લક્ષણો' નાં પચીસ પદોમાં અનેક જાતનો બોધ કવિ લોકોને આપે છે, તેમાં પણ દરેક પદની છેવટે ભણવા ગણવાનું મહત્ત્વ કવિએ ખાસ બતાવ્યું છે ભણવાની સાથે ગણવું; અર્થાત્ પોપટીઆ ભણતર નહિ પણ ભણતરનુ રહસ્ય સમજીને ભણવું, એ તત્ત્વ કેળવણીના સુધારામાં કવિ ખાસ આગળ પાડે છે. ભણેલાં કરતાં પણ હરકોઇ રીતે ગણેલાં થવું, એ વધારે જરૂરનું છે, એમ કવિ 'રૂઢી સંબંધી પડતી' વાળી કવિતામાં નીચે પ્રમાણે કહે છે.

ભણે નહિ તો રહ્યું, ફરી બહુ દેશ ગણે જો;
રે અહિંયાના અહિ, દેશિ રાજા સુધરે જો !

આ પ્રમાણે 'ગણેલાં' થવું, એ વધારે જરૂરનું છે છતાં પણ 'ભણવું ગણવું' સાથે જો હોય તો પછી શી ન્યૂનતા રહે ! આનો

દાખલો આપણા હાલના નામદાર મહારાજા સાહેબ ગાયકવાડ સરકાર પુરો પાડે છે. આ ઉપરથી કહેવાનું તાત્પર્ય એ છે કે કવિએ જે વિષયનો બોધ આપવો મન પર લીધો છે, તેનું ઉપલેક ઉપલેક વર્ણન નથી કર્યું પણ વિષયનું સાંગોપાંગ નિરૂપણ કર્યું છે. સ્ત્રી કેળવણીનાં પદોમાં પણ 'નાનકડીને મોકલો ને નિશાળે' જેવા અને એવાજ બીજા કવિ દલપતરામનાં પદોની પેઠે સ્ત્રીઓ ભણશે તો સાસરીઉં શોભાવશે, રઢ કરીને પજવશે નહિ, ને માત તાતને ગમશે, વગેરે જેવા સામાન્ય લાભોજ એકલા ગણાવ્યા નથી; પણ સ્ત્રીઓ ભણશે ગણશે તોજ દેશનો સર્વ પ્રકારનો સુધારો વિના પ્રયત્ને થશે, એમ કવિ બતાવ્યા વિના રહ્યા નથી અને સુધારા સંબંધે આજ બીના મહત્ત્વની છે, કારણ કે સ્ત્રીઓ ભણશે ગણશે તો પોતાની સમાજમાં અમુક અમુક કુધારા છે, તે તેમની કેળવાએલી આંખો ઝટ જોઈ શકશે અને તેથી સુધારાના પુરૂષપ્રયત્નોની આડે ન આવતાં તેઓ ઉલટી સહાયક થઈ પડશે

બાળલગ્નની હાનિ પણ ઘણાં પદોમાં બીજા વિષયો ભેગી સંક્ષિપ્ત શૈલીમાં પણ જોસ્સાદાર વાણીમાં વર્ણવી છે. અલબત એ બાબત નવલરામભાઇની પેઠે 'વરરાજા બે માસનું બાળ બેં બેં કરતું. ઝડપાયું ઝટ ઝોળીમાં મન માડીનું ઠરતું.' જેવા ઉપહાસ ભરેલા, રમુજી, આડકતરી રીતના પણ અર્થસૂચક ટુચકાઓ કવિને લખવાનો કુદરતી સ્વભાવજ ન હતો પણ જે કહેવું તે એક મગની બે ફાડ જેવું, અને સીધી રીતે કડવા ઘૂંટડા ગળાવવા જેવુંજ, પણ કડવું પાનાર હિતસ્વીના જેવું ખરી લાગણીભરેલુંજ હોય છે. તે આપણે

'હિંદુઓની પડતી' ની કવિતાઓમાં 'બાળપણામાં લગ્ન, થાય છૈયાં-છોડીનાં;' એ ચરણથી શરૂ થતી ૭ કડીઓમાં જોઇએ છીએ. એમાં એક ચરણ 'જોડાંમાંનો મરદ છિ: એ બોલ વગોવ્' એમ આપી કવિ તે વિષે વિવરણ કરે છે કે "એવા નાકૌવત પરણેલા છોકરાને મરદ કહેવો—છી એથી તો મરદ શબ્દને મારે વગોવવો પડે છે—મરદના અરથ વિષે મને હલકો વિચાર આવે છે." આ વાંચી એ બાબત કવિની કેટલી બધી ઉજળતી ઉભરાતી લાગણી હતી, તે પ્રત્યક્ષ થાય છે

બાળલગ્નની રૂઢીથી કાચી ઉમરથી ઘર ઘાલી બેઠેલો શૃંગાર દેશીજનોની પાયમાલી કરે છે, એટલુંજ નહિ પણ તેમાં ખરા શૃંગારની લહેજત છેજ નહિ, તે બતાવવાને એ શૃંગારરસિક સુઘડ કવિ પોતાની જોસદાર સ્વાભાવિક શૈલીમાં નીચે પ્રમાણે કહે છે

અતિસ બનિ ગયા છો, બ્હાવરા ને જનાની,
ગમતિ ઘણિ થઇ છે, વાત શૃંગારમાંની;
પણ ખચિત વિચારો. ચિત્ત શૃંગાર ખીલે,
પુરૂષ પણથિ રાખે, વીર મર્દાઇ દીલે.
પુરૂપ સશુર હોયે, તો બને સ્ત્રી કૃપાળી,
ઉલટ થકિજ વાગે, પ્રેમના રંગ તાળી: ૯૦

અર્થાત્ પોતાની અને દેશની ઉન્નતિ કરવાને માટે પ્રથમ જે ગુણો પ્રાપ્ત કરવા જોઇએ, તે કરવાથીજ સામાન્ય રીતે પ્રિય લાગતો

શૃંગાર પણ વધારે લહેજત ભર્યો થઇ પડશે. આવું સાદું સત્ય પણ કવિની અર્થપ્રધાન અને સરળ તેમજ સચોટ શૈલીની કવિતાવાણીમાં સુમનોહર અને આકર્ષક થઇ પડે છે.

વહેમનો કોટ તોડી પાડવાના સાહિત્યમાં કવિએ ઘણીજ ભરતી કરી છે. વહેમને પોતાના દેશપર ચઢી આવેલો એક પ્રચંડ દુશ્મન કલ્પી તેની સામે સુધારાને લઢાવવામાં શૂરા રજપૂતોની પેઠે એમણે કેસરીઆંજ કીધાં છે. કવિ કહે છે કે:—

> વ્હેમ યવનની સાથ, સુધારાદિત્ય લડે છે;
> ભરતખંડમાં જુદ્ધ, કહૂં ચોમેર મચે છે.
> વ્હેમી બહુ ગુજરાત, તહાં સુધારા પક્ષી;
> સેનાનીમાં એક, કવી નર્મદ છે લક્ષી.

આ પ્રમાણે પોતેજ ગુજરાતમાં સુધારાનો એકલો સેનાની છે, એમ જણાવવા જેવી કવિની અભિમાનની ઉક્તિઓ છે, પરંતુ તે કાળે કવિને વહાલાં પ્રેમશૌર્ય ગુજરાતમાં જણાયાં નહિ, અને સુધારાને માટે દેશ, સમય, જનરંગ, સઘળું ફીકું જોયું, જેથી પોતાનામાં સુધારાનો જે જોસ્સો છે તેને સર્વત્ર અમલમાં મુકાવવાની તત્કાળ જોગવાઈ નથી મળતી, એમ જણાયાથી અને વળી તે સમયમાં સુધારાનો અહોનિશ અને હરદમ ઉહાપોહ કરી તેને અમલમાં મૂકવા જેટલી હિંમત કવિની પેઠે વિરલ હતી—એ બીનાઓનું જ્યારે આપણને ભાન થાય છે, ત્યારે આવાં વચનોમાં જણાતું અભિમાન આપણને ક્ષમ્ય લાગ્યા વિના રહેતું નથી.

ઉપર મુજબ સુધારાની દરેક શાખામાં કવિએ અર્પેલા સાહિત્યની ટુકી ટુકી નોંધ લઇશું તોપણ વિસ્તાર બહુ વધી જશે, માટે તેમ ન કરતાં ફક્ત એટલુંજ જણાવીશું કે પરદેશગમન કરનાર સાથે પંક્તિભોજન. નાતિભેદ, પુનર્લગ્ન, મરણ વખતનું રડવા કૂટવાનું ધાંધલ, વગેરે વિષયોમાં સંસાર સુધારા પરિષદો હાલ મથન કરે છે, તે સઘળી બાબતો ઉપર કવિએ પોતાની તેજસ્વી કલમ વાપરવામાં કંઇ કચાશ રાખેલી નથી. વળી **આર્યસમાજ** ધાર્મિક સુધારામાં જે જે હાલ પ્રયત્નો કરે છે, તે તે બાબતોને પણ કવિએ સારી રીતે ચર્ચી છે. મૂર્ત્તિપૂજા, શ્રાદ્ધ, ધર્મને નામે થતી અનેક પ્રકારની ગુરૂઓની પોપલીલા, વગેરેથી થતી દેશની પાયમાલીનુ કવિતામય ચિત્ર આપી તેનું વિદ્વતાયુક્ત અને પ્રમાણ પૂર્વક ખંડન કીધું છે.

પુનર્વિવાહની બાબતમાં **જદુનાથજી** મહારાજ સાથે વાદવિવાદ કરવાને કવિને ફક્ત પોતાનુ રક્ષણ કરવાને પોતાના પહેલવાન મિત્ર **કિસનબાવાને** સાથે લઇને વાદને અંગે બીજા કોઈ પણ સુધારા પક્ષી વિના એકલાજ જવુ પડયું, ત્યારથી સુધારાવાળાઓ ઉપર એમને તિરસ્કાર આવ્યો, અને તેમનામાં લોકવિચારની સામે થવા માટે જાહેર હિંમત આણવાને કવિએ વીરરસનાં અનેક પદો રચ્યાં છે. એ પદોમાં અનેક રીતે પોતાના પક્ષને શૂર ચઢાવવાને લશ્કરનો સેનાની જેવું લાગણી ભર્યું, જુસ્સાદાર વક્તૃત્વ બનાવે, તેવીજ વીરત્વ ભરેલી કાવ્યછટા માલમ પડે છે; તોપણ વખાને પાનો ન ચઢે એવું વર્તન સુધારાવાળાનું સામાન્ય રીતે કવિએ જોયું, ત્યારથી એમને

વિચાર થયો કે જે જે સુધારાની વાતો હું કરૂં છું તે લોકમાન્ય થશે કે નહિ ? પરિણામે કવિ સમજ્યા કે આપણા ધર્માંધ લોકો કદી પણ સુધારાની સંપૂર્ણ વાત સ્વીકારશે નહિ. પછી ધીમે ધીમે કવિના પણ ધર્મ સંબંધી વિચારોનું ઉત્તરોત્તર રૂપાંતર થતું ગયું તોપણ પોતાના સુધારા વિષેના પ્રયત્નમાં એકદમ ફેરફાર ન કરતાં જ્યાં સુધી તે સપ્રમાણ ખામી ભરેલા છે, એમ જણાયું નહિ ત્યાં સુધી કવિએ મૌન ધારણ કીધું. પછી જ્યારે રાજ્યરંગના લેખને માટે બહોળું ઐતિહાસિક વાચન થવાથી “કોઈ પણ દેશની સ્થિતિ કે વિચારો લાંબા કાળના પરિપાકથીજ બદલાઈ શકે છે, અને એ દરમ્યાન ગમે એવો પુરૂષ ગમે એવા પ્રયત્નો કરે તોપણ તે ફ્લીભૂત થતા નથી” એવું જ્ઞાન કવિને થયુ કે લાગલાજ સુધારા સંબંધીના પોતાના કેટલાક ઉચ્છેદક વિચારો પણ કવિએ બદલ્યા અને સુધારા પક્ષમાંથી બહાર નીકળી જઈ ‘ધર્મ વિચાર’ નામના પોતાના પુસ્તકમાં આપ્યા છે, તે વિચારો સ્થિર કીધા, અને ત્યારથી કવિ એક છેડેથી ખસી પોતાની પ્રકૃતિ અનુસાર મધ્યસ્થ ન રહેતાં છેક બીજે છેડે ધર્મની બાબતમાં પહોંચી ગયા. નવલરામભાઈ આ બાબતમાં કવિના જીવનલેખમાં કવિનો સમર્થ બચાવ કરે છે ખરા પણ ‘સુધારાનું ઇતિહાસરૂપ વિવેચન’ એ નામના પોતાના લેખમાં તે વખતે કવિના સુધારા વિષેના અહંભાવોનું સારી રીતે ખંડન કરી સુધારો કુદરતી છે. અને જેમાં કંઇક તત્ત્વ છે તેવો સુધારો પોતાની મેળે થયાજ કરશે, એમ સાબિત કરી બતાવે છે. પ્રો. આનંદશંકર કવિના સુધારા વિરૂદ્ધના લેખ માટે એવું સમાધાન કરે છે કે “નર્મદાશંકર જે કાંઈ ‘સુધારાવાળા’ વિરૂદ્ધ કહે છે તે સઘળું સુધારાને લાગુ પડતું

નથી. સુધારાવાળા અંતરથી દુરાચારી હતા એમ એ કહે છે તે સત્ય હો કે અસત્ય હો, એ સાથે આપણે અત્યારે લેવા દેવા નથી. સુધારાવાળાને રહેવા દઇ સુધારાનોજ વિચાર કરીએ તો સુધારાવાળા ખોટા હતા માટે સુધારો પણ અનિષ્ટ છે એમ ફલિતાર્થ કાઢવો વાજબી નથી." આ અનુમાન સત્ય છે કેમકે કવિને સુધારા વિરૂદ્ધ લખતાં પહેલાં એવી લાગણી થએલી નવલરામભાઈ જણાવે છે કે 'અરે મેં દેશહિતને સારૂ જે જે પ્રયત્નો અત્યાર સુધી કર્યા તે બધા ઊંધા માર્ગનાજ હતા, અને એવે માર્ગે દેશનુ કદી પણ શ્રેય થવાનું નથી.' આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે સુધારાનો માર્ગ બદલવો જોઇએ, એમ કવિ કહે છે પણ સુધારાની જરૂર નથી એમ સાબિત કરતા નથી. હવે કવિએ બદલેલો માર્ગ તદન ખરો હતો કે નહિ એ જૂદી વાત છે, પણ એમના બદલાએલા ધર્મ વિચારનું સાહિત્ય હાલના ઘણાખરા સંરક્ષક વૃત્તિના સનાતનીઓ વિરૂદ્ધ પક્ષ સામે જેવો લૂલો લંગડો બચાવ કરી તટસ્થ વર્ગને પોતાના વિષે કંઈ ઉંચો અભિપ્રાય ઉપજાવી શકતા નથી, તેવું નથી; પણ એક વિચક્ષણ વિદ્વાન, વિદ્યાનંદી, અને દેશભક્તિનો વિચાર કરનાર સમર્થ પુરૂષના કલમની પ્રતીતિ કરાવે એવું તો છેજ.

હવે કવિતાની હાલની **નવીન શૈલીના આચાર્ય** ગણાતા કવિ **નર્મદે ગુજરાતી કવિતામાં કયાં કયાં નવાં તત્ત્વો ઉમેર્યા તે જોઇએ. ગુજરાતી ભાષાના આદિ કવિ નરસિંહ મહેતાથી માંડીને** અત્યાર **સુધી જોઇએ તો કવિતાના ઉત્તરોત્તર જુદા પડતા દરેક જમાનામાં**

એ બે મુખ્ય કવિઓએ એક બીજાથી જુદી શૈલીની કવિતા રચનાનો સ્વાદ આપણને ચખાડયો છે. આ પ્રમાણે **નર્મદ**ની સાથે કવિ **દલપતરામ** જોડાએલા **છે. પ્રેમાનંદ**ના વખતથી ગુજરાતી ભાષામાંજ કવિતા. રચવાની લાગણી ઉત્પન્ન થઇ હતી. એ કવીશ્વરે ભક્તિ સિવાય આખ્યાનો અને બીજા વિષયો પણ કવિતામાં દાખલ કરી **નરસિંહ** મહેતાના વખત કરતાં ગુજરાતી કવિતાની શૈલી નવીન કરી, અને તેમાં સઘળા રસ, ભાવ અને નવીન જ્ઞાન ભર્યું. આપણા સંસારના અનેક પ્રસંગોપર કવિતા રચી તેમણે અને તેમના સમકાલીન **શામળભટે** વાર્તા જેવા વિષયોને પણ કવિતાથી અંકિત કરી સમાજને રંજન કરી બોધ આપી ઉન્નત કર્યો હતો. ત્યાર પછી **દયારામભાઇએ** પોતાના ભક્તિનાં કીર્ત્તનો રચી નરસિંહ મહેતાને પાછા યાદ કરાવ્યા. પણ તેમનાં કીર્ત્તનોમાં નરસિંહ મહેતા કરતાં હૃદયના ભાવની ઉંડી છાપ વધારે હતી, વળી એવા ભજનોમાં પણ તેમના પછીના કવિ નર્મદની બાનીના સ્વરૂપની અગાઉથી લોકોને પિછાન કરાવવાની ન હોય તેમ વિયોગનાં દર્દ અને વિલાસનાં વર્ણનો એમણે દાખલ કીધાં છે, તોપણ એમની કવિતામાં પાશ્ચાત્ય કવિતાનાં તત્ત્વો ભળ્યાં ન હતાં. એ તત્ત્વોને તો ગુજરાતી કવિતામાં પ્રથમ પ્રવેશ કરાવનાર તે કવિ **નર્મદ**જ.

પ્રકૃતિનું વર્ણન દલપતરામે પણ જૂના કવિઓ કરતાં ઠીક કીધું છે પણ તેમને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ન હોવાથી તે ભાષાનું સાહિત્ય નર્મદ જેવું પ્રત્યક્ષ ન થએલું, તેથી તેમનું પ્રકૃતિવર્ણન નર્મદ જેવું નહિજ. દલપતરામને અંગ્રેજીનું જ્ઞાન ન હતું પરંતુ અંગ્રેજ ગૃહસ્થો સાથે સહવાસ

થવાથી વિદેશી સાહિત્યમાં તેઓ બહુશ્રુત બન્યા હતા, તે કારણથી તેમજ જમાનાની અસરને લીધે જેટલું આવી શકે તેટલું નવીન તત્ત્વ એમણે પોતાની કવિતામાં રેડવા પ્રયત્ન કીધો છે, પણ તે નર્મદ જેવું પાણીદાર અને સંસ્કારી બની શકે નહિ એ સ્પષ્ટ છે. આપણા ગુજરાતી જૂના કવિઓ પ્રકૃતિ વર્ણનમાં ઋતુ, પ્રભાત વગેરે કાળોનું વર્ણન કરી ગયા છે ખરા, પણ તેમાં ઉંચી વર્ણન શક્તિ, રસભર શૈલી અને શ્રેષ્ઠ કલ્પના જોવામાં આવતી નથી. અંગ્રેજી સાહિત્યનુ જ્ઞાન ન હોય તોપણ પ્રેમાનંદ જેવા સંસ્કૃત સાહિત્યના જ્ઞાતાને એ બધુ ગુજરાતી કવિતામાં ઉતારવું વિષમ ન હતું, તોપણ એમને ગુજરાતી કવિતાના સાહિત્યમાં નરસિંહ મહેતા પછી દાખલ કરવાનું આવશ્યક બીજું બધું ઘણું હતું, જેથી વચલા પગથીઆઓ મૂકી દઇને આગળ જવું અશક્ય હતું, તે કારણથી એમની કવિતામાં પ્રકૃતિવર્ણનનો નર્મદ જેવો રંગ ન હોય, એ સ્વાભાવિક છે, છતાં પણ અંગ્રેજીનું જ્ઞાન હોત તો આ ભાષાભિમાની કવિ બે બહુ ખેડાએલા ભાષાસાહિત્યને યોગે ગુજરાતી કવિતામાં ઝળકાવ્યો છે, તેના કરતાં અવનવો રંગ ઝળકાવત.

આમ પ્રેમાનંદથી ન થયું, તે કામ કવિ નર્મદને કરવાની અનુકૂળતા પ્રાપ્ત થઈ. આપણે પ્રેમાનંદ અને નર્મદનાં વનવર્ણનોનો મુકાબલો કરીશું તો આ વાતની ખાતરી થશે. પ્રેમાનંદનો સૌથી શ્રેષ્ઠ ગ્રંથ પોતાની ઠરેલી સ્થિતિમાં અને ઠરેલી કલમથી લખાએલો નળાખ્યાનનો છે. તેમાં આપેલું વનવર્ણન નીચે પ્રમાણે છે.

નાળી-કેરી નારંગી નૌતમ, નીચાં નમ્યાં બહુ નેત્ર;
ફોફળિ ફાલસિ સુંદર દીસે, ખજુર ખારેકનાં ક્ષેત્ર.
પીપળા પીપળી વડ ને ગુલર. દાડમડી ને પલાશ;
અશ્વથિ ઉતરી નળ રાજાયે, વન નિરખ્યું ચોપાસ.

આ પ્રમાણે નાળીકેરી ને નારંગી, ફોફળી ને ફાલસી, ખજુર ને ખારેક, પીપળા ને પીપળી જેવા શબ્દોની રચના કીધી, એટલે વનવર્ણન સમાપ્ત થયું, એમ પ્રેમાનંદભાઇની યોજના જણાય છે. આવું વનવર્ણન **નર્મદ**નાં (કેવાં દિપે જો સહુ ખેતરો જે,—સરસ પવન ટહાડો મંદ વાસીત આવે,—તૈયારી છે ચુપ ચુપ કહે કાગડાઓ નકીબ,—એ ચરણોથી શરૂ થતાં ત્રણ ઋતુનાં) વનવર્ણનો સાથે સરખાવવા જઇએ, તો બધી મઝાજ જતી રહે, અર્થાત્ સરખામણી થઇજ ન શકે.

કાવ્યમાં **સૃષ્ટિસૌંદર્ય** ઉતારવાનું કામ આપણા કાલિદાસાદિક સંસ્કૃત કવિઓએ તો અચ્છી રીતે બજાવ્યું છે પણ આપણા ગુજરાતના નરસિંહ મહેતાદિક ભક્ત કવિઓએ આધ્યાત્મિક જ્ઞાનને પ્રાધાન્ય આપી પ્રાકૃતિકને મિથ્યા માની તેનુ કવિતામાં વર્ણન કરવાની દરકાર કરી નથી, પણ અંગ્રેજી સાહિત્યના પ્રતાપે કુદરતની ખૂબી નિહાળવાથી **નર્મદે** પોતાની કવિતામાં સૃષ્ટિસૌંદર્ય ઉતારવાની શરૂઆત કરી. નરસિંહ અને પ્રેમાનંદમાં કુદરતનું વર્ણન તદન નથી, એમ નથી; પણ ફક્ત વિષયની ઝાંખી જેવુંજ છે, તેથી તે એ કવિઓના પ્રધાન વિષયોમાં વિલીન થઈ ગએલું લાગે છે; જ્યારે

નર્મદ, દલપતમાં તે આગળ પડતું સ્થાન લે છે. અત્રે એ બે કવિઓનાં સૃષ્ટિસૌંદર્યનાં વર્ણનો સરખાવવામાં એકના ચઢતા કાવ્ય સાથે બીજાનું ઉતરતું કાવ્ય સરખાવી ગમે તે એકને અન્યાય આપવા જેવું કેટલાક ટીકાકારો વલણ લે છે, તેમ કરવાનો હેતુ નથી અને આ લેખમાં તેની જરૂર નથી. સુંદર અને સ્વચ્છ શરીરમાં પણ એક ચાંદું જણાતાં માખીઓનો તે પર ચઢી બેસવાનો સ્વભાવ હોય છે, તેમજ દર જમાને પુખ્ત અને ડાહી થતી જતી દુનીઆરૂપી માતાના આપણે બાળકો આપણા ભૂતપૂર્વ વડીલોની અનેક સારી કૃતિઓ પૈકી એકાદ છિદ્રયુક્ત જણાતાં તેને આગળ ધરી ઉપહાસનો વિષય બનાવી દેવાની આપણી પાત્રતા સમજીએ છીએ તો ભલે! પણ તેવી ટીકામાં આપણે સૌજન્યનો પણ ત્યાગ કરીએ છીએ, તેમ તો નજ થવુ જોઇએ. દાખલા તરીકે નર્મદના કુદરતના જ્ઞાનના છબરડા બતાવવાને એક લેખક લખે છે કે—નર્મદે પોતાની હરણીની કવિતામાં પ્રથમ એક ચરણ એવુ મૂક્યું હતું કે 'આવીને મારી ગઈ શિંગ મૂકીને ચારો' આ ઉપરથી એક પારસી ગૃહસ્થે કવિનુ ધ્યાન ખેંચ્યું કે હરણીને તો શિગડાંજ નથી હોતાં, ત્યારે કુદરતના ભક્ત કવિરાજ વિચારમાં પડ્યા અને પછી પોતાની કવિતાના સંગ્રહની ચોપડી છપાવી ત્યારે દયારામે પોતાના એક પદમાં 'સોડનો ઘા માર્યો સ્નેહી સામલિયે' એમ કહ્યું છે તેમાંનો 'સોડ' શબ્દ 'શિંગ' ને સ્થાને ગોઠવી દીધો.—હવે આ બીના કદાચ ખરી હોય તોપણ પેલા પાશ્ચાત્ય પ્રસિદ્ધ તત્ત્વવેત્તાએ ઘરમાં મોટી બિલાડીને માટે મોટું દ્વાર અને નાનીને માટે નાનું દ્વાર કરાવ્યાની રમુજ સાંભળીએ છીએ, તેવા સંજોગોનું બળ સમજી લેવાય એમ છે.

બાકી હરણીને શિંગડાં હોય કે નહિ એટલું અવલોકન **નર્મદનું** ન હોય એ કોણ માની શકે! તાત્પર્ય કે કેટલાક ટીકાકારો હરકોઇને ઉતારી પાડવામાં તેણે કરેલા સમગ્ર કાર્યનું સમાલોચન બાજુએ મૂકી પૂર્ણિમાના ચંદ્રની ચાંદનીની મઝા લેવાનું છોડી આખી રાત તેમાંના શશાંકની શોધમાં ગુજારવા જેવી અરસિકતા અને નિષ્ઠુરતા વાપરી જાય છે; તેમ ન કરતાં **નર્મદ**, દલપતના સંબંધમાં એટલુંજ જણાવવાની જરૂર છે કે દલપતરામે સૃષ્ટિમાં સહજ દેખાતા દેખાવોનું મનુષ્યના ફક્ત બાહ્ય વ્યવહારો સાથેજ જોડાણ કર્યું છે અને વખતે કાર્ય કારણ ભાવનો સંબંધ પણ બરાબર જાળવ્યો નથી. આને માટે રા. **મોહનલાલ** દવે દલપતરામના 'અરૂણોદય' નામના પ્રસિદ્ધિ પામેલા કાવ્યનું અવલોકન કરી જણાવે છે કે "આખા કાવ્યમાં નૃપનું રાજ્યારોહણ, નૃપની લ્હડાઈ, નૃપનું રાજપાટ જવું વગેરે વિચાર કવિના મનમાં રમી રહ્યા જણાય છે, અને સંસારના સઘળા હર્ષ-શોકનું કારણ એજ હોય એમ કવિ માનતા હોય એવું ઘણવાર આપણને લાગ્યા વિના રહેતું નથી." અર્થાત સૃષ્ટિસૌંદર્યમાં પણ દલપતરામે પોતાની કવિતાનું સામાન્ય લક્ષણ જે 'જનમનરંજન કલ્પના' છે, તેજ દાખલ કીધું, જેથી ઉંચી કલ્પના એમનાં કાવ્યોમાં આવી નહિ; જ્યારે **નર્મદાશંકરે** બહારના દેખાવોનો ઉપરછલ્લો નહિ પણ સૂક્ષ્મ અને આબેહુબ ચિતાર આપી તેની સાથે તેના સરખો અથવા ઉલટો મનુષ્યના અંદરના જોસ્સાઓનો ચિતાર સાંકળી લીધો છે અને કલ્પના પણ ઉંચા પ્રકારની કરી છે. **નર્મદાશંકરની** પછીનો હાલનો કાળ કવિતાની બાબતમાં એમનાંજ તત્ત્વોને આગળ વધારી બહલાવી રહ્યો છે, તેથી આપણી ખાતરી થાય છે કે એ કવિએ

ભવિષ્યનું દર્શન સારી રીતે કર્યું હતું. કવિ નર્મદનાં નાટકોની રચનામાં આપણે કહી ગયા કે તેઓ સ્વાનુભવરસિક હોવાથી તેમનું કવિત્વ નાટકમાં સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યું નહિ પણ કુદરતના વર્ણનમાં તો એમણે સર્વાનુભવરસિકત્વ ઠીક બતાવ્યું છે, અને તેમાં સફળ પણ થયા છે. આ બાબતમાં રા. મોહનલાલ દવે કવિના કબીરવડ વર્ણનના કાવ્યનું દૃષ્ટાંત આપી કહે છે કે "પરલક્ષી કવિતામાં એવી (કબીરવડવર્ણન જેવી) સફળતા ભાગ્યેજ જોવામાં આવે છે. પ્રકૃતિના અમુક પદાર્થનું કે અમુક બનાવનું વર્ણન આપતાં કેટલાક અરસિક કવિઓ માત્ર તેનું બાહ્ય સ્વરૂપજ જોઇ શકે છે, પણ તેનું ઉંડું રહસ્ય સમજી શકતા નથી." આ પ્રમાણે જોતાં નર્મદ, પ્રકૃતિનુ વર્ણન કરવામાં સામાના હૃદય પર સ્પષ્ટ છાપ પાડીને ઉંડી અસર કરે છે. વળી પોતાના ચિત્રને ઉત્કૃષ્ટ બનાવવાને ઉંચી કલ્પનાઓ એવા વર્ણનમાં એમની બહાર પડતી હોય છે.

કુદરતના પદાર્થો નિહાળીને તે ઉપરથી ઇશ્વર તત્ત્વની ઝાંખી કરીને તેનો મહિમા ગાવાનું તત્ત્વ પણ કવિએ પોતાના સૃષ્ટિસૌંદર્યનાં કાવ્યમાં દાખલ કીધું છે. જગત્કર્તાની સ્તુતિની 'શી શોભા ને શો સાજ'—એ ટેક વાળી આખી લાવણીમાં કવિ પ્રકૃતિનાં અનેક દૃષ્યો-ની ખૂબી ભરેલી રચનાને માટે મોહ પામી તેના નિયામક પ્રભુએ દર્શાવેલાં નીતિ, નિયમ, નિશ્ચય, મનશુદ્ધિ, સુંદરતા વગેરેનું આપણ-ને ભાન કરાવે છે.

આવી રીતે કુદરતનું વર્ણન અથવા સૃષ્ટિસૌંદર્યનાં કાવ્યો પ્રથમ ગુજરાતીમાં કવિ નર્મદેજ દાખલ કીધાં છે, તે આપણે જોયું.

નીતિ વિષયક કવિતા પ્રેમાનંદે તો નહિ, પણ તેમના સમકાલીન **શામળભટે** ઘણી લખી છે. કવિ નર્મદની તેના પ્રમાણમાં થોડી છે પણ તે ઉંડા ભાવવાળી છે; અને જ્ઞાનપૂર્વક વૈરાગ્ય વિષે જેટલું નર્મદે લખ્યું છે, તેને માટે તો **નવલરામભાઈ** કહે છે કે " એનો લખેલો વૈરાગ્ય ઊંડો અને ઉત્તમ પંક્તિનો છે—એટલો ઊંડો કે વિદ્વાન નહિ હોય તો દુ:ખીયારાથી પણ નહિ સમજાય. અને દુખી વિદ્વાનને એવો વૈરાગ્ય ગુજરાતી ભાષામાં તો શું પણ બીજી ખેડાએલી ભાષામાં પણ મળવો મુસ્કેલ " **નવલરામભાઇએ** પ્રેમાનંદ અને નર્મદના રસની તુલનામાં એક વાર બાંધેલો મત પાછળથી સત્યના સ્વીકાર ખાતર ફેરવ્યો હતો, તેમ વૈરાગ્યની બાબતમાં બાંધેલો ઉક્ત મત તેમને ફેરવવો પડયો નથી. તેની વાસ્તવિકતા આપણે '**લાલશ કરનુ** ભાંએ પડવું ' '**લાલશ કરની** ચિંતા.' અને બીજા વૈરાગ્યના પદોમાં જોઈ શકીએ છીએ.

પ્રેમાનંદ કરતાં કેટલાક રસો નર્મદ કવિએ ઓછા કે બિલકુલ નથી લખ્યા, છતાં જેટલા રસો વર્ણવ્યા છે તેટલામાં અપૂર્વ રચનાશક્તિ દર્શાવ્યા વિના તેઓ રહ્યા નથી. હાસ્યરસને કવિતામાં ન ઉતારવાના કારણ વિષે કવિ કહે છે કે ' મારી કવિતા દર્દની ભરેલી છે એટલે તેમા હાસ્યરસ હોયજ નહિ, તેમ કવિતાને હું ગંભીર વિષય સમજું છું, માટે તેવું તેમાં લખ્યું નથી. " અદ્‌ભુત રસ ઉપર પણ કવિને અભાવ હતો. આજ કારણથી **શામળભટ** જેવી અદ્‌ભુત વાર્તાઓ કવિતામાં એમણે લખી નથી. છતાં એક ' રૂદનરસિક ' નામની અધુરી અને બીજી

એ ત્રણ પુરી વાર્તા કવિતામાં એમણે લખી છે, તે જોઇને પણ એવા વિચારપર આપણાથી આવી શકાય છે કે હાલના નવી કેળવણી પામેલા જમાનાને શામળની નહિ પણ નર્મદની ઢબનીજ વાર્તા માન્ય થઇ શકે કારણકે હાલનો જમાનો ધર્મસંયુક્ત પુરાણની વાતોનેજ ગપ્પાં કહીને કોરાણે મૂકે છે, તો પછી શામળ જેવી વાર્તાને માનપ્રદ ગણેજ નહિ એ સ્વાભાવિક છે.

અંગ્રેજી વિદ્યાના સંસ્કારને લીધે અનેક નવા વિચારો કવિ નર્મદે પોતાની કવિતામાં આણ્યા છે અને તેમ કરવા જતાં સંસ્કૃત સાથે અંગ્રેજી, ફારસી વગેરે પરભાષાના શબ્દો અને પ્રયોગોને એમણે ગુજરાતીમાં સ્થાન આપ્યું છે, તેને માટે તે વખતે કવિની ભાષા વિષે ઘણો પોકાર ઉઠયો હતો. કવિ હીરાચંદે તો સાફ જણાવ્યું હતું કે "ગુજરાતી ભાષાની માતા સંસ્કૃત ભાષા છે તે દીકરીને કાંઈ વસ્તુની ખોટ હોય તો મા પાસેથી લે ને માના જેવો પેરવેષ પ્હેરે માટે ગુજરાતની સ્ત્રી કાંઈ મુસલમાનડી મડમ કે દક્ષણી સ્ત્રીનો પેરવેષ પ્હેરે નહીં ને તેના સ્વભાવનું ધારણ કરે નહી" પરંતુ આપણે જોઇએ છીએ કે હીરાચંદનો વિચાર હાલના જમાનાને માન્ય થયો નથી નજ થાય, કારણકે દીકરીને જરુરનું હોય તે મા તેમજ માસી, બહેન, સખી કે હરકોઇની પાસે અનુકૂળ પડે ત્યાંથી યોગ્ય રીતિએ લેવામાં શી નાનમ છે? હરકોઇના ગુણનું પૂજન કરવામાં તેની જાત ભાત તરફ નજર કરી વૃથા મમત્વમાં તણાવાથી ઉન્નતિનો માર્ગ દૂર જાય છે. કવિ નર્મદે અંગ્રેજી કવિઓનું અનુકરણ કરી ચંદ્રને સ્ત્રીલિંગે ચંદા લેખી તેવો પ્રયોગ કીધો છે તો ત્યાર-

પછીના આધુનિક લેખકોએ **ચંદ્રી, શુક્રી, શુક્રતારા, તારાસખી**--એમ પરભાષાનું અનુકરણ કરી પુલ્લિંગને સ્ત્રીલિંગના પ્રયોગમાં મૂકી દીધા છે. તે ફક્ત નર્મદનું અનુકરણજ છે, એમ કેમ કહેવાય ? સૌંદર્યને શોધવાનો જન સ્વભાવજ છે. એક લેખક આવા પ્રયોગો માટે અફસોસ કરી કહે છે કે " એજ પ્રમાણે કોઈ હિંદુ, મુસલમાન, કે પારસી, અરબ્બીનો અભ્યાસી હોય ને તે ગૂજરાતી કવિતા રચે તેમાં સૂર્યને સ્ત્રીલિંગે વાપરે તો તેને પણ તેમ કરવાની છૂટ આપવી પડે, અને એવી રીતે ભાષામાં ખળભળ પરવ મંડાય. " આ મતને માટે એટલુંજ કહી શકાય કે એવો કોઇ તરંગી માણસ ભાષાનું ' **બેડોળ મકાન** ' બાંધશે તો સૌંદર્યને ચહાનારી આલમમાં એની મેળે તે તૂટી ભાંગી જશે. તે આપણે **ચંદ્રી, શુક્રી** જેવા પ્રયોગોની ચર્ચાથી જાણીએ છીએ આપણા પ્રાચીન કવિઓ પણ ચંદ્ર અને સ્ત્રીના મુખને ઉપમાન ઉપમેય તરીકે વર્ણવી ગયા છે. તેમણે કદી પણ સૂર્ય અને સ્ત્રી મુખનું સાધર્મ્ય બતાવવાની તરંગી છૂટ લીધી નથી, માટે જે શક્ય હશે તે થયાંજ કરશે. તે ઉપરથી અશક્ય પણ શક્ય થઈ જવાની દહેશત રાખવી એ નકામી છે. તો આ પરભાષાના નવીન શબ્દ પ્રયોગમાં પણ કવિ નર્મદે પહેલ કરી અને તેમાં સફળતા પ્રાપ્ત કરી છે, તે સર્વ રીતે પ્રશંસનીયજ છે.

પૂર્વે કહ્યા પ્રમાણે દલપત નર્મદના ઝગડાનું વર્ણન કરવાની આ નિબંધમાં જરૂર નથી પણ એટલું જણાવવું જોઇએ કે દલપતરામની સ્પર્ધાને લીધે પણ નર્મદનું સાહિત્ય ઘણું વૃદ્ધિ પામ્યું છે. સ્પર્ધાથી

સાહિત્યની બાબતમાં સારી કૃતિઓ ઉદ્ભવી પ્રજાને ઘણો લાભ થાય છે. તે આપણે શામળ પ્રેમાનંદની સ્પર્ધામાં પણ જોઇએ છીએ. શામળે જો શિવ પુરાણ રચી 'સિંહાસન બત્રીસી તરતીબજ કીધી તેણે' એ ચરણથી શરૂ થતા છપ્પામાં પોતાની સઘળી કૃતિઓની ગણતરી અને તેની ઉત્તમતા જણાવવાની પતરાજી ન કરી હોત, તો આપણને કદાચ પ્રેમાનંદની નીચેની પંક્તિઓથી અંકિત થએલું માર્કંડેય પુરાણ જોવાનો લાભ ન મળત.

"શિવપુરાણ સમર્થ કરે કવિ કે" વાયુવશ તર્ણ;
અગાધ ગતિ એવી નહિ મારી, ક્યાં પ્હાણો ક્યાં પર્ણ ?"

આ પ્રમાણે દલપત કાવ્ય અને નર્મકવિતા સાથે રાખીને જોનારને બંને કવિઓની એકજ વિષય પરની કૃતિ જોવાથી સ્પર્ધાનો કેવો લાભ આપણને કવિ નર્મદે આપ્યો છે, તેનો ખ્યાલ તરતજ આવી શકે છે. અલબત દલપતરામે એકંદરે ઝગડામાં બહુ ઠરેલપણું બતાવ્યું છે, તેવું નર્મદે નથીજ બતાવ્યું તેની ના પડાય એમ નથી. અરે ! બિચારા ભલા સ્વભાવના દલપતરામે જ્યારે 'બહુ રૂપી ઇશ્વિરની સ્તુતિ' રચનાં ઇશ્વરના હજામ રૂપની પણ ઘટના લખી દીધી ત્યારે આવી કલ્પનાની જાડાશને નહિ પસંદ કરનાર મસ્ત કવિ નર્મદે તરતજ ઇશ્વિરસ્વરૂપ વિષે પોતે કવિતા પ્રસિદ્ધ કરી તેનું છેલ્લુ ચરણ દ્વીઅર્થી પણ સ્પષ્ટ એવું લખી માર્યાનું જાણ્યામાં છે કે "એ કવિ દલપતરામ કે' અમદાવાદી હજામ છે" પણ દલપતરામભાઇ બહુજ સહનશીલ હતા. તે આપણે તેમના લખાણથી જોઈ શકીએ છીએ. એમણે સુરતમાં નર્મદના સરસ્વતી મંદિરની સભામાં એક વાર

પધારી ત્યાં જે પદ ગાયું હતું, તે દલપત કાવ્યમાં આપ્યું છે. તેની નીચેના ટિપ્પણમાં દલપતરામભાઈ નર્મદ વિષે સાફ લખે છે કે "માણસ માત્રમાં કંઈ ખામી તો હોય છે તે સામું ન જોતાં ગુણનું ગ્રહણ કરવું એવી નજરથી જોતાં આ કવિ સ્વદેશાભિમાની, હીંમત-બહાદુર, વિદ્વાન અને દેશમાં ઘણો ઉપયોગી છે એમાં સંશય નથી." નર્મદાશંકરની આવી ઠરેલ બુદ્ધિ પાછલા વખતમાં થઇ હતી પણ સ્વભાવ તો છેવટ સુધી ગરમજ રહ્યો હતો. આપણે એવા સ્વભાવથી થતા અવિવેકને માન આપીએ નહિ. તેને માટે તો સાક્ષર શ્રી ગોવર્ધનરામભાઇએ નવલરામની જીવનકથામાં એ બાબતને લાગુ પડતો ખુલાસો આપેલો છે તે વાંચીનેજ સમાધાન મેળવી લેવાનું છે તેઓ લખે છે કે "ઘણાક જુવાનો આમ ઉતાવળમાં વિચાર કરે છે અને તે પાછળથી ફેરવે છે. આપણે તે વાંચી હસવાનું છે-એમાં કોઇએ કાંઈ ખોટું લગાડવાનું નથી પણ સોક્રેટીસના જેવું મન રાખવાનું છે. સુરત અને અમદાવાદના સ્વભાવોનો ગંગા-જમના જેવો સંગમ થતાં આવા પ્રસંગો સ્વાભાવિક છે." નવલ-રામની પેઠે નર્મદ પણ જો અમદાવાદ રહ્યા હોત તો ત્યાંની હવાએ એમના પણ વિચાર ફરત અને અમદાવાદનો છેક અણગમો સુરત શહેરના વર્ણનની કવિતા વગેરેમાં બતાવ્યો છે તે દૂર થાત, જેથી નીચેની પંક્તિઓને સ્થાન ના આપત.

જાણે નહિ રસ રંગ, એક દેશી તે હોયે;
કરે એકઠું તોય, ભોગવીથી ના જોયે.

અમદાવાદી ગૃહસ્થો વિષેની આવી પંક્તિઓ તો હાલ નર્મદ હોત તો ફેરવ્યા વિના રહેતેજ નહિ. પણ હવે નર્મદના સ્વભાવની

કથની બાજુએ રાખી આપણને સ્પર્ધાને લીધે એમના તરફથી જે લાભ મળ્યો છે, તે નરસામાંથી સારૂં ફળ નીપજવાની યોજના જેવુંજ છે તેની કોણ ના કહેશે ?

જૂના કવિઓ કવિતામાં એક ચરણને છેડે **લાગિયો** તો તેની નીચેના બીજા ચરણને છેડે **વાગિયો** જેવો શબ્દ લખીને પણ પ્રાસની રચના લાવવાને ચૂકતાજ નહિ તે નર્મદ કવિને પસંદ ન પડ્યું. એમને સ્પષ્ટ લાગ્યુ કે સાધારણ લોક સાધારણ વાતને પ્રાસવાળી ભાષામાં મૂકવાની રચનાનેજ કવિતા સમજે છે તે બરાબર નથી; વળી એમની કવિતામાં અક્ષરમેળ છંદની રચના નવીજ દાખલ થઇ, એટલે પ્રાસ માટે બહુ ચાપાચીપ કરતાં અર્થપ્રૌઢીમાં ક્ષતિ થવાનો પ્રસંગ ઉભો થાય, તે તો કવિને પસંદ પડેજ શેનો ! આ કારણથી એમણે પ્રાસની કેટલેક દરજ્જે ઉપેક્ષા કરી છે; જ્યારે દલપતરામ અર્થપ્રૌઢીને વેગળે રાખવાથી પ્રાસની રચનામાં ફતેહમંદ થયા છે જો કે નર્મદ કવિ ' દલપત પ્રાસે વ્હાય ' એમ એક પ્રસંગે લખીને તેમની ઠેકડી કરે છે ખરા પણ પાછા સોનું અને સુગંધ બેનો યોગ કરવાને પ્રસંગે પ્રસંગે મથન કરે છે એ મથનમાં તે સફળ પણ થાય છે અને વખતે નિષ્ફળ પણ થાય છે. તેમની આવી નિષ્ફળતાનો લાભ લઇને આચાર્ય **વલ્લભજી હરિદત્ત** અને બીજાઓ પણ ટીકા કરે કે ' દલપતરામની કવિતાની છટા લેવાને **નર્મદાશંકરે** ફાંફાં માર્યાં છે પણ તેમાં તે ફાવી શક્યો નથી. ' તે એક પક્ષેજ વાજબી છે કારણ કે જો દલપતરામની છટામાં અર્થપ્રૌઢી પણ હોત તો બેશક સર્વાંશે એ ટીકા વાજબી ગણાત. આ તો કવિ નર્મદ એક પ્રસંગમાં લખે

છે તેમ 'ઉપર ઉપરનૂં સહુ જુએ, જુએ ભિતરનૂં કોઈ;' એવો મોટા ભાગનો જનસ્વભાવજ આવી ટીકાઓમાં દેખાય, એ સ્વાભાવિક છે. બાકી હાલના જમાનામાં કેટલાક સારા ગણાતા અને વખણાતા કાવ્યલેખકોની પણ અર્થપ્રધાન શૈલીને લીધે પ્રાસને માટે નર્મદ કરતાં પણ વધારે ઉપેક્ષા આપણે જોઇએ છીએ, ત્યારે તેઓ કવિના અનુકરણથી કવિનાં તત્ત્વોનીજ સ્તુતિ કરી રહ્યા છે એમ શું આપણને સ્પષ્ટ નથી સમજાતું ?

હાલમાં અંગ્રેજીમાંથી છુટક કાવ્યખંડોનું ભાષાન્તર બહુ થાય છે. તેની પહેલ પણ કવિ નર્મદે કરી છે તે નર્મ કવિતામાં આપણે જોઈ શકીએ છીએ. પરંતુ હાલમાં સંખ્યાબંધ નાનાં નાનાં કાવ્યોના ટુકડા પ્રસિદ્ધ થાય છે અને કોઇપણ લાંબું કાવ્ય રચાતુંજ નથી. ઘણું કરીને કવિ નર્મદ પછી રા. દોલતરામનું ઇંદ્રજીતવધ નામનું મોટું કાવ્ય બહાર પડયું છે. તે સિવાય બીજાં મોટાં કાવ્યો રચાયાં હોય એમ જાણમાં નથી, અને તેથીજ હવે મોટાં કાવ્યો રચવાની વૃત્તિ નર્મદની પેઠે પાછી ખીલે, એવા હેતુથી રામાયણનો સાર મોટા કાવ્યમાં રચી ઇનામી નિબંધ તરીકે મોકલવાની જાહેર ખબર હાલની સાહિત્ય પરિષદ્‌ની કમિટિએ આપી હોય, એમ અનુમાન થાય છે. મતલબ કે નર્મદ સાહિત્યની સેવામાં લાંબાં કાવ્યો રચનાર તરીકે પણ સારી નામના મેળવી ગયા છે.

એકંદરે કવિ નર્મદ જેવી એકલી વ્યક્તિથી ગુજરાતી સાહિત્યની જુદી જુદી શાખામાં જેટલી ઉન્નતિ થઈ છે તેટલી ને તેટલા વખતમાં આપણે અહીં અન્ય વ્યક્તિથી થઈ નથી, એટલુંજ નહિ

પણ વ્યક્તિ સમૂહથી પણ હજી સુધી તો થઈ નથીજ. તેનું કારણ નોકરી ધંધો છોડી ' યા હોમ ' કરી પોતાનું જીવન સમસ્ત સાહિત્યની સેવામાંજ જેવું કવિએ અર્પણ કીધું હતું તેવું હજી સુધી બીજાથી બન્યું નથી. આપણા સાક્ષર રત્નોની જીંદગી પેટની પ્રિય વેઠમાંજ પુરી થાય છે તેવી પ્રિય વેઠને તો કવિએ જીવ કઠિન રાખીને ભસ્મીભૂતજ કરી હતી. એમ કરતાં અશ્રુસ્નાન તો સ્વાભાવિક રીતે કવિને કરવું પડયું છતાં પણ ' ભલુ થયુ ભાંગી જંજાળ ' જેવો સંતોષ ધારણ કરી એ નરરત્ને પૌંઆ અને દૂધ ઉપર ગુજારો કરવા જેવું હાથે કરીને આણેલુ દારિદ્ર સહન કરીને પણ ભારતીના ભાવિક ભક્ત બની પોતાની જીંદગી સાહિત્ય સેવામાંજ અર્પી છે, તો પછી તેવા પુરૂષથી સાહિત્યની ઉન્નતિ કેમ ન થાય ! થાયજ.

ગુજરાતી ભાષામાં પ્રથમજ રૂઢ ગધ લખનાર, પ્રથમજ કોશ, પિંગળ ને રસાલંકારનું સાહિત્ય ગુજરાતી બંધુઓને અર્પનાર તરીકેની મહા માનભરેલી પદવી નર્મદે લીધી છે, એટલુંજ નહિ પણ દેશાભિમાનને કાવ્યમા ગજવનાર તેમજ આપણી નેશનલ કોંગ્રેસના નેતાઓ જે રાજકીય હીલચાલ અત્યારે કરી રહ્યા છે, તે વિષય ઉપર પ્રથમ બોલનાર ને લખનાર આપણે ત્યાં એજ હતા. ગુજરાતી કવિતાની બાબતમાં પણ આપણે જોયું કે તેને રસ પ્રધાન બનાવી તેમાં અનેક નવાં ને સુસ્થિત તત્ત્વોને દાખલ કરી હાલની ગુજરાતી કવિતાની શાળાના તે પ્રથમ આચાર્યનું કામ કરી ગયા છે. આ પ્રમાણે કવિ નર્મદ હાલના આપણા ગદ્યપદ્યાત્મક સાહિત્યના પિતા છે, એટલુંજ નહિ પણ સાથે સાથે સંસાર સુધારાની અને રાજકીય હીલચાલોને જન્મ આપનાર પણ એજ પુરૂષ છે·

છેવટે રા. કાનજી ધર્મસિંહ ખંભાળિયાકરે નર્મદવિરહના રચેલા કાવ્યમાંથી થોડી કડીઓ આપી આ લેખ સમાપ્ત કરૂં છું.

અમર નામ નર્મદા, સર્વદા આ અવનીપર:
કર્યું તારૂં તેં ખરે, અહો ધીર વીર કવીશ્વર.
ગુણ તારા સૌ ગાય, રસિક રંગે નરનારી;
અનુપમ કવિતા લે'ર, અનુપમ છબિ પણ તારી

\+ + + + + +

વીર પ્રેમ શૃંગાર, સકળ રસ કેચ ગુણ જ્ઞાતા.
પૂરણ કરૂણા રસે, આજ તુજ બન્ધુ ન્હાતા

\+ + + + + +

કાવ્ય અલંકૃતિ અધિક, તેમ વ્યાકરણ જિજ્ઞાસી,
નાટક ત્રોટક કાવ્ય, ગદ્ય પદ્યાત્મક ખાસી.
કરી રચના રૂચિકાર, વસ્તુતઃ રસેં ભરીને;
ગૂઢ છતાં ગુણું યુક્ત, પુખ્ત વિચાર કરીને.
શબ્દકોશ તેં પ્રથમ, રચ્યો જે મોટો રૂડો;
અણહદ એ ઉપકાર, ભુલે નહિ જે જન ભૂંડો.
નર્મદ એ સહુ કેમ, અરે! અમથી વિસરાશે;
ગુર્જરી ભાષા સાથ, સતત તુજ નામ ગવાશે. ૧
અદ્‌ભુત જગ સૌદર્ય, હરિ લીલા અભ્યાસી;
જીવ્હાગ્રે સર્વદા, વસી શારદ સુખરાશી.

× × × × × ×

ટૅડી રસિકના તારી, ખરી ખુબિવંતી જોઇ;
ઇતર જનો પણ રહ્યા, ખરેખર તૂપર મોહી.
કહ્યું કરી દાખવ્યું, શબ્દના વદ્યો તું વ્યર્થજ;
ગરજ ગરથની તજી, નર્મદા તૂં તો મર્દજ.

૧—જ્યા સુધી ગુજરાતી ભાષા છે, ત્યાં સુધી તો કવિ નર્મદ આપણી સ્મૃતિમાંથી ખસવાના નથીજ. તેથી આ લેખના આરંભમાં આપેલી નર્મદની કવિતાની એક ટુક પ્રમાણે તેઓ તેમના લેખચિત્રથી જીવતાજ રહેશે. પણ અફસોસ! જ્યારે એ મહાપુરૂષ પોતે પોતાનું સાહિત્ય વિષયક કાર્ય સાંગોપાંગ પાર ઉતારી આપણને ઋણી કરી ગયા છે, ત્યારે આપણે તેમનુ સ્મારક કોઈપણ પ્રકારે ઉભું કરી ઋણમુકત થયા નથી! હાલમાં તો કવિના સ્મારકમાં ફકત સુરતમાં ગોપીપુરામાં શેઠ મગનભાઇ પ્રતાપચંદ લાયબ્રેરી ભેગું કવિની લાયબ્રેરીનાં પુસ્તકોનું એક નાનું કબાટ છે. તેમાં કવિએ સંગ્રહેલા ઇંગ્લિશ રિવ્યુના થોડાક વૉલ્યુમો અને બીજાં કેટલાંક પુસ્તકો છે સિવાય સુરતમાં મળેલી નેશનલ કોંગ્રેસ વખતે સુરતના કેટલાક સજ્જનોએ કવિના મિત્ર અને એક રીતે શિષ્ય રા. ખાપર્ડે સાથે મળીને કવિના પુત્ર પાસેથી કવિએ 'સરસ્વતી મંદિર' નામનો ભાષણોપયોગી બંગલો સુરતમાં બંધાવેલો તે વેચાતો લેવાની ગોઠવણ કરી તેમાં નર્મદ ફ્રી લાયબ્રેરી કાઢવાનો સ્તુત્ય પ્રયત્ન કરવા માંડેલો, એમ સાંભળ્યું હતું, પણ કાળની વિચિત્ર ગતિને લીધે તે હેતુ પાર પડી શકયો નહિ. એ બંગલો જાહેરના ઉપયોગ માટે ખાસ હતો, તેથી તેને એક વખતે વેચવાનો વિચાર કીધેલો ત્યારે કોઈ ઘરાક પણ

મળ્યું ન હતું તે હવે ક્યારનોએ વેચાઈ ગયો છે, પણ તેના પર 'કવિ 'નર્મદાશંકર લાલશંકર' એવું નામ લખી નીચે એક ગુલાબનું ફૂલ તથા કલમ ચીતરી તેની સાથે કવિએ પોતાનું જીવન-સૂત્ર 'પ્રેમ શૌર્ય' એ બાળબોધ અક્ષરે લખ્યું હતું, તે સઘળું હજી અનામત છે, અને આજે પણ એ સરસ્વતી મંદિર આપણને રા. ખબરદાર એજ મંદિર વિષેના પોતાના કાવ્યમાં નીચે પ્રમાણે આલેખે છે, તેવી પ્રેરણાઓ કરી રહ્યું છે.

"તુજ લેખ સ્વદેશની ભક્તિનું મંદિર છે,
જહિં દેશપૂજા પ્રીતથી કરવા શિખવે,
વળી પ્રેમ સુશૌર્ય બન્યું વીર જીવન જ્યાં,
ગુરૂ નર્મદ ધન્ય ઉભો તહિં તું વીર છે!"

ગુર્જર બંધુઓ! કદાચ એ બંગલાનું પણ નામનિશાન રા. નરસિંહરાવ પોતાના પાટણના દેખાવવાળા કાવ્યમાં કહે છે, તેમ 'ભલે કાળની ગતિ મનુજકૃતિને બુઝવતી'—એ સિદ્ધાંત પ્રમાણે જતું રહેશે, પણ કવિ નર્મદનું ચિરસ્મરણીય નામ તો આપણને વારસામાં મળેલું છે અને આપણી સંતતિને મળશે, તે કાંઈ જતું રહેવાનું નથી. છતાં ગુણનું પૂજન કરવાની વ્યાવહારિક દૃષ્ટિથી જ્યાં સુધી કોઇ પણ પ્રકારનું સંગીન સ્મારક આપણે ન કરીશું ત્યાં સુધી સાહિત્ય વિષયક ઋણ—એકદરપણાની કાળી ટીલી—આપણે શિરે કહો કે કપાળે કહો ગમે ત્યાં રહેશેજ રહેશે.

સમાપ્ત

(૫૬.)

નવ કરશો કોઇ શોક—રસિકડાં, નવ કરશો કોઇ શોક. ટેક
યથાશક્તિ રસપાન કરાવ્યુ, સેવા કીધી બનતી. રસિકડાં. ૧
પ્રેમિઅંશને રૂદન આવશે, શઠ હરખાશે મનથી. રસિકડાં. ૨
મર્મ ન સમજે બકે શંખ શઠ. વાંકું ભણે બહુ પણથી. રસિકડાં. ૩
એક પીડમાં બીજી ચ્હીડથી, જળશે જીવ અગનથી. રસિકડાં. ૪
હતો દૂખિયો થયો સૂખિયો, સમજો છૂટયો રણથી. રસિકડાં. ૫
મુઓ હૂં તમે પણ વળિ મરશો, મુક્ત થશો જગતમથી. રસિકડાં. ૬
હરિકૃપાથિ મમ લેખચિત્રથી, જીવતો છઊં હું દમથી. રસિકડાં ૭
વીર સત્યને રસિક ટેકિપણું. અરિ પણ ગાશે દિલથી. રસિકડાં. ૮
જુદાઈ દુઃખ તે નથિજ જવાનૂં, જાયે માત્ર મરણથી. રસિકડાં. ૯
મરણુ પ્રેમિને ખચિત મોહું છે, દુઃખ વધેજ રૂદનથી. રસિકડાં. ૧૦
જગતનીમ છે જનન મરણનો, દઢ રહેજો હીંમતથી. રસિકડાં. ૧૧
મને વિસારી રામ સમરજો, સુખિ થાશો તે લતથી. રસિકડાં. ૧૨

પરિશિષ્ટ

૧ કવિ નર્મદનાં નાટકો:—મુંબઇમાં સને ૧૮૭૫ માં પાછા નિવાસ કરવાને આવ્યા પછી અર્થપ્રાપ્તિને ઉદ્દેશે રચેલાં નાટકોમા 'કૃષ્ણા કુમારી' નો નાટક ગણાય એમ નથી. એ નાટક 'નર્મકોષ' લખવાનો આરંભ કર્યા પૂર્વે સુરતમાં લખાયો હતો, અને ને કોઇ પણ

નાટક મંડળીએ ભજવી બતાવવો એવો હેતુજ નહતો. "રાજયરંગ" અને "મેવાડની હકીકત" લખતાં એ સમયના ઇતિહાસ સાહિત્યનું કવિએ નિરીક્ષણ સૂક્ષ્મ રીતે 'કરેલું' અને તે સમયના રજપૂતોનાં જીવન વ્યવહાર વગેરે અને કુળ મર્યાદા તથા સંસાર પદ્ધતિ પર બહુજ એમને પ્રીતિ ઉત્પન્ન થયલી. આ ઉપરથી રજપૂત રાજકુટુંબની સમગ્ર નીતીરીતિનું વર્ણન કોઇક સરસ નાટકરૂપે લખવું એવી ઊર્મિ ઉઠી તે સંકલ્પ દૃઢ થયો, ને આ નાટક—નાટિકાનો જન્મ થયો. કવિએ પોતે બે ત્રણ વખત એમ કહેલું કે "એ ચાલૂ જમાનાનું ચિત્ર છેજ નહી, તેમ ચાલૂ જમાનાને રુચે એવું કરવા મેં પ્રયાસ પણ કર્યો નથી. માત્ર મારા મનમાં જે રજપૂત રજપૂતાણીના ગૃહસંસાર, વ્યવહાર, નીતિરીતિ કેવા ઉર્જ્વળ ને 'પ્રેમશૌર્ય' મય હતાં એ કોઇક રીતે દર્શાવવા બનતો પ્રયાસ કરી મારો આદર્શરૂપ બધાયલો વિચારસંદર્ભ તે દ્વારા બતાવવો એ ઉપરથી એ નાટક લખ્યું છે"

નાટક ઉત્તેજક મંડળી:— મારા લેખમા (સમયવીરનાં સ્મરણો) મેં ઇસારો કર્યો છે કે આ મંડળીના ઉપસ્થાપક મિ૦ કેખુશરૂ નવરોજજી કાબ્રાજી હતા. એઓના તંત્રમાં 'રાસ્ત ગોફ્તાર' નામનું પત્ર પણ હતું. મિ૦ કાબ્રાજી ગુજરાતી ભાષાના અભિમાની પારસી ગૃહસ્થ હતા, અને તે સાથે એમના મનમાં એવો પોતાને માટે અભિપ્રાય પણ ખરો કે મારા જેવું 'ગુજરાતી' તો ઘણા ગુજરાતી લેખકોને પણ આવડતું નથી. આરંભમાં ગુજરાતી વર્તમાન પત્ર તરીકે શુદ્ધ ગુજરાતી લખનાર 'ગુજરાતી' નામના વર્તમાન

પત્રની હસ્તી નહીં, એટલે 'રાસ્ત ગોફ્તાર' જ ખરૂં શુદ્ધ ગુજરાતી લખાણ કરે છે એમ તેઓ અંતઃકરણપૂર્વક માનતા અને કોઇ સાક્ષર ગુજરાતી લેખકના લખાણમાં પણ અમુક અમુક ભૂલો છે એમ માનતા. હવે "હરિશ્ચંદ્ર" "નળદમયંતી" વગેરે નાટકો એમને રા. રા. સાક્ષર રણછોડભાઇએ રચી આપેલાં, અને તેવા કોઇક નાટકમાં તેમણે પોતાની માન્યતા પ્રમાણે અમુક ફેરફારો કર્યા. તે વખતની ચર્ચાઓ ઉપરથી મારા જાણવામાં આવેલું કે આ ઉપરથી રા. રણછોડભાઇએ પોતાના નાટકો તેમને આપવાનુ બંધ કર્યું ને 'ગુજરાતી નાટક મંડળી' નામનું મંડળ મહા પ્રયાસે ઊભું કરીને 'લલિતા દુઃખ દર્શક' રંગભૂમિ માટે તૈયાર કરાવ્યુ. આવા સંજોગોમાં મિ. કાબ્રાજીએ કવિ પાસે 'રામ જાનકી દર્શન' રચાવ્યુ ને પ્રયોગ કર્યો આ ઉપરાંત કોઇ પણ નાટક મિ. કાબ્રાજીને કવિએ આપ્યુ નથી, ને તેમણે ભજવ્યુ પણ નથી કવિ પણ પોતાના લખાણમાં મિ. કાબ્રાજીને તો શુ પણ બીજા હરકોઈ ગુજરાતી સાક્ષરને પણ અક્ષર માત્રા સુદ્ધાંનો ફેરફાર કરવા દે એવા હતા નહી, ને મિ. કાબ્રાજીનો પોતાને માટે અભિપ્રાય જુદીજ જાતનો હતો, એટલે પરસ્પર સમજી ગયા કે આ જાતના સંબંધ નીભા શકે એમ નથી. સારાંશ કવિએ બીજુ નાટક મિ. કાબ્રાજીને આપ્યું પણ નથી, ને મિ. કાબ્રાજીએ તેવી ઇચ્છા પણ દર્શાવી નહતી

ત્યાર પછી કવિએ દ્રોપદી દર્શન—અને સારશાકુંતલ એ બે નાટકો 'આર્યનીતિ દર્શક' નામના બીજા ગુજરાતી મંડળ માટે બનાવ્યાં

ને તેના પ્રયોગો અનેકવાર ' ગુજરાતી નાટક મંડળી ' નાજ સમયમાં થયા ને બહુ સારી રીતે લોકમાં પ્રશંસા પામ્યા, આ ઉપરથી એક નવું મંડળ ગુજરાતી કચ્છીઓનું ઊભું થયું, ને તેમણે ' બાળકૃષ્ણ વિજય ' રચાવીને તેના પ્રયોગો કર્યા. આ છેલ્લા મંડળનું, કેટલાક કારણોને લીધે, બહુ લાંબુ આયુષ્ય થયું નહી. સારાંશમાં એમ છે કે ' નાટક ઉત્તેજક મંડળી ' જે પારસીઓનું મંડળ હતુ તેને તો કવિએ માત્ર ' રામજાનકી દર્શન ' જ આપેલું

૨— ' **સર્વાનુભવરસિક** ' અને ' **સ્વાનુભવરસિક** ':— આવા બે ભેદ પાશ્ચાત્ય નાટયશાસ્ત્ર ને કવિતાના વર્ગને કસોટી ગણી રા. નવલરામ, કવિની અને બીજા પ્રાચીન ગુજરાતી કવિઓની તુલના કરે છે. અને તે વિચારના પ્રવાહમાં નર્મદાશંકર સર્વાનુભવરસિક નહતા માટે તેમનું નાટક લખવામાં કવિત્વ સિદ્ધિ પામતુ નથી એવા આશયનો મત બાંધે છે હવે Subjective અને Objective poetry જેવા વર્ગ આપણા સાહિત્યમાં દાખલ કરવાનું માન, તેમજ તેને માટે ' સ્વાનુભવરસિક ' ને સર્વાનુભવરસિક' એવા વિચિત્ર શબ્દોને જન્મ આપવાનુ માન પણ હાલના અંગ્રેજી ભણેલા પંડિતોનેજ આપવાનું છે. એમાં કોઇનો દાવો ચાલી શકે એમ નથી. બીજા કોઈ વળી ' સ્વલક્ષી ' ને ' પરલક્ષી ' એવા શબ્દો યોજે છે. રા. નરસિંહરાવે કે બીજા કોઇક સાક્ષરે એ શબ્દો સંબંધે ચર્ચા પણ ઉઠાવેલી એવું ઝાંખું સ્મરણ મને છે, અને ક્યિા શબ્દો યોગ્ય છે એવા નિર્ણય ઉપર આવેલા કે નહી તે જાણવામાં નથી. રા. નવલરામભાઇ જેવા ગુજરાતી સાહિત્યના ટીકાકાર થયા નથી,

અત્યારે છે પણ નહીં એ નિર્વિવાદ છે, છતાં તેઓની બધીજ ટીકા વેદવાક્યરૂપ માનવી, ને તેમનો મત સર્વાંશે સત્યસ્વરૂપ છે એમ સ્વીકારવું એ તો કોઈ પણ વિદ્વાન્ અંગીકાર કરી શકે નહી. પ્રસ્તુતમાં પણ મુખ્ય વાત એ છે કે આપણા પ્રાચીન કે અર્વાચીન કવિઓના કાવ્યમાં મુખ્ય તંતુ ઈશ્વરભક્તિનોજ હોય છે. જેથી ખાસમાં ખાસ બાહ્ય વર્ણનોમાં છેવટે કે ગમે ત્યાં આતર સ્થિતિના તંતુઓનો ઝણઝણાટ થઈ જાય છે. માટે આપણા કવિઓમાં આ

Subjective, Objective નો ભેદ in kind નથી પણ in degree હોય છે, વસ્તુગત ભેદ નથી. પ્રમાણગત ભેદજ છે. નર્મદનીજ બાબતમાં રા. નવલરામભાઈને જો કોઈએ પૂછ્યુ હોત કે ‘કબીર વડ’ ‘નર્મટેકરી’નું વર્ણન,’ છુટા છુટાં પ્રવાસ વર્ણનો, ‘રૂદનરસિક’ આગગાડીનાં વર્ણનો ઈત્યાદિ અનેક કાવ્યોને નર્મ સ્વાનુભવ રસિક એટલે Subjective કહેશો કે? અને એનો શો ઉત્તર મળતે ને વિચારવા યોગ્ય થઈ પડતે. પ્રેમાનંદ ‘સર્વાનુભવ-રસિક’ હોવાથી એ વિષયમા ચઢે છે એવુ પણ નવલરામભાઈ લખે છે દિલગીરી એટલીજ છે કે નવલરામભાઈના સમયમાં પ્રેમા-નંદના નામથી ઓળખાવવામાં આવતાં પેલા બે ચાર નાટકો પ્રસિદ્ધ થયા નહીં; જો થયાં હોત તો પછી નવલરામભાઈ એ નાટકને માટે અથવા પ્રેમાનંદને માટે શો અભિપ્રાય કે વિવેચનરૂપ ટીકા કરતે તે પણ જરા આનંદપ્રદ થઇ પડતે. અમને તો ભય રહે છે કે હજી એવાં પ્રેમાનંદ કે શામળને નામે પાંચ સાત નાટકો કાં નહીં નીકળી પડે? પછી ગુજરાતી સાહિત્યમાં નાટકોની સંખ્યા કાંઇક સ્પર્ધામાં ઉતરવા જેવી થાય ખરી, ને તેમાંજ આપણું અહોભાગ્ય છે.

૩—સુધારો ને સુધારાવાળા: —'સુધારાવાળા' ખોટા માટે 'સુધારો' ખોટો એમ કવિએ માન્યું નથી. અથવા માન્યું હોય તો બહુ જબરી ભૂલ કરી છે એમ પાછળના કેટલાક સમાધાનીઓ દર્શાવવા મથન કરે છે. આમાં બીજી વાતનોજ આપણે વિચાર કવિના લેખો ઉપરથી કરીશું. સુધારાવાળા 'ખોટા માટે' 'સુધારો' ખોટો એમ તો આપણે સ્વીકારી શકીએ નહીં જોકે અત્યારે સુધારાવાળા તો એમજ ન્યાય લઈ બેઠા છે. માંત્રિકો, ઉપાસકો ખોટા માટે મંત્ર ઉપાસના ખોટાં, જ્યોતિષીઓ ખોટા માટે જ્યોતિઃશાસ્ત્ર ખોટું; પૌરાણિકો ગપ્પાં મારનાર માટે પુરાણ પોતેજ ગપ્પાં! આમ પગલે પગલે ખાડામાં ઝોકાવનાર સુધારાવાળા ખોટા હોય એમાં વિવાદ હોયજ નહીં. પણ જરા શાન્તિ ને ધૈર્યથી તથા વિવેકબુદ્ધિનો પ્રદીપ જાગ્રત રાખી કવિનો ધર્મવિચાર વાંચનારને સ્પષ્ટ જણાશે કે કવિની માન્યતા એવીજ થયલી કે સુધારાવાળાએ ડોહોળેલા સુધારાજ ખોટા હતા. વર્ણવ્યવસ્થા, જ્ઞાતિવ્યવસ્થા, મૂર્તિપૂજા, શિષ્ટાચાર, સ્ત્રી પુરૂષના પારસ્પરિક સંબંધ ને સ્થિતિ, સ્ત્રીસ્વાતંત્ર્ય, વિધવા વિવાહ વગેરે દરેક વિષયના સુધારા પર કવિએ છચોક વિરૂદ્ધતા બતાવી છે અને તેને માટે એકલો 'ધર્મવિચાર'જ વાંચવો બસ છે. અવતરણો એટલાં બધાં થઈ પડે કે આવા અનુપૂરક લેખમાં તે લખવું અસ્થાને છે.